અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 19 ઓક્ટોબર 2026 સોમવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, આસો સુદ - 8 | અંક : 110 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 ફ્રાન્સમાં રાષ્ટ્રપતિ ભવનથી 400 મીટર દૂર હિંસક પ્રદર્શન: 143 વર્ષ જૂની ઐતિહાસિક ઈમારત સળગાવી

4  ફ્રીડમ ફ્યૂઅલ : ભારતને દબાવવા અમેરિકાની નૈતિકતાનો નફ્ફટ નાચ

6 રણજી ટ્રોફી રમવા ઉતર્યા શુભમન ગિલ પરંતુ 1 રનમાં જ સ્પિનરે બોલ્ડ માર્યો

7  અંબાણી સાથે જામનગરમાં મુલાકાત કરશે અમેરિકી મંત્રી: ટેક્સાસ રિફાઇનરીમાં રિલાયન્સના રોકાણ અંગે ચર્ચા શક્ય

NEWS BRIEF

કેરળના પૂર્વ મુખ્યમંત્રીને EDનું સમન્સ: ઘરે નોટિસ ચોંટાડવામાં આવી

મની લોન્ડરિંગ-ભ્રષ્ટાચાર કેસમાં બે FIR પહેલેથી નોંધાયેલી છે

કેરળના પૂર્વ CM પિનરાઈ વિજયનને શનિવારે EDએ સમન્સ મોકલ્યું. તિરુવનંતપુરમ સ્થિત ભાડાના મકાન પર સમન્સની નોટિસ ચોંટાડવામાં આવી. એજન્સીએ તેમને 23 ઓક્ટોબરે સવારે 11 વાગ્યે હાજર થઈ નિવેદન નોંધાવવા અને સંબંધિત રેકોર્ડ રજૂ કરવા કહ્યું છે. વિજયન પર બે કંપનીઓ CMRL અને એક્સાલોજિક વચ્ચે થયેલા નાણાકીય વ્યવહારોમાં ગેરરીતિનો આરોપ છે. જેમાંથી

એક કંપની એક્સાલોજિક તેમની પુત્રીની છે. વિજયન પર મની લોન્ડરિંગ અને ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો છે. આ મામલે કેરળ વિજિલન્સ એન્ડ એન્ટી-કરપ્શન બ્યુરોએ અગાઉથી જ બે FIR નોંધાવી છે. હવે આ કેસની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના હાથમાં છે.

આ પહેલાં શુક્રવારે સુપ્રીમ કોર્ટે વિજયનની તે તાત્કાલિક અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો, જેમાં તેમણે 2.78 કરોડ રૂપિયાના CMRL અને એક્સાલોજિક કેસમાં વિજિલન્સની કાર્યવાહી પર રોક લગાવવાની માગ કરી હતી. વિજયને ધરપકડની આશંકા પણ વ્યક્ત કરી હતી. CMRL (કોચીન મિનરલ્સ એન્ડ રુલાઈટ લિમિટેડ) કેરળની એક કંપની છે. એક્સાલોજિક સોલ્યુશન્સ એક IT કંપની હતી, જે પિનરાઈ વિજયનની દીકરી ટી. વીણા ચલાવતી હતી.

CJPએ કહ્યું- સૌરભ અને આશુતોષને મુક્ત કરવામાં આવે

સ્પેશિયલ કોર્ટ આજે નિર્ણય આપશે, 5 દિવસ પહેલાં જંતર-મંતર પરથી પકડાયા હતા

કોકરોચ જનતા પાર્ટી (CJP)એ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની મુક્તિની માગ કરી છે. બંને તિહાર જેલમાં પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં છે. CJPની કાનૂની ટીમે સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ જામીનદારોના દસ્તાવેજો જમા કરાવ્યા છે. બંનેની મુક્તિ અંગે રવિવારે બપોર સુધીમાં નિર્ણય આવવાની આશા છે. હકીકતમાં, પોલીસે બંનેને અન્ય CJP કાર્યકરો સાથે જંતર-મંતર ખાતેના પ્રદર્શન દરમિયાન 13 ઑક્ટોબરે પકડી લીધા હતા. ત્યારબાદ સ્પેશિયલ કોર્ટે બંનેને પાંચ દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાર જેલ મોકલી દીધા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, બંનેએ શાંતિ જાળવવાના બોન્ડનું ઉલ્લંઘન કર્યું અને જંતર-મંતરમાં પ્રવેશ કર્યો. જંતર-મંતરને તાજેતરમાં પ્રદર્શન સ્થળોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યું છે. CJPની કાનૂની ટીમના જણાવ્યા મુજબ, જામીનદાર ઉપલબ્ધ ન હોવાના કારણે સૌરવ દાસ અને આશુતોષ રાંકાને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. હવે જામીનદારોના દસ્તાવેજો રેકોર્ડ પર રજૂ કરવામાં આવ્યા છે.

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેને શનિવારે જામીન મળ્યા હતા. તેમને 50 હજાર રૂપિયાનું બેલ બોન્ડ પણ ભરવું પડ્યું હતું. દીપકેને દિલ્હી પોલીસે શુક્રવારે મોડી રાત્રે ધરપકડ કરી હતી. તેમને શુક્રવારે કનોટ પ્લેસમાં 'લહેરા દો તિરંગા' રેલી પહેલાં કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. CJPએ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને અને SIRના વિરોધમાં 10 ઓક્ટોબરે જંતર-મંતર પર પ્રદર્શનનું આહ્વાન કર્યું હતું. તે દિવસે સવારે સૌરવ દાસ અને આશુતોષ રાંકાને CJPના સ્થાપક અભિજીત દીપકેને દિલ્હી એરપોર્ટ પર ફ્લાઈટમાંથી જ પોલીસે કસ્ટડીમાં લીધા હતા. ત્રણેયને 11 ઑક્ટોબરે દિલ્હી કેન્ટની વિશેષ કાર્યકારી મેજિસ્ટ્રેટની અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેમને 50-50 હજાર રૂપિયાના જામીનપાત્ર બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યા હતા. મુક્તિની શરત મુજબ, ત્રણેયે એક વર્ષ સુધી શાંતિ જાળવી રાખવાની રહેશે અને એવું કોઈ કામ નહીં કરવું, જેનાથી શાંતિ ભંગ થાય.

ગ્વાલિયરમાં માતેલા સાંઢની જેમ બેફામ ટ્રકે મંદિરે જતા શ્રદ્ધાળુઓને કચડ્યાં, 15ના મોત

ગ્વાલિયર, તા.18

મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં નવરાત્રીના પાવન અવસરે એક મોટો અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. ગ્વાલિયરમાં શીતલા માતા મંદિરના રસ્તે જઈ રહેલા શ્રદ્ધાળુઓને ચોખા ભરેલા એક બેકાબૂ ટ્રકે કુચળી નાખ્યા હતા. આ ભયાનક દુર્ઘટનામાં 15 લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે. ગ્વાલિયરના એસએસપી ધરમવીર સિંહના જણાવ્યા અનુસાર, છિનોર તરફથી મંદિર તરફ આવતી સડક પર ભારે ઢાળ આવેલી છે. આ રસ્તા પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ છે. રાત્રે લગભગ 1:30 વાગ્યે ધાન ભરેલા એક ટ્રકને ત્યાં રોકવામાં આવ્યો હતો. પરંતુ અચાનક આ ટ્રકે પોલીસના બેરિકેડ તોડી નાખ્યા અને ઢાળમાંથી નીચે બેકાબૂ બનીને દોડી આવ્યો હતો. આ ટ્રક સીધો મંદિરની બહારની દીવાલ અને ગેટ સાથે અથડાયો હતો, જેના કારણે રસ્તા પર ચાલી રહેલા શ્રદ્ધાળુઓ ટ્રક નીચે દબાઈ ગયા હતા.

એસએસપીએ જણાવ્યું કે અત્યાર સુધી મળેલી માહિતી મુજબ કુલ 39 લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા, જેમાંથી 13 લોકોને ડૉક્ટરોએ મૃત જાહેર કર્યા છે. આ ભયાનક અકસ્માતમાં 5 થી 6 દર્દીઓને ગંભીર ઈજાઓ અને ફ્રેક્ચર થયા છે. બાકીના ઘાયલોને સામાન્ય ઈજાઓ થઈ છે અને તેમની સારવાર ચાલી રહી છે. ખાસ વાત એ છે કે આ દુર્ઘટનામાં ડ્યુટી પર તૈનાત બે પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા છે, જેમની પણ સારવાર ચાલી રહી છે.

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં અનિયંત્રિત ટ્રકની અડફેટે આવવાથી પંદર લોકોના મોતની દુર્ઘટના પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. પીએમઓએ જાહેરાત કરી છે કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ફંડમાંથી મૃતકોના પરિવારજનોને બે-બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને પચાસ-પચાસ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે, સાથે જ ઈજાગ્રસ્તોના ઝડપથી સાજા થવાની કામના કરી છે.

ગ્વાલિયરના કલેક્ટર રુચિકા ચૌહાણે જણાવ્યું કે રાત્રે લગભગ 1:30 વાગ્યે ટ્રક બેકાબૂ થવાની સૂચના મળતા જ તુરંત એમ્બ્યુલન્સ અને અન્ય વાહનોને ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા. ઘાયલોની ઈજાઓની સાચી સ્થિતિ જાણવા માટે સીટી સ્કેન અને એક્સ-રે કરવામાં આવી રહ્યા છે, જેથી યોગ્ય સારવાર મળી શકે. કલેક્ટરે જણાવ્યું કે નવરાત્રી દરમિયાન રસ્તા પર પોલીસ ચેકપોઈન્ટ અને બેરિયર્સ હાજર હોવા છતાં આ ટ્રક બેરિકેડ તોડીને મંદિરના રસ્તા સુધી કેવી રીતે પહોંચ્યો, તેની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે. ટ્રકની ટેકનિકલ તપાસ માટે આરટીઓ (RTO) ની ટીમ મોકલવામાં આવી છે. આ ટીમ એ વાતની તપાસ કરશે કે વાહનમાં કોઈ ખામી હતી કે નહીં અને ટ્રક કેવી રીતે બેકાબૂ બન્યો હતો. વહીવટી તંત્ર અકસ્માતના તમામ કારણો અને સુરક્ષા વ્યવસ્થાની ગંભીરતાથી તપાસ કરી રહ્યું છે.

કોલકાતા દુર્ગા પંડાલમાં નાસભાગમાં 19 લોકોના મોત, PM મોદી પણ દુઃખી

કોલકાતા, તા.18

દુર્ગા પૂજાના સાતમા દિવસે સપ્તમીની સાંજે કોલકાતામાં દુર્ઘટના સર્જાઈ હતી. ઉત્તર કોલકાતામાં ચોરબાગન જાહેર પૂજા મંડપનો એક ભાગ ભીડના દબાણ હેઠળ તૂટી પડ્યો, જેના કારણે નાસભાગ મચી ગઈ. અહેવાલો અનુસાર, આ અકસ્માતમાં 19 લોકો મોત થયા છે. જ્યારે બે ડઝનથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના બાદ, ચોરબાગન પૂજા સમિતિના મહાસચિવ અને અધિકારીઓએ રાજીનામું આપી દીધું હતું. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ આ મામલાની તપાસના આદેશ આપ્યા છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત દેશભરના નેતાઓએ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ ચોરબાગન પૂજા પંડાલમાં થયેલા અકસ્માતને ખૂબ જ દુ:ખદ ગણાવ્યો. તેમણે જણાવ્યું કે, 'સાંજે 7:30 થી 8:00 વાગ્યાની વચ્ચે બનેલી આ ઘટનામાં અત્યાર સુધીમાં 19 લોકોના મોત થયા છે અને 25 લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી એક કે બેની હાલત ગંભીર છે. પૂજા પંડાલમાં માઈક્રોફોન પર જાહેરાત કર્યા પછી ભાગદોડ અથવા ગૂંગળામણ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ સમયે સરકારની પ્રાથમિકતા ઘાયલોને



શ્રેષ્ઠ શક્ય સારવાર પૂરી પાડવાની અને મૃતકોના પરિવારો સાથે ઊભા રહેવાની છે.'

મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ તમામ પૂજા સમિતિઓને પોલીસને સહયોગ કરવા અને પ્રવેશ-બહાર નીકળવાની કોઈપણ સમસ્યાઓનું નિરાકરણ લાવવા અપીલ કરી. આજે યોજાનાર તેમના તમામ કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે. ઘટનાની તપાસ માટે એક તથ્ય શોધ સમિતિની રચના કરવામાં આવશે. કોલકાતા પોલીસને પૂજા સમિતિના સભ્યો અને સુરક્ષા કર્મચારીઓની પૂછપરછ કરવા અને સીસીટીવી ફૂટેજ સાચવવા સૂચના આપવામાં આવી છે. સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF), ફોરેન્સિક ટીમો અને ફાયર બ્રિગેડ ઘટનાની તપાસ કરી રહી છે. કોલકાતામાં સર્જાયેલી ભાગદોડની ઘટના પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. PMO દ્વારા જારી કરાયેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે આ ઘટનાથી અત્યંત દુઃખ થયું છે. વડાપ્રધાને આ દુર્ઘટનામાં પોતાના સ્વજનોને ગુમાવનાર પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઈજાગ્રસ્તોના ઝડપથી સાજા થવાની કામના કરી છે.

મણિપુરમાં કુકી-નાગા સમુદાયો વચ્ચે ગોળીબાર, 1નું મોત.....

- 4 ઘાયલ, મ્યાનમારના ઉગ્રવાદીઓ પર હુમલાનો આરોપ, 8 મહિનામાં 50થી વધુનાં મોત

કામજોંગ, તા.18

મણિપુરના કામજોંગ જિલ્લામાં આવેલા ચસ્સાદ ગામમાં શનિવારે કુકી અને નાગા સમુદાયોના હથિયારધારી જૂથો વચ્ચે ગોળીબાર થયો. તેમાં એક વ્યક્તિનું મોત થયું, જ્યારે ચાર લોકો ઘાયલ થયા. પોલીસ અધિકારીઓએ આ માહિતી આપી.

સ્થાનિક લોકોએ આરોપ લગાવ્યો કે હુમલા પાછળ નેશનલ સોશ્યલિસ્ટ કાઉન્સિલ ઑફ નાગાલેન્ડ-ઈસાક મુઈવા (NSCN-IM) અને મ્યાનમારના તાંગખુલ ઉગ્રવાદીઓનો હાથ હતો. જોકે, આ આરોપોની હજુ સુધી પુષ્ટિ થઈ નથી.

મીડિયા અહેવાલો અનુસાર, ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં 50થી વધુ નાગરિકો માર્યા ગયા છે. તેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, શનિવારે બપોરે લગભગ 2:30 વાગ્યે બંને પક્ષો વચ્ચે ગોળીબાર શરૂ થયો, જે સાંજ સુધી ચાલુ રહ્યો. તેમાં ગામના વડા થાંગજાહૌ હાઓકિપ સહિત ખાઈલુન હાઓકિપ, સેઈખોહૌ હાઓકિપ, હેગિન હાઓકિપ અને સેઈપાઓ હાઓકિપ ઘાયલ થયા.

અસમ રાઈફલ્સના જવાનોએ તમામ ઘાયલોને બચાવીને અર્ધસૈનિક દળની હોસ્પિટલમાં દાખલ કર્યા. જોકે, સારવાર દરમિયાન સેઈખોહૌ હાઓકિપનું મૃત્યુ થયું. બાકીના ઘાયલોની સારવાર ચાલુ છે.

કમિટી ઑન ટ્રાઈબલ યુનિટી (CoTU)એ ચસ્સાદ ગામ પર થયેલા હુમલાની નિંદા કરી છે. સંગઠને રાજ્ય સરકાર પાસે વિસ્તારમાં કેન્દ્રીય સુરક્ષા દળોને તહેનાત કરવાની માંગ કરી છે. આ મામલે સરકાર તરફથી હજુ સુધી કોઈ નિવેદન આવ્યું નથી.

કાંગપોકપી જિલ્લામાં 52 વર્ષીય અજિનબોઉ આરની હત્યા બાદ તેમનું કપાયેલું માથું પરત લાવવાની માંગ ઉઠી છે. નાગા સંગઠન જોઈન્ટ ટ્રાઈબ્સ કાઉન્સિલ મણિપુરે કેન્દ્ર અને રાજ્ય સરકારને 48 કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતું.

સિસ્ટમને અંધભક્ત જોઈએ, વિદ્યાર્થીઓ નહીં: રાહુલ ગાંધી

ઓડિયો સંદેશમાં MPમાં OBC અનામત અને આદિવાસી પરિવારોનો મુદ્દો ઉઠાવ્યો

ભોપાલ, તા.18

રાહુલ ગાંધીએ એક ઑડિયો મેસેજ જાહેર કરીને છેલ્લા એક મહિનાના પોતાના કાર્યક્રમો, લોકો સાથેની મુલાકાતો અને ઉઠાવવામાં આવેલા મુદ્દાઓની વિગતો જણાવી.

આમાં તેમણે મધ્ય પ્રદેશના સંદર્ભમાં 27% ઓબીસી અનામત લાગુ કરવાની માંગ અને બાલાઘાટમાં કુપોષણ તથા બીમારીને કારણે બાળકો ગુમાવનારા આદિવાસી પરિવારો સાથેની મુલાકાતનો ઉલ્લેખ કર્યો. રાહુલે ઈન્દોરમાં યોજાયેલા 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથેની વાતચીત અને હોસ્ટેલોની દુર્દશાનો મુદ્દો પણ ઉઠાવ્યો.

રાહુલ ગાંધીએ કહ્યું કે છેલ્લા એક મહિનામાં તેમનું કામ તેમને હોસ્ટેલો, ગામડાઓ અને રાજધાનીઓ સુધી લઈ ગયું. ઈન્દોરમાં વિદ્યાર્થીઓ સાથેની વાતચીતનો ઉલ્લેખ કરતાં તેમણે આરોપ લગાવ્યો કે આરએસએસ અને ભાજપના નેતૃત્વ હેઠળનું એક જૂથ દેશની સંસ્થાઓ પર કબજો જમાવી રહ્યું છે. તેમણે કહ્યું, "સિસ્ટમને અંધભક્તો જોઈએ છે, વિદ્યાર્થીઓ નહીં."

રાહુલે જણાવ્યું કે ઈન્દોરમાં વિદ્યાર્થીઓ સાથે સત્ય નિકેતનની દુર્ઘટના, શિક્ષણ બજેટમાં કાપ અને હોસ્ટેલની અછત વચ્ચેના સંબંધ અંગે ચર્ચા થઈ. વિદ્યાર્થીઓએ પરીક્ષામાં કથિત અનિયમિતતાઓ અને પાયાની સુવિધાઓના અભાવ જેવી સમસ્યાઓ જણાવી.

તેમણે મહારાષ્ટ્રના નાસિકમાં ભૂખ હડતાળ કરી રહેલા આદિવાસી વિદ્યાર્થીઓ સાથે મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો. રાહુલના જણાવ્યા મુજબ, તેમણે હોસ્ટેલના નિયમો અને પરિસ્થિતિઓ અંગે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખ્યો હતો. તેમણે એમપીએસસી પરીક્ષામાં કથિત અનિયમિતતાઓ અને પેપર લીક સામે પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને સમર્થન આપવાની વાત પણ કહી.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે ઈન્દોરના કાર્યક્રમ બાદ તેમણે મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવને પત્ર લખીને 27% ઓબીસી અનામત સંપૂર્ણપણે લાગુ કરવાની માંગ કરી. તેમણે બાલાઘાટમાં એવા આદિવાસી પરિવારો સાથે મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો, જેમણે કુપોષણ અને બીમારીને કારણે પોતાના બાળકો ગુમાવ્યા હતા. રાહુલે કહ્યું કે કેટલાક દુઃખ એવા હોય છે, જેના સામે શબ્દો પણ ઓછા પડી જાય છે. તેમના મુજબ, બાલાઘાટમાં તેમનું કામ માત્ર લોકોની પીડા સાંભળવાનું હતું. રાહુલે દિલ્હીની બેલા એસ્ટેટ ઝૂંપડપટ્ટીની મુલાકાતનો ઉલ્લેખ કરતાં દાવો કર્યો કે એસઆઈઆર બાદ 729માંથી 728 લોકોએ પોતાનો મત આપવાનો અધિકાર ગુમાવી દીધો. તેમણે કહ્યું કે નિષ્પક્ષ પરીક્ષાઓની માંગ કરી રહેલા પ્રદર્શનકારીઓએ તેમને પોલીસ કાર્યવાહી અને ગોળીબારનો સામનો કરવો પડ્યો હોવાનું જણાવ્યું. રાહુલે એક પ્રેસ કોન્ફરન્સનો ઉલ્લેખ કરતાં કહ્યું કે વોટ ચોરીથી કાયદાની ચોરી અને ત્યારબાદ સંસ્થાઓ પર કબજો કરવાની સ્થિતિ ઊભી થાય છે. તેમણે તેને બંધારણ પરનો હુમલો ગણાવ્યો અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી. રાહુલે 30 સપ્ટેમ્બરે નવી દિલ્હીના કૉન્સ્ટિટ્યુશન ક્લબમાં ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ સાથે યોજાયેલી બેઠકનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે તેમાં દરેક ભારતીયના મતદાનના અધિકારની રક્ષા કરવાના ઉપાયો પર ચર્ચા થઈ. આ ઉપરાંત રાયબરેલીમાં બેઠકમાં વિકાસ કાર્યોની સમીક્ષા, મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે મુલાકાત અને મહાત્મા ગાંધીની જન્મજયંતિ પર રાજઘાટ જઈને શ્રદ્ધાંજલિ આપવાનો પણ ઉલ્લેખ કર્યો.

સાબરમતી રેલ્વે સ્ટેશન પર મોનીટરીંગ સેલના દરોડામાં વિદેશી દારૂ જપ્ત કરાયો

અમદાવાદ, તા.18

અમદાવાદમાં દારૂબંધી હોવા છતાં વિદેશી દારૂની હેરાફેરી માટે બુટલેગરો દ્વારા હવે રેલવે માર્ગનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોવાનો ખુલાસો થયો છે. રાજસ્થાનથી ટ્રેન મારફતે વિદેશી દારૂનો જથ્થો અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન સુધી લાવવામાં આવતો હતો અને ત્યાંથી સ્થાનિક બુટલેગરો સુધી પહોંચાડવામાં આવતો હોવાની માહિતી સામે આવી છે. સ્ટેટ મોનિટરિંગ સેલને મળેલી બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન દારૂની હેરાફેરીના આ નેટવર્કનો પર્દાફાશ થયો હતો. પોલીસે સાબરમતી રેલવે સ્ટેશન પરથી વિદેશી દારૂ અને બિયરની કુલ 750 બોટલ સાથે નવ શખ્સોને ઝડપી લીધા હતા. આ મામલે પૂછપરછ દરમિયાન રાજસ્થાનથી નિયમિત રીતે દારૂનો જથ્થો મોકલવામાં આવતો હોવાની વિગતો સામે આવી હતી. હેરાફેરીમાં રેલવે પોલીસની સંડોવણી હોવાની આશંકા ઊભી થતાં આ સમગ્ર

મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓને બાતમી મળી હતી કે રાજસ્થાનથી સાબરમતી રેલવે સ્ટેશન પર ટ્રેન મારફતે વિદેશી દારૂનો મોટો જથ્થો લાવવામાં આવે છે. ત્યારબાદ દારૂ ભરેલા થેલા અને બેગમાંથી જથ્થો ઉતારીને અમદાવાદના સ્થાનિક બુટલેગરોને સપ્લાય કરવામાં આવે છે. આ કામગીરી લાંબા સમયથી વ્યવસ્થિત રીતે ચાલી રહી હોવાની માહિતી મળતાં અધિકારીઓએ બાતમીના આધારે વોચ ગોઠવી હતી. વહેલી સવારે સાબરમતી રેલવે સ્ટેશન પર આવેલી ભગત કી કોઠી-હપ્સર ટ્રેનમાંથી ઉતરેલા કેટલાક મુસાફરોની હિલચાલ શંકાસ્પદ જણાતાં પોલીસ દ્વારા તેમના પર નજર રાખવામાં આવી હતી. ટ્રેનમાંથી ઉતરેલા શખ્સો પ્લેટફોર્મ નંબર એક પાસે પહોંચ્યા હતા, જ્યાં દારૂ ભરેલા થેલા અને બેગમાંથી જથ્થો ઉતારવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડતાં સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પોલીસે રાજસ્થાનથી દારૂનો જથ્થો લઈને આવેલા ચાર શખ્સો અને અમદાવાદમાંથી દારૂનો જથ્થો લેવા પહોંચેલા અન્ય પાંચ શખ્સોને ઝડપી લીધા હતા. તપાસ દરમિયાન તેમની પાસેથી વિદેશી દારૂ અને બિયરની કુલ 750 બોટલ મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો કબજે કરીને આરોપીઓની પૂછપરછ હાથ ધરી હતી.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં આ હેરાફેરી કોઈ એક દિવસની ઘટના નહીં, પરંતુ નિયમિત રીતે ચાલતી વ્યવસ્થાનો ભાગ હોવાની વિગતો સામે આવી હતી. તપાસમાં જાણવા મળ્યા મુજબ, રાજસ્થાનથી ટ્રેન મારફતે દારૂ મોકલવામાં આવતો હતો અને અમદાવાદમાં તેના જથ્થાની ડિલિવરી લેવા માટે સ્થાનિક શખ્સો રેલવે સ્ટેશન પર પહોંચતા હતા. આ રીતે ટ્રેનમાં મુસાફરી કરતા કેરિયરો મારફતે દારૂનો જથ્થો અમદાવાદ સુધી લાવવામાં આવતો અને ત્યારબાદ તેને અલગ-અલગ બુટલેગરો સુધી પહોંચાડવામાં આવતો હતો. આ પદ્ધતિનો ઉપયોગ કરીને દારૂની હેરાફેરી કરવામાં આવતી હોવાની વિગતોને પગલે તપાસ એજન્સીઓ હવે સમગ્ર નેટવર્કની કડીઓ જોડવાનો પ્રયાસ કરી રહી છે.

આ કેસમાં રાજસ્થાનના પાલીમાં રહેતા આકાશ સાંસી અને સુનિલ સાંસી નામના બે બુટલેગરોનાં નામ પણ સામે આવ્યાં છે. પ્રાથમિક પૂછપરછમાં મળેલી વિગતો અનુસાર, આ બંને શખ્સો રાજસ્થાનથી અમદાવાદ તરફ દારૂ મોકલવાની વ્યવસ્થા કરતા હતા. દારૂનો જથ્થો પહોંચાડવા માટે કેરિયરોનો ઉપયોગ કરવામાં આવતો હતો અને તેમને એક ફેરાના એક હજાર રૂપિયા ચૂકવવામાં આવતા હતા. તપાસમાં મોટાભાગના કેરિયરો દરરોજ આ કામગીરી માટે આવતા હોવાની માહિતી પણ સામે આવી છે. આથી રાજસ્થાનથી અમદાવાદ સુધી દારૂ પહોંચાડવા માટે નિયમિત પરિવહન વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સામાન્ય રીતે દારૂની હેરાફેરીમાં રસ્તા માર્ગે વાહનોનો ઉપયોગ થતો હોવાની ઘટનાઓ સામે આવતી હોય છે, પરંતુ આ કિસ્સામાં રેલવે માર્ગનો ઉપયોગ કરીને દારૂનો જથ્થો અમદાવાદ સુધી પહોંચાડવામાં આવતો હોવાની વિગતો સામે આવી છે.

અમદાવાદમાં ગરબાના બનાવટી પાસ મોકલવાના કૌભાંડમાં આંતરરાજ્ય ગેંગની સંડોવણી.....

અમદાવાદ, તા.18

નવરાત્રીના પવિત્ર પર્વ દરમિયાન અમદાવાદ સહિત રાજ્યના વિવિધ મોટા શહેરોમાં આયોજિત થતા પ્રખ્યાત અને ભવ્ય ગરબા મહોત્સવની ઓનલાઈન બોગસ ટિકિટો વેચીને ખેલૈયાઓ સાથે મોટાપાયે આચરવામાં આવેલા છેતરપિંડીના કૌભાંડમાં એક અત્યંત ચોંકાવનારો ખુલાસો થયો છે. અમદાવાદ સાયબર ક્રાઈમ સેલ દ્વારા શરૂ કરવામાં આવેલી ઊંડાણપૂર્વકની તપાસમાં આ સમગ્ર કૌભાંડ પાછળ કોઈ સ્થાનિક તત્વો નહીં પરંતુ આંતરરાજ્ય ગેંગ સક્રિય હોવાનું બહાર આવ્યું છે. આ સનસનાટીભર્યા ખુલાસા બાદ સાયબર ક્રાઈમ સેલે અન્ય રાજ્યોની પોલીસ સાથે તાત્કાલિક સંકલન સાધીને વિવિધ ટીમો બનાવી કૌભાંડીઓને દબોચી લેવા માટે વ્યાપક કાર્યવાહી શરૂ કરી દીધી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, નવરાત્રીના તહેવારનો ગેરલાભ ઉઠાવીને આ સાયબર ઠગ ટોળકી ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખૂબ જ સક્રિય થઈ ગઈ હતી. આ ગઠિયાઓ જાણીતા અને મોટા ગરબા આયોજનોની પાસ કે ટિકિટો ખૂબ જ નીચા અને આકર્ષક ભાવે ઉપલબ્ધ હોવાની ખોટી જાહેરાતો મુકતા હતા. ગરબા રમવાના ઉત્સાહમાં આવીને અનેક નિર્દોષ લોકો આ આકર્ષક

અફવાઓ અને ખોટી વાતોની જાળમાં ફસાઈ ગયા હતા. લોકોનો વિશ્વાસ જીતવા માટે આ સાયબર ગુનેગારો અત્યંત ચાલાકીપૂર્વક કામ કરતા હતા. તેઓ જ્યારે પણ કોઈ વ્યક્તિ પાસેથી ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરાવી લેતા, ત્યારે તરત જ તેમને પ્રોફેશનલ જેવો જ બનાવટી ઈ-મેઈલ મોકલી આપતા હતા જેથી ખરીદનારને ટિકિટ કન્ફર્મ થઈ ગઈ હોવાનો પૂરો ભરોસો બેસી જતો હતો. જોકે, આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ઉત્સાહિત ખેલૈયાઓ નવરાત્રીની રાત્રે ગરબાના મૂળ સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં પ્રવેશ દ્વાર પર જ્યારે ટિકિટ ચેક કરવામાં આવી ત્યારે આ ટિકિટો સાવ નકલી હોવાનું માલૂમ પડ્યું હતું. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં જ અનેક લોકોના પગ તળેથી જમીન ખસી ગઈ હતી અને તહેવારનો આનંદ માતમમાં ફેરવાઈ ગયો હતો. આ રીતે મોટી રકમ ગુમાવનારા અનેક પીડિતોએ તુરંત જ સાયબર ક્રાઈમ સેલનો સંપર્ક કર્યો હતો અને આ અંગે વિધિવત ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ મળતા જ સાયબર ક્રાઈમ સેલે આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી હતી. ટેકનિકલ એનાલિસિસ, આઈપી એડ્રેસ, બેંક એકાઉન્ટની વિગતો તેમજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પરથી મળેલા ડિજિટલ પુરાવાઓની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તમામ ટેકનિકલ તપાસના આધારે પોલીસને મજબૂત સુરાગ મળ્યા હતા કે આ કૌભાંડનું મુખ્ય નેટવર્ક રાજસ્થાન તેમજ આસપાસના અન્ય રાજ્યોમાંથી સંચાલિત થઈ રહ્યું છે. આંતરરાજ્ય મોડસ ઓપરેન્ડી હોવાનું સ્પષ્ટ થતાં જ અમદાવાદ સાયબર ક્રાઈમ સેલની અલગ-અલગ વિશેષ ટીમો બનાવવામાં આવી છે.

ગાંધીનગરના સરગાસણમાં પિતા-પુત્રીને છ દિવસ સુધી ડીજીટલ એરેસ્ટ કરીને લાખોની છેતરપિંડી

ગાંધીનગર, તા.18

ગાંધીનગરના પોશ વિસ્તાર ગણાતા સરગાસણ ખાતે આવેલા મેઘ મલ્હાર રેસિડેન્સીમાં રહેતા ૮૬ વર્ષીય વડીલ અને તેમની પુત્રી સાથે આચરવામાં આવેલી છેતરપિંડીની એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી નાખે તેવી ઘટના સામે આવી છે. સાયબરસૂત્રો દ્વારા આચરવામાં આવેલા આ સાયબર ફ્રોડમાં ડિજિટલ અરેસ્ટ જેવા ગંભીર ભયનો સહારો લઈને વડીલ અને તેમની પુત્રીને સતત છ દિવસ સુધી ઓનલાઈન કેદમાં રાખીને લાખો રૂપિયા પડાવી લેવામાં આવ્યા છે. આ ગંભીર બનાવ અંગે ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ સમગ્ર રાજ્યમાં ભારે ચકચાર મચી ગઈ છે અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા સામે મોટા સવાલો ઉભા થયા છે.

ઘટનાની વિગતવાર વાત કરીએ તો, સરગાસણની મેઘ મલ્હાર રેસિડેન્સીમાં પોતાના પરિવાર સાથે શાંતિપૂર્વક જીવન વિતાવતા ૮૬ વર્ષના અમૃતભાઈ પરમાર પર અચાનક જ આફતોનો તૂટી પડ્યો હતો. તેમને થોડા દિવસો પહેલા એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર શખ્સે અત્યંત રોફ જમાવતા પોતાની ઓળખ ટેલિકોમ

ઓથોરિટીના ઉચ્ચ અધિકારી તરીકે આપી હતી. તેણે અમૃતભાઈને ડરાવતા કહ્યું હતું કે તમારા નામે એક નવું સિમ કાર્ડ ગેરકાયદેસર રીતે ખરીદવામાં આવ્યું છે અને આ જ નંબરનો ઉપયોગ કરીને પોર્નોગ્રાફીના અસંખ્ય અશ્લીલ વિડીયો તેમજ ગંભીર ધમકીભર્યા મેસેજો મોકલવાના ગુનાહિત કેસો નોંધાયા છે. આટલું જ નહીં, ઠગે વધુમાં એવો પણ આક્ષેપ કર્યો હતો કે તમારા આધાર કાર્ડનો દુરુપયોગ કરીને એક ગુપ્ત બેંક ખાતું પણ ખોલવામાં આવ્યું છે, જેમાં બે કરોડ રૂપિયા જેટલી માતબર કાળા નાણાંની રકમ જમા થયેલી છે અને આ ગંભીર મામલે સીબીઆઈ દ્વારા કાનૂની કેસ પણ નોંધી દેવામાં આવ્યો છે.

આ પ્રાથમિક ધાકધમકી બાદ મામલો વધુ ગંભીર બતાવવા માટે સાયબર ગઠિયાઓએ પોતાની ચાલ વધુ તેજ કરી હતી. થોડી જ વારમાં અન્ય એક મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો, જેમાં સામેવાળાએ દાવો કર્યો હતો કે તમારી તમામ ચરાચર મિલકતો સરકાર દ્વારા જપ્ત કરી લેવામાં આવશે અને તાત્કાલિક ધોરણે તમને ડિજિટલ અરેસ્ટ કરવામાં આવે છે. વડીલને વધુ માનસિક દબાણમાં લાવવા માટે આ ઠગોએ વોટ્સએપ પર અત્યંત ચાલાકીપૂર્વક બનાવટી ડિજિટલ અરેસ્ટ લેટર, નકલી એફઆઈઆર તેમજ સુપ્રીમ કોર્ટના નામે બનાવવામાં આવેલા ખોટા આદેશો અને સત્તાવાર દસ્તાવેજો પીડીએફ ફોર્મેટમાં મોકલી આપ્યા હતા. આ તમામ કાગળો અને કાયદાકીય ભાષા જોઈને ૮૬ વર્ષીય અમૃતભાઈ માનસિક રીતે સંપૂર્ણપણે ભાંગી પડ્યા હતા અને અત્યંત ગભરાઈ ગયા હતા.

પોતાના વૃદ્ધ પિતાની આ હીન અને ડામાડોળ સ્થિતિ જોઈને તેમની પુત્રી મીરાએ વચ્ચે આવીને મામલો સમજવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ આ સાયબર ઠગોએ પિતાની સાથેસાથે પુત્રી મીરાને પણ પોતાની જાળમાં ફસાવી દીધી હતી. ઠગોએ મીરાને પણ ધમકી આપી હતી કે તમે બંને પિતા-પુત્રી હવે સતત છ દિવસ સુધી અમારી નજર હેઠળ ડિજિટલ અરેસ્ટ જ રહેશો. આ નકલી તપાસ અધિકારીઓએ તેમને સતત છ દિવસ સુધી વિડીયો કોલના માધ્યમથી ઓનલાઈન કનેક્ટ કરીને રાખ્યા હતા અને એક ક્ષણ માટે પણ ફોનમાંથી બહાર ખસવા દીધા ન હતા.

નવરાત્રિમાં ઓનલાઇન કેબ-રિક્ષામાં નફાખોરી, ભાડામાં અઢીથી ત્રણ ગણો વધારો, નોકરિયા-વિદ્યાર્થીઓ પરેશાન

અમદાવાદ, તા.18

અમદાવાદમાં નવરાત્રિના તહેવાર દરમિયાન રિક્ષા અને ઓનલાઈન ટેક્સીના ભાડામાં મોટો વધારો થતાં સામાન્ય મુસાફરોના ખિસ્સા પર વધારાનો બોજ પડ્યો છે. એક તરફ ઓગસ્ટ મહિનામાં સત્તાવાર રીતે રિક્ષા-ટેક્સીના ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો, જેના કારણે મુસાફરો પહેલેથી જ મોંઘી મુસાફરીનો સામનો કરી રહ્યા છે. ત્યારે નવરાત્રિ દરમિયાન ગરબા રમવા જતાં ખેલૈયાઓ, નોકરી કરતા લોકો અને વિદ્યાર્થીઓને મુસાફરી માટે વધુ નાણાં ખર્ચવાની ફરજ પડી રહી છે. સામાન્ય દિવસોમાં જે અંતર કાપવા માટે 100થી 150 રૂપિયા ચૂકવવા પડતા હતા, તે જ અંતર માટે હવે 200થી 250 રૂપિયા સુધીનું ભાડું ચૂકવવું પડતું હોવાની ફરિયાદો સામે આવી રહી છે. કેટલીક રાઈડમાં કિલોમીટર દીઠ 28થી 32 રૂપિયા સુધી વસૂલવામાં આવતા હોવાની પણ ચર્ચા છે.

નવરાત્રિ દરમિયાન અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ગરબાના આયોજનોને કારણે રાત્રિના સમયે લોકોની અવરજવર

વધી જાય છે. સાંજ પડતાં જ ગરબાના મેદાનો, પાર્ટી પ્લોટ, ક્લબ અને જાહેર ગરબા સ્થળો તરફ જવા માટે લોકો ઓનલાઈન કેબ અને રિક્ષાનું બુકિંગ કરાવે છે. ખાસ કરીને રાત્રિના પિક અવર્સમાં એકસાથે મોટી સંખ્યામાં લોકો મુસાફરી માટે વાહનો શોધતા હોવાથી રાઈડની માંગમાં વધારો થાય છે. આ સ્થિતિમાં ઓનલાઈન કેબ સેવાઓમાં માંગ આધારિત ભાડાની વ્યવસ્થાને કારણે મુસાફરીના ખર્ચમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. પરિણામે ગરબા રમવા જવા અને મોડી રાત્રે ઘરે પરત ફરવા માટે પણ લોકોને સામાન્ય દિવસોની સરખામણીએ બમણાં નાણાં ખર્ચવાની નોબત આવી રહી છે.

મુસાફરોના જણાવ્યા અનુસાર, અગાઉ ટૂંકા અંતરની મુસાફરી માટે 100થી 150 રૂપિયામાં મળી જતી રાઈડ માટે હવે 200થી 250 રૂપિયા સુધીનું ભાડું દર્શાવવામાં આવે છે. રાત્રિના સમયે માંગ વધતાં કેટલીક રાઈડમાં ભાડું અઢીથી ત્રણ ગણું થઈ જતું હોવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. ખાસ કરીને ગરબા પૂર્ણ થયા બાદ એકસાથે મોટી સંખ્યામાં લોકો ઘરે જવા માટે ઓનલાઈન બુકિંગ કરતા હોવાથી વાહનોની ઉપલબ્ધતા અને ભાડા બંને મુસાફરો માટે મુશ્કેલી ઊભી કરે છે. ઘણા મુસાફરોને વધુ ભાડું ચૂકવવું પડે છે, જ્યારે કેટલાકને લાંબા સમય સુધી બુકિંગ સ્વીકારાય તેની રાહ જોવી પડે છે.

ભાડામાં વધારાની અસર માત્ર ગરબા રમવા જતાં લોકો પૂરતી સીમિત રહી નથી. રાત્રિના સમયે નોકરી પરથી ઘરે પરત ફરતા કર્મચારીઓ, વહેલી સવારે કામે જતાં લોકો અને અભ્યાસ માટે અવરજવર કરતા વિદ્યાર્થીઓને પણ વધારાનો ખર્ચ સહન કરવો પડી રહ્યો છે. ખાસ કરીને જાહેર પરિવહનના વિકલ્પો મર્યાદિત હોય અથવા રાત્રિના સમયે બસ અને અન્ય સેવાઓની ઉપલબ્ધતા ઓછી હોય તેવા સંજોગોમાં મુસાફરો પાસે ઓનલાઈન રિક્ષા કે ટેક્સીનો વિકલ્પ પસંદ કરવા સિવાય બીજો રસ્તો રહેતો નથી. આવી સ્થિતિમાં ભાડામાં અચાનક વધારો થતાં માસિક મુસાફરીના બજેટ પર પણ અસર પડે છે.

બીજી તરફ, કેટલીક રાઈડમાં ટિપ આપવાની બાબતને લઈને પણ મુસાફરોમાં નારાજગી જોવા મળી રહી છે. મુસાફરોની ફરિયાદ છે કે અમુક કિસ્સાઓમાં ચાલકો બુકિંગ સ્વીકારતા નથી અથવા રાઈડ લેવા આનાકાની કરે છે. ખાસ કરીને દર્શાવેલા ભાડા ઉપરાંત ટિપ ઉમેરવામાં આવે ત્યારે જ રાઈડ સ્વીકારવામાં આવતી હોવાની ફરિયાદો પણ સામે આવી છે. જોકે, આવી સ્થિતિ તમામ ચાલકો કે તમામ રાઈડમાં જોવા મળે છે એવું કહી શકાય નહીં, પરંતુ મુસાફરોના અનુભવને કારણે ઓનલાઈન પરિવહન સેવાઓની કાર્યપદ્ધતિ અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે. બુકિંગ સ્વીકારવામાં વિલંબ થાય અથવા વારંવાર રાઈડ રદ થાય તો મુસાફરોને ગંતવ્ય સ્થાને પહોંચવા માટે વધુ ભાડાવાળી રાઈડ પસંદ કરવાની ફરજ પડી શકે છે.

ઓગસ્ટ મહિનામાં સત્તાવાર રીતે ભાડાધારા કરવામાં આવ્યા બાદ મુસાફરીનો ખર્ચ વધ્યો હતો. હવે નવરાત્રિ દરમિયાન માંગ વધવાને કારણે ઓનલાઈન પ્લેટફોર્મ પર દર્શાવવામાં આવતા ભાડામાં વધુ વધારો થતો હોવાની ફરિયાદો મુસાફરોની મુશ્કેલીમાં વધારો કરી રહી છે. સત્તાવાર ભાડાવધારો અને ઓનલાઈન સેવાઓમાં માંગ આધારિત ભાડાવધારો બંને અલગ બાબતો છે. તેમ છતાં, મુસાફરોને અંતે ચૂકવવાની થતી કુલ રકમ વધતી હોવાથી તહેવારોની મોસમમાં મુસાફરી મોંઘી બની રહી છે. ખાસ કરીને પરિવાર સાથે ગરબા જોવા જતાં લોકો માટે આવવા-જવાનો ખર્ચ પણ નોંધપાત્ર બની જાય છે.

ગુજરાતની જાણીતી કંપની પર સાયબર હુમલો કરી હેકરે 30 કરોડની ખંડણી વસૂલી

અમદાવાદ, તા.18

ગુજરાતમાં સાયબર ક્રાઈમની એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં રાજ્યની એક પ્રતિષ્ઠિત અને જાણીતી ફાર્માસ્યુટિકલ કંપનીના કોમ્પ્યુટર નેટવર્કને નિશાન બનાવીને મોટો સાયબર એટેક કરવામાં આવ્યો છે. ચાઈનીઝ હેકર્સ દ્વારા કંપનીની સમગ્ર સિસ્ટમમાં ઘૂસણખોરી કરીને તમામ મહત્વપૂર્ણ ડેટા હેક કરી લેવામાં આવ્યો હતો અને તેના બદલામાં ૩૦ કરોડ રૂપિયાની માતબર રકમની ખંડણી વસૂલ કરવામાં આવી હોવાની વિગતો પ્રકાશમાં આવતા સમગ્ર ફાર્મા ક્ષેત્રમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ હાઈ-પ્રોફાઈલ સાયબર હુમલાના પગલે અમદાવાદના પશ્ચિમ વિસ્તારના એક પોલીસ સ્ટેશનમાં સત્તાવાર અરજી આપ્યા બાદ ઉચ્ચ સ્તરે તજવીજ હાથ ધરવામાં આવી છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય ચાઈનીઝ સાયબર ક્રિમિનલ્સે અત્યંત ચાલાકીપૂર્વક

ફાર્મા કંપનીના કોમ્પ્યુટર સિક્યોરિટી લેયરને તોડીને સિસ્ટમમાં કંટ્રોલ મેળવી લીધો હતો. હેકર્સે ખાસ કરીને કંપનીના અત્યંત સંવેદનશીલ એવા મેડિસિન મોડ્યુલ અને દવાઓના ફોર્મ્યુલેશન સહિતના અત્યંત મહત્વના ગુપ્ત ડેટા પર પોતાનો કબ્જો જમાવી લીધો હતો. ડેટા એન્ક્રિપ્ટ અને હેક થઈ જવાને કારણે કંપનીનું રોજિંદું સંચાલન અને પ્રોડક્શન સિસ્ટમ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. આ પછી સાયબર ઠગોએ કંપનીના સંચાલકોનો સંપર્ક કરીને સિસ્ટમ પૂર્વવત કરવા અને મહત્વનો ડેટા અનલોક કરવાના બદલામાં ૩૦ કરોડ રૂપિયા જેવી અધધ રકમની ખંડણીની માંગણી કરી હતી. કંપનીનો કરોડો રૂપિયાનો ડેટા અને ભવિષ્યના મોડ્યુલ દાવ પર લાગેલા હોવાથી આખરે કંપની દ્વારા ડેટા પરત મેળવવા માટે આ માતબર રકમ ક્રિપ્ટોકરન્સી વોલેટ મારફતે ટ્રાન્સફર કરીને ચુકવવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આ સમગ્ર સાયબર એટેકના મામલે અમદાવાદના પશ્ચિમ વિસ્તારના એક સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે અરજી દાખલ કરવામાં આવ્યા બાદ બાબતની ગંભીરતાને ધ્યાને રાખીને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. કરોડો રૂપિયાની ખંડણી અને ચાઈનીઝ હેકર્સની સંડોવણી હોવાના કારણે આ કેસમાં સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ તેમજ દેશના અગ્રણી સાયબર એક્સપર્ટ્સની એક ખાસ ટીમ મેદાનમાં ઉતારવામાં આવી છે. આ ટીમો દ્વારા હેકિંગના સ્ત્રોત, આઈપી એડ્રેસ અને ક્રિપ્ટો ટ્રાન્ઝેક્શનની ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસ અત્યંત સંવેદનશીલ અને રાષ્ટ્રીય સુરક્ષા તેમજ વ્યાપારી હિતો સાથે જોડાયેલો હોવાથી તપાસ એજન્સીઓ દ્વારા હાલ પૂરતી તમામ વિગતો ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી રહી છે. સાયબર નિષ્ણાતો અને તપાસ અધિકારીઓ હાલમાં હેકર્સ સુધી પહોંચવા અને ક્રિપ્ટો વોલેટમાં ટ્રાન્સફર થયેલા નાણાં આગળ મુવ થાય તે પહેલાં તેને ટ્રેક કરીને બ્લોક કરાવવા માટેની જટિલ કાનૂની અને ટેકનિકલ પ્રક્રિયામાં લાગી ગયા છે. ચાઈનીઝ હેકર્સ દ્વારા કંપનીની સમગ્ર સિસ્ટમમાં ઘૂસણખોરી કરીને તમામ મહત્વપૂર્ણ ડેટા હેક કરી લેવામાં આવ્યો હતો અને તેના બદલામાં ૩૦ કરોડ રૂપિયાની માતબર રકમની ખંડણી વસૂલ કરવામાં આવી હોવાની વિગતો પ્રકાશમાં આવતા સમગ્ર ફાર્મા ક્ષેત્રમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ હાઈ-પ્રોફાઈલ સાયબર હુમલાના પગલે અમદાવાદના પશ્ચિમ વિસ્તારના એક પોલીસ સ્ટેશનમાં સત્તાવાર અરજી આપ્યા બાદ ઉચ્ચ સ્તરે તજવીજ હાથ ધરવામાં આવી છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર, આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય ચાઈનીઝ સાયબર ક્રિમિનલ્સે અત્યંત ચાલાકીપૂર્વક ફાર્મા કંપનીના કોમ્પ્યુટર સિક્યોરિટી લેયરને તોડીને સિસ્ટમમાં કંટ્રોલ મેળવી લીધો હતો. હેકર્સે ખાસ કરીને કંપનીના અત્યંત સંવેદનશીલ એવા મેડિસિન મોડ્યુલ અને દવાઓના ફોર્મ્યુલેશન સહિતના અત્યંત મહત્વના ગુપ્ત ડેટા પર પોતાનો કબ્જો જમાવી લીધો હતો. ડેટા એન્ક્રિપ્ટ અને હેક થઈ જવાને કારણે કંપનીનું રોજિંદું સંચાલન અને પ્રોડક્શન સિસ્ટમ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી.

પત્નીના લાખો રૂપિયાના દાગીના ચોરી પતિ પ્રેમિકા સાથે ફરાર, લોનનું બહાનું કાઢીને ઘરેથી નીકળ્યો પતિ

અમદાવાદ, તા.18

અમદાવાદના સરદારનગર વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને પતિ-પત્નીના પવિત્ર સંબંધોને શર્મસાર કરતી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલો ૩૪ વર્ષીય યુવક પોતાની જ પત્નીના લાખો રૂપિયાના સોનાના દાગીના ચોરીને પ્રેમિકા સાથે ફરાર થઈ ગયો છે. લોનના કામનું ખોટું બહાનું કાઢીને ઘરેથી નીકળેલો પતિ મોડી રાત સુધી પરત ન ફરતાં ચિંતિત પત્નીએ શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પતિ અન્ય યુવતી સાથે પ્રેમસંબંધ ધરાવતો હોવાને કારણે તેની સાથે ભાગી ગયો હોવાની અને સાથે જ ઘરની તિજોરી સાફ કરી ગયો હોવાની કડવી હકીકત સામે આવતા પીડિત પત્નીએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં પોતાના જ પતિ વિરુદ્ધ ચોરી અને છેતરપિંડીની ગુનો નોંધાવ્યો છે.

ઘટનાની વિગતો અનુસાર, સરદારનગર વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં પોતાના પરિવાર સાથે રહેતી ૩૪ વર્ષીય પીડિત મહિલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેના ૩૪ વર્ષીય પતિ કન્સ્ટ્રક્શન સાઈટ અને બાંધકામના ધંધા સાથે જોડાયેલા છે. ગત ૨૪મી

સપ્ટેમ્બરના રોજ સવારના સમયે પતિએ પત્નીને બેંકમાં લોન સંબંધિત કામકાજ અર્થે જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતા. દિવસ દરમિયાન બધું સામાન્ય લાગતું હતું અને મોડી રાત્રે પતિ-પત્ની વચ્ચે ફોન પર વાતચીત પણ થઈ હતી. જોકે, ત્યારબાદ અચાનક પતિનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. પતિ મોડી રાત સુધી ઘરે ન આવતાં અને સંપર્ક વિહોણો થઈ જતાં ગભરાયેલી પત્નીએ ચિંતાતુર બનીને તાત્કાલિક એરપોર્ટ પોલીસ સ્ટેશન પહોંચીને પતિ ગુમ થયો હોવાની જાણ કરતી ગુમશુદગીની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ અને પરિવાર દ્વારા શોધખોળ ચાલુ હતી તે દરમિયાન સગાસંબંધીઓ અને અંગત સુત્રો મારફતે પત્નીને એક મોટો આંચકો લાગે તેવી માહિતી મળી હતી. પત્નીને જાણવા મળ્યું હતું કે તેનો પતિ અન્ય એક યુવતી સાથે પ્રેમસંબંધ ધરાવતો હતો અને તે પોતાની પ્રેમિકા સાથે જ ભાગી ગયો છે. આ ચોંકાવનારી વિગતો સામે આવ્યા બાદ શંકા જતાં પત્નીએ તરત જ પોતાના ઘરની તિજોરી ચકાસી હતી. તિજોરી ખોલતા જ તેના પગ તળેથી જમીન ખસી ગઈ હતી, કારણ કે તિજોરીમાં રાખેલા તમામ કિંમતી દાગીના ગાયબ હતા. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, પત્નીને પોતાના પિયર પક્ષ તરફથી તેમજ સાસરી પક્ષ તરફથી લગ્ન અને પ્રસંગોમાં ભેટ મળેલા અંદાજિત ૧૨ તોલા જેટલા સોનાના દાગીના તિજોરીમાંથી ગાયબ હતા. આ ચોરાયેલા દાગીનામાં સોનાની ચેઈન, મંગળસૂત્ર, બુટ્ટીઓ અને વીંટીઓ સહિતના કિંમતી ઘરેણાંનો સમાવેશ થતો હતો, જેની હાલની અંદાજિત બજાર કિંમત ૩,૭૧,૦૦૦ રૂપિયા થાય છે. પોતાના જ જીવનસાથી પર વિશ્વાસ મૂકનારી પત્નીને જ્યારે અહેસાસ થયો કે તેનો પતિ પોતાની પ્રેમિકા સાથે નવું જીવન શરૂ કરવા અને મોજશોખ પૂરા કરવા માટે પોતાના જ ઘરમાંથી લાખોના દાગીના ચોરી ગયો છે, ત્યારે આખરે તેને ન્યાય મેળવવા કાનૂની માર્ગ અપનાવ્યો હતો. પત્નીએ આ અંગે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં પોતાના પતિ વિશાલભાઈ વિરુદ્ધ નામજોગ ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને ફરાર પતિ અને તેની પ્રેમિકાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

PAK-અફઘાનિસ્તાન સરહદ પર ગોળીબાર: 7 પાકિસ્તાની સૈનિકોનાં મોત

ઈસ્લામાબાદ/કાબુલ, તા.18

શનિવારે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સરહદ પર ભારે ગોળીબાર થયો હતો. મીડિયા અહેવાલો અનુસાર, તેમાં 7 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે.

આ દરમિયાન, પાકિસ્તાને દાવો કર્યો છે કે જવાબી હુમલામાં ઘણા અફઘાન તાલિબાની ઉગ્રવાદીઓ માર્યા ગયા અને તેમનું એક સૈન્ય મથક નષ્ટ કરવામાં આવ્યું. બંને દેશો વચ્ચેની આ અથડામણ વિવાદિત ડ્યુરન્ડ લાઈન પર થઈ હતી.

સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ મુજબ, 2026માં અત્યાર સુધી અફઘાનિસ્તાનમાં સરહદ પારથી થતી હિંસાને કારણે 1100થી વધુ નાગરિકોના મોત થયા છે.

પાકિસ્તાને કહ્યું કે અફઘાન સરહદ રક્ષકોએ તેના ચેકપોઈન્ટ્સ પર ઉશ્કેરણી વિના ગોળીબારી કરી. બીજી તરફ, અફઘાન સુરક્ષા સૂત્રોએ પાકિસ્તાન પર સંઘર્ષ શરૂ કરવાનો અને પરવાનગી વિના સરહદી ચોકીઓ બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો.

બંને પક્ષોએ એકબીજાના સૈનિકોને નુકસાન પહોંચાડવાના દાવા કર્યા છે. અફઘાન સુરક્ષા સૂત્રોએ કહ્યું કે પાકિસ્તાની સૈનિકોએ પહેલા ગોળીબારી કરી હતી. તેમના જણાવ્યા અનુસાર, અફઘાન દળોએ જવાબી કાર્યવાહી કરી અને પાકિસ્તાની સૈન્યકર્મીઓને નુકસાન પહોંચાડ્યું.

પાકિસ્તાને તેનાથી વિપરીત કહ્યું કે અફઘાન સરહદ રક્ષકોએ ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના ઉત્તર-પશ્ચિમ કુર્રમ જિલ્લામાં તેના ચેકપોઈન્ટ્સ પર ગોળીબારી કરી.

પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓએ શનિવારે થયેલી એક અલગ ગોળીબારીમાં અનેક અફઘાન તાલિબાન ઉગ્રવાદીઓને ઠાર મારવાનો દાવો કર્યો. તેમણે તાલિબાની સૈન્ય બેઝ કેમ્પ નષ્ટ કરવાની વાત પણ કહી.

ઈસ્લામાબાદે આરોપ લગાવ્યો કે અફઘાન દળોએ આતંકવાદીઓને પાકિસ્તાની ક્ષેત્રમાં ઘુસાડવામાં મદદ કરવા માટે ગોળીબાર કર્યો. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ જવાબી કાર્યવાહી કરી.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ગયા વર્ષે ઑક્ટોબરમાં સરહદ પર થયેલી મોટી અથડામણો બાદથી અનેક વખત સૈન્ય અથડામણ થઈ ચૂકી છે. વિવાદનું એક મોટું કારણ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) છે.

પાકિસ્તાનનો આરોપ છે કે અફઘાનિસ્તાનનું તાલિબાન વહીવટીતંત્ર TTPને આશ્રય આપે છે અને તેના ઉગ્રવાદીઓ અફઘાન જમીન પરથી સરહદ પારના હુમલાઓનું આયોજન કરીને તેમને અંજામ આપે છે. જોકે, કાબુલ આ આરોપોને નકારે છે.

TTP, અફઘાન તાલિબાનનો નજીકનો સહયોગી છે અને બંને એકબીજાને સમર્થન આપે છે. 2001માં અફઘાનિસ્તાન પર અમેરિકાના હુમલા બાદ પાકિસ્તાને અમેરિકાનો સાથ આપ્યો હતો, જેનાથી નારાજ થઈને TTPએ પાકિસ્તાની સરકાર વિરુદ્ધ લડાઈ શરૂ કરી હતી.

સંગઠન પાકિસ્તાન સરકારને ઈસ્લામવિરોધી માને છે. 2021માં અફઘાન તાલિબાન સત્તામાં પરત ફર્યા બાદ પાકિસ્તાને TTPને નિશાન બનાવીને અફઘાનિસ્તાનમાં હુમલા પણ કર્યા હતા.

પાકિસ્તાને 1 ઑક્ટોબરે અફઘાનિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરી હતી. આ હુમલાઓમાં 9 લોકોનાં મોત થયાં અને 11 લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતાં.

તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો હતો કે આ હુમલાઓમાં 3 ઘર તબાહ થયાં હતાં અને આ આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન છે.

જોકે, પાકિસ્તાને કહ્યું હતું કે તેણે અફઘાનિસ્તાનમાં બે આતંકવાદી ઠેકાણાંને નિશાન બનાવ્યાં હતાં. તેમાં ઓછામાં ઓછા 22 ઉગ્રવાદી માર્યા ગયા હતા. સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ મુજબ, 2026માં અત્યાર સુધી અફઘાનિસ્તાનમાં સરહદ પારથી થતી હિંસાને કારણે 1100થી વધુ નાગરિકોના મોત થયા છે.

પાકિસ્તાને કહ્યું કે અફઘાન સરહદ રક્ષકોએ તેના ચેકપોઈન્ટ્સ પર ઉશ્કેરણી વિના ગોળીબારી કરી. બીજી તરફ, અફઘાન સુરક્ષા સૂત્રોએ પાકિસ્તાન પર સંઘર્ષ શરૂ કરવાનો અને પરવાનગી વિના સરહદી ચોકીઓ બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો.

બંને પક્ષોએ એકબીજાના સૈનિકોને નુકસાન પહોંચાડવાના દાવા કર્યા છે. અફઘાન સુરક્ષા સૂત્રોએ કહ્યું કે પાકિસ્તાની સૈનિકોએ પહેલા ગોળીબારી કરી હતી. તેમના જણાવ્યા અનુસાર, અફઘાન દળોએ જવાબી કાર્યવાહી કરી અને પાકિસ્તાની સૈન્યકર્મીઓને નુકસાન પહોંચાડ્યું.

પાકિસ્તાને તેનાથી વિપરીત કહ્યું કે અફઘાન સરહદ રક્ષકોએ ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના ઉત્તર-પશ્ચિમ કુર્રમ જિલ્લામાં તેના ચેકપોઈન્ટ્સ પર ગોળીબારી કરી. પાકિસ્તાને 1 ઑક્ટોબરે અફઘાનિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરી હતી. આ હુમલાઓમાં 9 લોકોનાં મોત થયાં અને 11 લોકો ઘાયલ થયા હતા. મૃતકોમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતાં.

ફ્રાન્સમાં રાષ્ટ્રપતિ ભવનથી 400 મીટર દૂર હિંસક પ્રદર્શન: 143 વર્ષ જૂની ઐતિહાસિક ઈમારત સળગાવી

પેરિસ, તા.18

ફ્રાન્સમાં વધતી મોંઘવારી અને ઈંધણના ભાવોના વિરોધમાં શનિવારે 8 લાખ લોકો રસ્તા પર ઉતર્યા. ફ્રાન્સ 24ના અહેવાલ મુજબ રાજધાની પેરિસમાં રાષ્ટ્રપતિ ભવન એલિઝે પેલેસથી માત્ર 400 મીટર દૂર પ્રદર્શનકારીઓએ હિંસક પ્રદર્શન કર્યું અને વાહનોમાં આગ લગાવી દીધી.

બીજી તરફ, લિમોજ શહેરમાં નકાબધારી પ્રદર્શનકારીઓએ ટાઉન હોલમાં આગ લગાવી દીધી. જેના કારણે 143 વર્ષ જૂની ઈમારત લગભગ સંપૂર્ણપણે નાશ પામી. દેશના અનેક ભાગોમાં પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે તણાવની સ્થિતિ યથાવત રહી.

ફ્રાન્સમાં લગભગ એક મહિનાથી પ્રદર્શન ચાલી રહ્યાં છે. તેની શરૂઆત શાળાના વિદ્યાર્થીઓના વિરોધથી થઈ હતી, જે ધીમે-ધીમે સામાજિક આંદોલનમાં ફેરવાઈ ગયું છે.

આ આંદોલનની શરૂઆત ગયા મહિને પેરિસના ઉત્તરીય પરાં વિસ્તારોની શાળાઓમાં થઈ હતી. ત્યાં શિક્ષકોની ગેરહાજરી અને શાળાઓની ખરાબ સ્થિતિને લઈને વિદ્યાર્થીઓમાં નારાજગી હતી. ધીમે ધીમે આ વિરોધ સમગ્ર દેશમાં ફેલાઈ ગયો. હવે તેમાં સામાજિક અસમાનતા, સરકારી ખર્ચમાં ઘટાડો અને જાહેર સેવાઓની ખરાબ સ્થિતિ જેવા મુદ્દાઓ પણ સામેલ થઈ ગયા છે.

ફ્રાન્સની મુખ્ય મજૂર સંઘોમાં સામેલ સીજીટીએ પણ પ્રદર્શનને સમર્થન આપ્યું. સંઘે વધુ વેતન અને પેન્શન, નીચા ભાવો તથા લોકોની જરૂરિયાતો પૂરી કરતી જાહેર સેવાઓનું રક્ષણ કરવાની માંગ કરી.

પ્રદર્શન પહેલાં સોશિયલ મીડિયા પર લોકોને 2018ના 'યેલો વેસ્ટ' આંદોલનને ફરી શરૂ કરવાની અપીલ કરવામાં આવી હતી. આ આંદોલનમાં લોકો પીળા રંગની ચમકદાર જેકેટ પહેરીને રસ્તાઓ પર ઉતરતા હતા.

ફ્રાન્સમાં વાહનોના ડ્રાઈવરો માટે આવી જેકેટ રાખવી ફરજિયાત હોય છે, જેથી રસ્તા પર વાહન ખરાબ થઈ જાય અથવા કોઈ આપાતકાલીન પરિસ્થિતિ ઊભી થાય ત્યારે તેઓ દૂરથી દેખાઈ શકે. પ્રદર્શનકારીઓએ આ જ જેકેટને વિરોધના પ્રતીક તરીકે અપનાવી લીધી.

આ કારણે આ આંદોલનને ફ્રેન્ચ ભાષામાં 'ગિલે જોન' અને અંગ્રેજીમાં 'યેલો વેસ્ટ' એટલે કે 'પીળી જેકેટવાળું આંદોલન' કહેવામાં આવવા લાગ્યું.

રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોએ શુક્રવારે લોકોને શાંતિ જાળવવા અને જાહેર તથા ખાનગી સંપત્તિનું સન્માન કરવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું કે વિરોધ પ્રદર્શન કરવું અને પોતાની વાત રજૂ કરવી એ બંધારણીય અધિકાર છે, પરંતુ તેની સાથે અન્ય લોકોનું સન્માન કરવું પણ જરૂરી છે. ફ્રાન્સમાં વાહનોના ડ્રાઈવરો માટે આવી જેકેટ રાખવી ફરજિયાત હોય છે, જેથી રસ્તા પર વાહન ખરાબ થઈ જાય અથવા કોઈ આપાતકાલીન પરિસ્થિતિ ઊભી થાય ત્યારે તેઓ દૂરથી દેખાઈ શકે. પ્રદર્શનકારીઓએ આ જ જેકેટને વિરોધના પ્રતીક તરીકે અપનાવી લીધી.

પાકિસ્તાનમાં કેવી રીતે ઉજવાય છે નવરાત્રી?: કરાચીમાં ગરબા અને ભંડારાની રમઝટ, સિંધી યુવતીએ વીડિયોમાં બતાવી સરહદ પારની ભક્તિ

કરાચી, તા.18

ભારતમાં નવરાત્રી પર્વ દરમિયાન ચારેય તરફ ગરબા, દાંડિયા અને મા અંબાની ભક્તિનો અત્યંત ભવ્ય માહોલ જોવા મળતો હોય છે, ત્યારે પાકિસ્તાનમાં વસતો હિન્દુ સમુદાય આ પવિત્ર તહેવાર કેવી રીતે ઉજવે છે તેને લઈને લોકોમાં હંમેશાં કૂતુહલ રહેતું હોય છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર પાકિસ્તાનના આર્થિક પાટનગર ગણાતા કરાંચી શહેરથી નવરાત્રી સેલિબ્રેશનના કેટલાક અદ્ભુત અને મનમોહક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. આ વીડિયોમાં માતાજીની વિધિવત પૂજા-અર્ચના, ભક્તિભાવપૂર્વક ગરબા રમતા શ્રદ્ધાળુઓ અને ભંડારાની સુંદર ઝલક જોવા મળી રહી છે, જેણે સીમાપાર પણ ભારતીય સંસ્કૃતિ અને આસ્થાનો આહલાદક અનુભવ કરાવ્યો છે.

વાયરલ થયેલા આ વિશિષ્ટ વીડિયોમાં પાકિસ્તાનની જાણીતી સિંધી કન્ટેન્ટ ક્રિએટર 'મુન્જી ગલ્હિયુન' (@munji_galhiyun) કરાંચી ખાતે આવેલા ઐતિહાસિક અને પ્રખ્યાત શ્રી રત્નેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં પહોંચતી નજરે પડે છે. વીડિયોની શરૂઆતમાં તે અત્યંત શ્રદ્ધાપૂર્વક ખુલ્લા પગે મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરે છે અને માતાજીની સુંદર પ્રતિમા સમક્ષ શીશ નમાવીને વિધિવત પૂજા-અર્ચના કરે છે. ત્યારબાદ તે મંદિરમાં એકત્રિત થયેલા સ્થાનિક હિન્દુ શ્રદ્ધાળુઓ સાથે પરંપરાગત રીતે ગરબે ઘૂમતી જોવા મળે છે. મંદિર પરિસરમાં ઉપસ્થિત તમામ ભક્તો 'જય માતા દી' અને ભક્તિમય જયઘોષ સાથે મા શક્તિની ઉપાસનામાં સંપૂર્ણપણે લીન થયેલા સ્પષ્ટપણે દેખાઈ આવે છે. મંદિરના વિશાળ પરિસરમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોની ઉપસ્થિતિ જોવા મળી હતી, જ્યાં લોકો એકસાથે મળીને ભજન-કીર્તન અને રાસ-ગરબાનો ઉલ્લાસપૂર્વક આનંદ માણી રહ્યા હતા. માતાજીની આરાધના અને ગરબાની રમઝટ બાદ મંદિર સમિતિ દ્વારા તમામ ભક્તો માટે એક ભવ્ય ભંડારાનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસાદીમાં દાળ-ભાત અને પાપડ જેવા પરંપરાગત તથા પૌષ્ટિક ભોજનનો પ્રસાદ ઉપસ્થિત તમામ શ્રદ્ધાળુઓને અત્યંત પ્રેમ અને આદરપૂર્વક પીરસવામાં આવ્યો હતો. મા અંબાની મનોહર પ્રતિમા સામે ભક્તોની શ્રદ્ધાપૂર્વકની ભીડ અને પવિત્ર વાતાવરણ સમગ્ર વીડિયોમાં સ્પષ્ટપણે અનુભવી શકાતું હતું.

આ સુંદર વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ભારત સહિત વિશ્વના ખૂણે-ખૂણે વસતા નેટિઝન્સ તેના પર ઉષ્માભરી પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. અસંખ્ય યુઝર્સે સરહદ પાર પાકિસ્તાનમાં રહીને પણ પોતાની સંસ્કૃતિ અને ધર્મને જીવંત રાખનારા હિન્દુ સમુદાયને નવરાત્રીની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. આ સાથે જ ઘણા લોકોએ એવી ટિપ્પણી કરી છે કે ભૌગોલિક સરહદો ભલે દેશોને અલગ કરતી હોય, પરંતુ સનાતન પરંપરાઓ, તહેવારો અને સાંસ્કૃતિક વિરાસત આજે પણ લોકોને પ્રેમ અને ભક્તિના એક જ તાંતણે બાંધી રાખે છે. અત્રે નોંધનીય છે કે પાકિસ્તાનમાં હિન્દુ સમુદાયની મોટાભાગની વસ્તી મુખ્યત્વે સિંધ પ્રાંતમાં વસવાટ કરે છે અને કરાંચી પણ સિંધ પ્રાંતનો જ એક મુખ્ય હિસ્સો છે. આ વિસ્તારમાં પ્રાચીન સમયના અસંખ્ય ઐતિહાસિક હિન્દુ તીર્થસ્થળો અને મંદિરો આવેલા છે.

અમેરિકાએ મદદ રોકી તો યુક્રેનનું શું થશે: ઝેલેન્સ્કીનો સાથ છોડીને પુતિન સાથે જોવા મળી રહ્યા છે ટ્રમ્પ

કિવ, તા.18

રશિયા સાથે લગભગ 5 વર્ષથી યુદ્ધ લડી રહેલા યુક્રેન સામે હવે એક નવી મુશ્કેલી ઊભી થઈ છે. જે અમેરિકાના હથિયારો અને ગુપ્તચર માહિતીના આધારે યુક્રેનની સેના રશિયન હુમલાઓનો સામનો કરી રહી છે, એ જ દેશના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સાથે ઊભેલા નજરે પડી રહ્યા છે. ટ્રમ્પે માત્ર એક અઠવાડિયામાં એવા 4 પગલાં લીધાં, જેના કારણે યુક્રેનની મુશ્કેલીઓ વધી ગઈ છે. હવે સવાલ એ છે કે જો ટ્રમ્પે યુક્રેનને સૈન્ય મદદ અને ગુપ્તચર માહિતી આપવાનું બંધ કરી દીધું, તો ઝેલેન્સ્કીની સેનાનું શું થશે? શું યુક્રેન અમેરિકન મદદ વિના રશિયાનો સામનો કરી શકશે? અને ટ્રમ્પના બદલાયેલા વલણથી પુતિનને કેટલો ફાયદો મળી શકે છે? ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને અમેરિકામાં ડીઝલના વધતા ભાવનું કારણ ગણાવ્યું. ત્યાર બાદ તેમણે રશિયન ડીઝલના વેચાણ પર લાગેલા પ્રતિબંધોમાં અસ્થાયી રાહત આપી. તેમનું કહેવું હતું કે તેનાથી ઈંધણના ભાવ ઘટાડવામાં મદદ મળશે.

આ નિર્ણય એટલા માટે મહત્વપૂર્ણ છે, કારણ કે રશિયા તેલ અને ગેસના વેચાણથી મોટી કમાણી કરે છે. આ કમાણીથી તેને યુદ્ધનો ખર્ચ ઉઠાવવામાં પણ મદદ મળે છે. રશિયન ઈંધણના વેચાણમાં રાહત મળવાથી મોસ્કોને આર્થિક લાભ થઈ શકે છે.

આગલા દિવસે ટ્રમ્પે સીધો ઝેલેન્સ્કીના નેતૃત્વ પર સવાલ ઉઠાવ્યો. તેમણે કહ્યું કે યુક્રેને નવા રાષ્ટ્રપતિની પસંદગી કરવી જોઈએ, જે રશિયા સાથે સમજૂતી કરીને યુદ્ધ સમાપ્ત કરી શકે.

ટ્રમ્પનો આરોપ હતો કે ઝેલેન્સ્કી પાસે યુદ્ધ સમાપ્ત કરવાની ઘણી તકો હતી, પરંતુ તેમણે તેનો લાભ લીધો નહીં. તેમનું કહેવું હતું કે યુક્રેનના રાષ્ટ્રપતિએ રશિયા સાથે સમજૂતીની દિશામાં આગળ વધવું જોઈએ. ત્રીજા દિવસે ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધમાં ઊર્જા ઠેકાણાઓ પરના હુમલા રોકવા માટે યુદ્ધવિરામની જાહેરાત કરી. ઊર્જા ઠેકાણાઓમાં વીજળી મથકો, તેલ રિફાઈનરી અને ઈંધણ સાથે સંકળાયેલા અન્ય મહત્વપૂર્ણ માળખાઓનો સમાવેશ થાય છે.

રશિયા અને યુક્રેન બંને એકબીજાના ઊર્જા ઠેકાણાઓ પર હુમલા કરતા રહ્યા છે. આ હુમલાઓથી વીજળી પુરવઠો, ઈંધણની ઉપલબ્ધતા અને સૈન્ય અભિયાનો પર અસર પડે છે.

પરંતુ ટ્રમ્પની જાહેરાત બાદ વિવાદ ઊભો થયો. ઝેલેન્સ્કીએ કહ્યું કે તેમને આ સમજૂતીની અગાઉથી કોઈ જાણકારી નહોતી. તેમણે સ્પષ્ટ કર્યું કે યુક્રેન રશિયાના ઊર્જા મથકો

પરના હુમલા ત્યારે જ રોકશે, જ્યારે રશિયા પણ યુક્રેન પર આવા હુમલા બંધ કરશે.

યુક્રેન જે ઈન્ટરનેટની મદદથી ઝડપી ડ્રોન ઉડાવીને રશિયામાં હુમલા કરી રહ્યું હતું, તેની સ્પીડ પર અચાનક લૉક લગાવી દેવામાં આવ્યું. અગાઉ આ ડ્રોન 200 કિમી પ્રતિ કલાકની ઝડપે હુમલા કરતા હતા. લૉક લાગ્યા બાદ તેમની ઝડપ 160 કિમી પ્રતિ કલાક રહી ગઈ. કોઈ ડ્રોન આ ઝડપથી વધુ ઝડપથી ઉડતું થતાં જ તેના પર લાગેલો ઈન્ટરનેટ સિગ્નલ કપાઈ જતો અને ડ્રોન નીચે પડવા લાગતું.

ઝેલેન્સ્કીએ આ માટે મસ્કને જવાબદાર ઠેરવ્યા. બાદમાં મસ્કે આ જવાબદારીથી હાથ ખંખેરી નાખતાં કહ્યું કે આ અમેરિકન સરકાર કરી રહી છે.

મિસાઈલ હુમલાની ચેતવણી મળવામાં મુશ્કેલી: અમેરિકાની ગુપ્ત માહિતી યુક્રેનને રશિયન મિસાઈલોના હુમલા અંગે અગાઉથી ચેતવણી આપવામાં મદદ કરે છે. તેનાથી સૈનિકો અને સામાન્ય નાગરિકોને સુરક્ષિત સ્થળોએ પહોંચવાનો સમય મળે છે. અમેરિકન માહિતી બંધ થવાથી આ વ્યવસ્થા નબળી પડી શકે છે.

પેટ્રિયોટ મિસાઈલોની અછત: યુક્રેન પેટ્રિયોટ મિસાઈલોની મદદથી રશિયન બેલિસ્ટિક મિસાઈલોને તોડી પાડવાનો પ્રયાસ કરે છે. જો અમેરિકા તેમનો પુરવઠો અટકાવી દે, તો યુક્રેનનાં શહેરો અને સૈન્ય મથકોની સુરક્ષા કરવી વધુ મુશ્કેલ બની શકે છે.

સૈન્ય અભિયાનો પર અસર: અમેરિકન સંચાર ટેક્નોલોજીમાં વિક્ષેપ આવવાથી ડ્રોન દ્વારા દેખરેખ રાખવી અને હુમલા કરવા, યુદ્ધભૂમિ પર સૈનિકોની હિલચાલ પર નજર રાખવી અને હુમલાઓની યોજના બનાવવામાં મુશ્કેલી પડશે.

રશિયા પર દબાણ બનાવવાની વ્યૂહરચના નબળી: યુક્રેન રશિયન તેલ રિફાઈનરીઓ અને ઊર્જા મથકો પર હુમલા કરીને રશિયાની આવક અને યુદ્ધ ક્ષમતાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે છે. જો અમેરિકા આ હુમલાઓનો વિરોધ કરે અને રશિયન ઈંધણના વેચાણ પર રાહત આપે, તો યુક્રેનની વ્યૂહરચના પર દબાણ વધી શકે છે.

જોકે, તેનો અર્થ એ નથી કે અમેરિકન મદદ બંધ થતાં જ યુક્રેન યુદ્ધ હારી જશે. યુક્રેને પોતાના દેશમાં હથિયારોનું ઉત્પાદન વધાર્યું છે અને યુરોપિયન દેશો પણ તેને સૈન્ય સહાય પૂરી પાડે છે. પરંતુ અમેરિકન ગુપ્તચર માહિતી અને કેટલાક વિશિષ્ટ હથિયારોનો સંપૂર્ણ વિકલ્પ તૈયાર કરવો સરળ નહીં હોય.

રશિયા માટે સૌથી મોટો ફાયદો એ હોઈ શકે છે કે યુક્રેન અને અમેરિકા વચ્ચે મતભેદ વધવાથી કીવ પર દબાણ વધશે. જો યુક્રેનને ગુપ્તચર માહિતી અને હથિયારો ઓછા મળે, તો તેને રશિયન હુમલાઓનો સામનો કરવામાં વધુ મુશ્કેલી પડી શકે છે.

રશિયન ઈંધણના વેચાણ પર રાહત મળવાથી રશિયાને આર્થિક ફાયદો પણ થઈ શકે છે. બીજી તરફ, ઊર્જા મથકો પરના હુમલા રોકવા માટેનું દબાણ યુક્રેનની તે વ્યૂહરચનાને નબળી પાડી શકે છે, જેના દ્વારા તે રશિયાની યુદ્ધ ક્ષમતાને નુકસાન પહોંચાડવા માગે છે. યુદ્ધ સમાપ્ત કરવા માટે યુક્રેન પર દબાણ: ટ્રમ્પ ઈચ્છે છે કે રશિયા અને યુક્રેન વચ્ચે વહેલી તકે સમજૂતી થાય. આ માટે તેઓ ઝેલેન્સ્કીને છૂટછાટો આપવા કહી રહ્યા છે. રશિયા સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ: ટ્રમ્પ રશિયા સાથે વાતચીત અને આર્થિક સંબંધોને આગળ વધારવા માગે છે. આનાથી યુક્રેનને મળતી અમેરિકન મદદ પર અસર થવાની આશંકા છે. અમેરિકામાં તેલના ભાવ ઘટાડવા: યુક્રેન દ્વારા રશિયન તેલ રિફાઈનરીઓ પર કરવામાં આવેલા હુમલાઓથી નારાજ ટ્રમ્પે કહ્યું કે આ હુમલાઓને કારણે ડીઝલના ભાવ વધી રહ્યા છે.

બાંગ્લાદેશમાં પિસ્તોલ લઈને ડ્રગ્સ તસ્કરોને પકડવા પહોંચ્યા મંત્રી: 6 લોકોને પકડ્યા, પોલીસે કહ્યું- તેમને આવું કરવાનો અધિકાર નથી

ઢાકા, તા.18

બાંગ્લાદેશમાં એક મંત્રી હાથમાં પિસ્તોલ લઈને ડ્રગ્સ વિરુદ્ધ કાર્યવાહી કરતા હોવાનો વીડિયો સામે આવ્યો છે. મંત્રી ઈશરાક હુસૈન રાજધાની ઢાકાની એક ઝૂંપડપટ્ટીમાં પોતાના સાથીઓ સાથે પિસ્તોલ લઈને ફરતા અને લોકો સાથે વાત કરતા જોવા મળી રહ્યા છે. તેમની સાથેના લોકો સ્થાનિક રહેવાસીઓને પકડી રહ્યા છે અને તાડપત્રીથી બનેલી ઝૂંપડીઓ તોડતા જોવા મળી રહ્યા છે. આ ઘટના શનિવારે ગેન્ડારિયા વિસ્તારમાં બની હતી. મંત્રી અને તેમના લોકોએ 6 લોકોને પકડીને પોલીસને સોંપ્યા હતા. વીડિયો સામે આવ્યા બાદ મંત્રીની આ કાર્યવાહી અંગે ટીકા થઈ રહી છે. પોલીસે પણ સ્પષ્ટ કર્યું છે કે દરોડા પાડવાનો અધિકાર કાયદો અમલમાં મૂકતી એજન્સીઓ પાસે છે. બાંગ્લાદેશના રાજ્યમંત્રી ઈશરાક હુસૈને બાદમાં પોતાના ફેસબુક પેજ પર કાર્યવાહીની વીડિયો પોસ્ટ કરી. તેમણે દાવો કર્યો કે કાર્યવાહી દરમિયાન 6 લોકોને પકડવામાં આવ્યા. જોકે, ઢાકા મેટ્રોપોલિટન પોલીસના ડેપ્યુટી કમિશનર મલિક અહસાન ઉદ્દીન સામીએ જણાવ્યું કે પોલીસ 10 લોકોને ગેન્ડારિયા પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. તેમના જણાવ્યા અનુસાર, મંત્રીએ કેટલાક લોકોને પકડ્યા બાદ પોલીસને જાણ કરી હતી. તપાસ બાદ પોલીસે તેમને કસ્ટડીમાં લીધા.

પોલીસ અધિકારીએ કહ્યું કે દરોડો પાડવાનો અધિકાર કાયદાનો અમલ કરાવતી એજન્સીઓને જ છે. જોકે, બાંગ્લાદેશમાં કોઈપણ નાગરિક ગુનાના શંકાસ્પદ વ્યક્તિને પકડીને પોલીસને સોંપી શકે છે.

ગેન્ડારિયા પોલીસ સ્ટેશનના પ્રભારી મોનીરુઝ્ઝમાન મોનીરે જણાવ્યું કે પકડાયેલા લોકો પાસેથી



સફેદ પાવડર જેવો પદાર્થ મળ્યો છે. પરંતુ તે ડ્રગ્સ છે કે નહીં, તેની પુષ્ટિ પ્રયોગશાળામાં તપાસ કર્યા બાદ જ થશે. ઈશરાકે કહ્યું કે ડ્રગ્સને કારણે દેશના યુવાનો બરબાદ થઈ રહ્યા છે. તેમણે દાવો કર્યો કે તેઓ છેલ્લા 6 મહિનાથી આ મામલે માહિતી એકત્ર કરી રહ્યા હતા.

મંત્રીએ કહ્યું કે જો તેમની પોતાની પાર્ટીનો કોઈ વ્યક્તિ ડ્રગ્સના વેપારમાં સંડોવાયેલો જોવા મળશે, તો તેને વધુ કડક સજા મળવી જોઈએ. તેમની કાર્યવાહીમાં આ સૌથી મહત્વપૂર્ણ રાજકીય પાસું છે. મંત્રીએ કહ્યું કે જે લોકો બહારથી આવીને ડ્રગ્સની સપ્લાય કરનારાઓને પકડવામાં મદદ કરશે, તેમનું તેઓ સન્માન કરશે.

સમાચાર અનુસાર, પકડાયેલા લોકોએ હાથ જોડીને તેમને છોડી મૂકવાની અપીલ કરી. આ અંગે મંત્રીએ તેમને ખાતરી આપી કે કોઈ તેમને મારશે નહીં. તેમને પોલીસને સોંપવામાં આવશે અને કાયદા અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. મંત્રીએ કહ્યું, "કોઈ તમને હાથ નહીં લગાવે અને ન તો તમને નુકસાન પહોંચાડશે. તમને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવશે અને પોલીસ જરૂરી કાર્યવાહી કરશે. અમે અહીં તમને મારવા માટે આવ્યા નથી. દેશ કાયદા અનુસાર ચાલશે. તમારો કેસ ચાલશે અને ન્યાયિક પ્રક્રિયા હેઠળ સજા મળશે." જોકે, ઢાકા મેટ્રોપોલિટન પોલીસના ડેપ્યુટી કમિશનર મલિક અહસાન ઉદ્દીન સામીએ જણાવ્યું કે પોલીસ 10 લોકોને ગેન્ડારિયા પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. તેમના જણાવ્યા અનુસાર, મંત્રીએ કેટલાક લોકોને પકડ્યા બાદ પોલીસને જાણ કરી હતી. તપાસ બાદ પોલીસે તેમને કસ્ટડીમાં લીધા.

પોલીસ અધિકારીએ કહ્યું કે દરોડો પાડવાનો અધિકાર કાયદાનો અમલ કરાવતી એજન્સીઓને જ છે. જોકે, બાંગ્લાદેશમાં કોઈપણ નાગરિક ગુનાના શંકાસ્પદ વ્યક્તિને પકડીને પોલીસને સોંપી શકે છે. ગેન્ડારિયા પોલીસ સ્ટેશનના પ્રભારી મોનીરુઝ્ઝમાન મોનીરે જણાવ્યું કે પકડાયેલા લોકો પાસેથી સફેદ પાવડર જેવો પદાર્થ મળ્યો છે. પરંતુ તે ડ્રગ્સ છે કે નહીં, તેની પુષ્ટિ પ્રયોગશાળામાં તપાસ કર્યા બાદ જ થશે.

કેનેડાના સૈન્ય મથક પર વિસ્ફોટ, અનેક સૈનિકોનાં મોત: રક્ષા મંત્રીએ કહ્યું- આવું દૃશ્ય ક્યારેય જોયું નથી

અલ્બર્ટા, તા.18

કેનેડાના અલ્બર્ટામાં સૈન્ય મથક પર શનિવારે જોરદાર વિસ્ફોટ બાદ આગ લાગી ગઈ. આ ઘટનામાં અનેક સૈનિકો અને કર્મચારીઓનાં મોત થયા. રક્ષા મંત્રી ડેવિડ મેકગિન્ટીએ અકસ્માતની માહિતી આપી. તેમણે કહ્યું, 'મેં આવું દુખદ દશ્ય પહેલાં ક્યારેય જોયું નથી.'

મૃતકો અને ઘાયલોની સંખ્યા હાલમાં જાહેર કરવામાં આવી નથી. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ સોશિયલ મીડિયા પર આને ગંભીર ઘટના ગણાવતા કહ્યું કે કેન્દ્ર સરકાર અને સ્થાનિક પ્રશાસન મળીને રાહત અને બચાવ કામગીરીમાં લાગી ગયા છે. આ મથક પર 1300થી વધુ સૈનિકો અને કર્મચારીઓ તહેનાત છે.

સ્થાનિક પ્રશાસન મુજબ, વિસ્ફોટ બાદ આગ ભારે પવનોના કારણે સૈન્ય મથકની આસપાસ ઝડપથી ફેલાઈ ગઈ. આગ બુઝાવવા માટે અનેક વિસ્તારોમાંથી ફાયરની ટીમો પહોંચી.

રોયલ એલેક્ઝાન્ડ્રા હોસ્પિટલના ઇમરજન્સી ડોક્ટર વૉરેન થિર્સ્કે તેને 15થી 25 વર્ષમાં એક વખત થતી મોટી આફત ગણાવી. તેમણે કહ્યું કે દર્દીઓની સંખ્યા એટલી વધારે હતી કે શહેરના આરોગ્ય કેન્દ્રો સંપૂર્ણપણે ફુલ થઈ ગયા.

અધિકારીઓએ હજુ સુધી જણાવ્યું નથી કે વિસ્ફોટ કેવી રીતે થયો અને આગ લાગવાનું કારણ શું હતું. રક્ષા મંત્રી મેકગિન્ટીએ કહ્યું કે કેનેડાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP) ઘટનાની તપાસ કરી રહી છે.

આલ્બર્ટામાં આવેલું આ સૈન્ય મથક કેનેડાના મહત્વપૂર્ણ આર્મી ટ્રેનિંગ કેમ્પ્સમાંથી એક છે. અહીં સૈનિકોને યુદ્ધ માટે તૈયાર કરવામાં આવે છે.

અહીં કેનેડિયન મેન્યુવર ટ્રેનિંગ સેન્ટર પણ છે, જ્યાં જવાનો યુદ્ધના મેદાન જેવી પરિસ્થિતિઓમાં ટ્રેનિંગ લે છે. ઉપરાંત, અહીં ત્રીજી કેનેડિયન ડિવિઝનના સૈનિકોને પણ સૈન્ય ટ્રેનિંગ આપવામાં આવે છે.

તંત્રી લેખ

ભાજપ કહે છે કે, વિરોધ પક્ષો ઓવૈસી પાસેથી શીખે

અસદુદ્દીન ઓવૈસીને દેશના આક્રમક મુસ્લિમ નેતાઓમાંના એક તરીકે ઓળખવામાં આવે છે. તેઓ પોતાના ભાષણો અને નિવેદનોને કારણે વારંવાર રાજકીય ચર્ચાના કેન્દ્રમાં રહે છે. જોકે, ભારતીય રાજકારણમાં એક બાબત લાંબા સમયથી ચર્ચાનો વિષય બની રહી છે કે ઓવૈસી ભાજપ અને તેના નેતાઓ સામે જે રીતે આક્રમક વલણ અપનાવવાની અપેક્ષા રાખવામાં આવે છે, તેનાથી વિપરીત અનેક પ્રસંગોએ તેઓ ભાજપના નેતાઓની સીધી ટીકા કરવાનું ટાળતા જોવા મળે છે. બીજી તરફ ભાજપના નેતાઓ પણ ઓવૈસી સામે ભાગ્યે જ આક્રમક રાજકીય નિવેદનો આપતા હોવાનું ચર્ચાતું રહ્યું છે. આ રાજકીય સમીકરણને કારણે ઓવૈસી અને ભાજપ વચ્ચેના સંબંધોને લઈને વારંવાર સવાલો ઊઠતા રહ્યા છે.

કોંગ્રેસ સહિતના વિપક્ષી પક્ષો વારંવાર અસદુદ્દીન ઓવૈસી પર ભાજપની બી ટીમ તરીકે કામ કરવાનો આરોપ લગાવતા આવ્યા છે. વિપક્ષનો દાવો રહ્યો છે કે ઓવૈસીની રાજકીય પ્રવૃત્તિઓ અને ચૂંટણીમાં તેમની પાર્ટીની હાજરીથી ભાજપને ફાયદો થાય છે, કારણ કે તેના કારણે વિપક્ષી મતદારોમાં વિભાજન થઈ શકે છે. જોકે, ઓવૈસી અને તેમની પાર્ટી ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એઆઈએમઆઈએમ) આવા રાજકીય આરોપો સાથે સહમત નથી અને પોતાની રાજકીય વિચારધારા તથા સ્વતંત્ર રાજકીય ભૂમિકાને આગળ ધરે છે. આમ છતાં, ભાજપ અને ઓવૈસી વચ્ચેના રાજકીય સંબંધો અંગેની ચર્ચા અટકવાનું નામ લેતી નથી.

આ ચર્ચા વચ્ચે કેન્દ્રીય મંત્રી કિરેન રીજીજુએ અસદુદ્દીન ઓવૈસીનાં જાહેરમાં વખાણ કરીને રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. રીજીજુએ જણાવ્યું હતું કે ઓવૈસી કેટલીક વખત દેશના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર સમજદારીપૂર્વક વાત કરે છે. તેમના મતે, ઓવૈસી સાથે અનેક મુદ્દાઓ પર વૈચારિક મતભેદ હોવા છતાં દેશહિતને લગતા વિષયો પર તેમની રજૂઆતને અલગ દૃષ્ટિકોણથી જોવી જોઈએ. જોકે, રીજીજુએ ઓવૈસીની કટ્ટર મુસ્લિમકેન્દ્રિત રાજકીય નીતિઓનો વિરોધ પણ વ્યક્ત કર્યો હતો. આમ, એક તરફ ઓવૈસીની કેટલીક બાબતોમાં પ્રશંસા કરીને રીજીજુએ તેમની સમજદારીનો સ્વીકાર કર્યો, તો બીજી તરફ તેમની રાજકીય વિચારધારા સાથેના મતભેદો પણ સ્પષ્ટ કર્યા હતા.

કિરેન રીજીજુએ વિપક્ષી નેતાઓને સલાહ આપતાં કહ્યું હતું કે જો વિપક્ષના નેતાઓ સરકારની વાત સાંભળવા તૈયાર ન હોય, તો તેમણે અસદુદ્દીન ઓવૈસી પાસેથી શીખવું જોઈએ. રીજીજુના આ નિવેદનને રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે, કારણ કે ઓવૈસી સામાન્ય રીતે ભાજપના વિરોધી રાજકીય પક્ષોના નેતાઓ સાથે જોડાયેલા રાજકીય વર્તુળોમાં ચર્ચાતા રહ્યા છે. આવા સંજોગોમાં ભાજપના એક વરિષ્ઠ કેન્દ્રીય મંત્રી દ્વારા ઓવૈસીની પ્રશંસા કરવામાં આવતાં રાજકીય સમીકરણો અંગે ફરી સવાલો ઊભા થયા છે.

બીજી તરફ, ઓવૈસીનું રાજકારણ મુખ્યત્વે મુસ્લિમ સમુદાયના અધિકારો, બંધારણીય મુદ્દાઓ અને લઘુમતીઓના પ્રશ્નો પર કેન્દ્રિત રહ્યું છે. તેઓ સંસદમાં અનેક વખત સરકારની નીતિઓ અંગે પોતાનો મત રજૂ કરે છે અને વિવિધ મુદ્દાઓ પર વિપક્ષથી અલગ વલણ પણ અપનાવે છે. આ જ કારણ છે કે તેમની રાજકીય ભૂમિકાને લઈને અલગ-અલગ પક્ષો અલગ અભિપ્રાય ધરાવે છે. કેટલાક લોકો તેમને મુસ્લિમ સમુદાયના પ્રશ્નોને મજબૂતીથી રજૂ કરનારા નેતા માને છે, જ્યારે તેમના વિરોધીઓ તેમના રાજકારણને મતવિભાજન સાથે જોડે છે. એલોન મસ્ક દ્વારા કરવામાં આવેલી ટીકા બાદ પણ ઓવૈસી નરેન્દ્ર મોદીના સમર્થનમાં આવ્યા હોવાનો ઉલ્લેખ પણ આ રાજકીય ચર્ચામાં કરવામાં આવે છે. આવા પ્રસંગોને કારણે ઓવૈસીની રાજકીય ભૂમિકા અને ભાજપ સાથેના તેમના સંબંધો અંગે વિવિધ પ્રકારની અટકળો થતી રહી છે. જોકે, કોઈ એક નિવેદન કે પ્રસંગના આધારે બંને વચ્ચેના રાજકીય સંબંધો અંગે ચોક્કસ નિષ્કર્ષ પર પહોંચવું યોગ્ય નથી. કિરેન રીજીજુનાં નિવેદનથી એટલું સ્પષ્ટ થાય છે.

નૈતિક નાટક પોતાની ચરમસીમાએ પહોંચ્યું સપ્ટેમ્બર ૨૦૨૬માં. યુએસ કોંગ્રેસમાં ભારે દેશભક્તિના સૂત્રોચ્ચાર અને બંને મુખ્ય પક્ષોના અભૂતપૂર્વ સમર્થન સાથે 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' પસાર કરવામાં આવ્યો. તેના હેઠળ રશિયા પાસેથી ક્રૂડ લેનારા ભારત, ચીન જેવા દેશો ઉપર ૧૦૦ ટકા ટેરિફ નાખવાની ધમકીઓ અપાઈ : બરાબર ચૂંટણીના ઉંબરે અમેરિકામાં ડીઝલના ભાવ પ્રતિ ગેલન ૬.૫૨ ડૉલરની સર્વકાલીન ઊંચાઈએ પહોંચી ગયા

ફ્રીડમ ફ્યૂઅલ : ભારતને દબાવવા અમેરિકાની નૈતિકતાનો નફ્ફટ નાચ

રશિયન ક્રૂડ મુદ્દે દુનિયાને ડરાવતા ટ્રમ્પે ચૂંટણીનો રેલો આવતા પડદા પાછળ રશિયન શુદ્ધ ક્રૂડ ખરીદવા દરવાજા ખોલી કાઢયા

નૈતિક નાટક પોતાની ચરમસીમાએ પહોંચ્યું સપ્ટેમ્બર ૨૦૨૬માં. યુએસ કોંગ્રેસમાં ભારે દેશભક્તિના સૂત્રોચ્ચાર અને બંને મુખ્ય પક્ષોના અભૂતપૂર્વ સમર્થન સાથે 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' પસાર કરવામાં આવ્યો. તેના હેઠળ રશિયા પાસેથી ક્રૂડ લેનારા ભારત, ચીન જેવા દેશો ઉપર ૧૦૦ ટકા ટેરિફ નાખવાની ધમકીઓ અપાઈ : બરાબર ચૂંટણીના ઉંબરે અમેરિકામાં ડીઝલના ભાવ પ્રતિ ગેલન ૬.૫૨ ડૉલરની સર્વકાલીન ઊંચાઈએ પહોંચી ગયા. દેશના પાયા સમાન ખેડૂતો, ઔદ્યોગિક પરિવહન ક્ષેત્ર અને ટ્રક ચાલકો રસ્તા પર આવી ગયા. જનતામાં વિરોધનો વંટોળ ઊભો થયો. સત્તાધારી પક્ષને સંસદમાં પોતાની બહુમતી ગુમાવવાનો સ્પષ્ટ ડર દેખાવા લાગ્યો અને ટ્રમ્પે નફ્ફટાઈની પરાકાષ્ઠાએ પહોંચીને રશિયન ક્રૂડની આયાત માટે કાયદો નેવે મૂકી દીધો : અમેરિકી તિજોરી ભલે ક્રેમલિનના ડીઝલ જહાજોને લાલ જાજમ પાથરીને આવકારે, ભારત પોતાના ૧૪૦ કરોડ લોકોની ઊર્જા સુરક્ષા અને આર્થિક સ્વાતંત્ર્યને સૌથી ઉપર રાખશે. જ્યારે કોઈ મહાસત્તાનું વર્તન આટલં સ્પષ્ટપણે દંભી, અસંગત અને સ્વાર્થી સાબિત થઈ ચૂક્યું હોય, ત્યારે તેની સાથે કાયદાના નિયમો પર દલીલ કરવામાં સમય બગાડવો નિરર્થક છે

છેલ્લા કેટલાક વર્ષોથી આંતરરાષ્ટ્રીય કૂટનીતિના રંગમંચ પર એક અત્યંત રોચક અને નાટકીય ખેલ ભજવાઈ રહ્યો છે. આ ખેલનું નામ છે: વોશિંગ્ટનનો વૈશ્વિક નૈતિકતાનો નફ્ફટ ઉપદેશ. જ્યારે ૧.૪ અબજ નાગરિકોના વિશાળ દેશ ભારતે પોતાના સામાન્ય જનજીવનને ઊર્જા સંકટના અંધકારમાંથી ઉગારવા માટે રશિયા પાસેથી રાહતદરે ક્રૂડ ઓઈલ આયાત કરવાનું શરૂ કર્યું, ત્યારે પશ્ચિમી મીડિયા અને વોશિંગ્ટનના થિંક-ટેન્કોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. આપણને આંતરરાષ્ટ્રીય મંચો પર ઊભા રાખીને અપરાધી સાબિત કરવાનો પૂરજોશ પ્રયાસ થયો. ભાષણો આપવામાં આવ્યા કે ભારત દ્વારા ખરીદાયેલા રશિયન તેલનું એક-એક ટીપું વ્લાદિમીર પુતિનના યુદ્ધતંત્રને લોહી પૂરું પાડી રહ્યું છે. પશ્ચિમે ભારતને આર્થિક બહિષ્કારની ધમકીઓ આપી, રાજદ્વારી દબાણ ઊભું કર્યું અને 'રૂલ્સ-બેઝ્ડ ઈન્ટરનેશનલ ઓર્ડર' એટલે કે નિયમ-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના નામે નીતિશાસ્ત્રના બોધપાઠ આપ્યા.

રાજદ્વારી ઈતિહાસ સાક્ષી છે કે પશ્ચિમી દેશો જ્યારે પોતાના સિદ્ધાંતોનું માર્કેટિંગ કરે છે, ત્યારે તેમાં સૌથી મોટો સ્વાર્થ છુપાયેલો હોય છે. વર્ષ ૨૦૨૫માં જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય નિકાસો પર ૨૫ ટકા દંડાત્મક ટેરિફ લાદવાની જાહેરાત કરી, ત્યારે તેને વિશ્વ સમક્ષ આંતરરાષ્ટ્રીય સદાચારના પાઠ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. વોશિંગ્ટનથી સ્પષ્ટ ફરમાન સંભળાવાયું હતું કે રશિયન હાઈડ્રોકાર્બન્સના અણુ-અણુમાં અનૈતિકતા સમાયેલી છે, જ્યારે અમેરિકાનું નૈતિક ચારિત્ર્ય સંપૂર્ણપણે પવિત્ર અને અડગ છે. આખી દુનિયાએ અમેરિકી નેતૃત્વની આ આચારસંહિતાનું મૂકપણે પાલન કરવું પડશે, નહીંતર આર્થિક બહિષ્કાર માટે તૈયાર રહેવું પડશે.

આ નૈતિક નાટક પોતાની ચરમસીમાએ પહોંચ્યું સપ્ટેમ્બર ૨૦૨૬માં. યુએસ કોંગ્રેસમાં ભારે દેશભક્તિના સૂત્રોચ્ચાર અને બંને મુખ્ય પક્ષોના અભૂતપૂર્વ સમર્થન સાથે 'લિન્ડસે ઓ.ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' પસાર કરવામાં આવ્યો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે અત્યંત ગર્વ સાથે ટીવી કેમેરા સામે આ કાયદા પર હસ્તાક્ષર કર્યા. આ કાયદા દ્વારા અમેરિકન વહીવટીતંત્રને એવી અસિમિત સત્તા મળી ગઈ કે તે રશિયા પાસેથી ઊર્જા ખરીદવાની હિમાકત કરનારા ભારત અને ચીન જેવા દેશો પર ૧૦૦ ટકા જેટલો આકરો ટેરિફ લાદી શકે. કપિટલ હિલના ગલિયારાઓમાંથી ગૂંજતી નૈતિક સ્પષ્ટતા એટલી પ્રચંડ હતી કે

સામાન્ય માણસ પણ માની બેસે કે અમેરિકા વિશ્વમાંથી પાપનો નાશ કરવા નીકળ્યું છે. અમેરિકી સેનેટરોએ ભારતને સંબોધીને જાહેરમાં ઘમંડભર્યા પ્રવચનો આપ્યા કે ભારતે હવે 'પોતાનું વર્તન સુધારવું પડશે' અને પોતાનું ક્રૂડ ઓઈલ 'ક્યાંક બીજેથી' ખરીદવું પડશે. ભારતના કરોડો પરિવારોના રસોડાના બજેટ કે ગરીબોની ભૂખમરા સામેની લડાઈ કરતાં અમેરિકી સેનેટરોની કાલ્પનિક નૈતિકતા વધુ મહત્વની ગણવામાં આવી. જો કે, કેલેન્ડરના પાનાં પલટાયા અને તાજેતરમાં ઓક્ટોબર મહિનો આવ્યો. અમેરિકામાં મિડટર્મ ચૂંટણીઓનો માહોલ ગરમાયો હતો. સામાન્ય અમેરિકન મતદાર રોજિંદા ખર્ચ અને મોંઘવારીથી ત્રસ્ત હતો. બરાબર ચૂંટણીના ઉંબરે અમેરિકામાં ડીઝલના ભાવ પ્રતિ ગેલન ૬.૫૨ ડૉલરની સર્વકાલીન ઊંચાઈએ પહોંચી ગયા. દેશના પાયા સમાન ખેડૂતો, ઔદ્યોગિક પરિવહન ક્ષેત્ર અને ટ્રક ચાલકો રસ્તા પર આવી ગયા. ગ્રોસરી સ્ટોર્સમાં ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતાં જનતામાં વિરોધનો વંટોળ ઊભો થયો. સત્તાધારી પક્ષને સંસદમાં પોતાની બહુમતી ગુમાવવાનો સ્પષ્ટ ડર દેખાવા લાગ્યો. પછી જે બન્યું, તે અકલ્પનીય હતું. વોશિંગ્ટનની અતૂટ ગણાતી નૈતિકતાનું મહોરું ખુલી ગયું. આખી દુનિયાએ જોયું કે અમેરિકી ઉચ્ચ સિદ્ધાંતોની એક અત્યંત મર્યાદિત 'એક્સપાયરી ડેટ' હોય છે, જે ઘરેલું ચૂંટણીની તારીખો સાથે સીધી જોડાયેલી છે.

ત્યારબાદ વ્હાઈટ હાઉસે જે પગલું ભર્યું, તેની નફ્ફટાઈની પરાકાષ્ટા હતી. જે કાયદો હજુ માંડ ત્રણ અઠવાડિયાં પહેલાં જ રાષ્ટ્રપતિના હસ્તાક્ષરથી અમલમાં આવ્યો હતો, તે જ કાયદાને ખુદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે કચરાની ટોપલીમાં પધરાવી દીધો. તેમણે પડદા પાછળ વ્લાદિમીર પુતિન સાથે એક અતિવિશાળ ઊર્જા ડીલ ફાઈનલ કરી નાખી. આ કરાર હેઠળ ૪.૮ મિલિયન ટન રશિયન શુદ્ધ ડીઝલ સીધું અમેરિકન બંદરો પર આયાત કરવાની મંજૂરી આપવામાં આવી. જે વહીવટીતંત્ર સામાન્ય દિવસોમાં નાના કાયદાકીય કાગળિયાં ખસેડવામાં મહિનાઓ વીતાવી દે છે, તે જ યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે અકલ્પનીય કાર્યક્ષમતા બતાવી. તેમણે રાતોરાત એક હંગામી જનરલ લાયસન્સ જારી કરી દીધું, જેનાથી ઊર્જા પ્રતિબંધો હળવા થઈ ગયા અને રશિયન ડીઝલ ટેન્કરો માટે એપ્રિલ ૨૦૨૭ સુધી અમેરિકાના દરવાજા પહોળા થઈને ખુલી ગયા.

આ ઘટનાનું થોડું ગંભીર અને તટસ્થ પૃથક્કરણ કરીએ તો આંતરરાષ્ટ્રીય રાજકારણનો દંભ પૂરેપૂરો ઉઘાડો પડી જાય છે. જ્યારે ભારત જેવો વિકાસશીલ દેશ પોતાની ૧૪૦ કરોડની પ્રજાને આર્થિક પીડા અને મોંઘવારીથી બચાવવા માટે રશિયન ક્રૂડ ખરીદે છે, ત્યારે તેને પશ્ચિમની નજરમાં 'નૈતિક પતન' અને 'માનવતા વિરુદ્ધનો અપરાધ' ગણાવીને ૧૦૦ ટકા ટેરિફની ધમકી આપવામાં આવે છે. પરંતુ જ્યારે ટ્રમ્પ પોતાની રાજકીય ખુરશી બચાવવા અને ચૂંટણીમાં હારના ડરથી શુદ્ધ રશિયન ડીઝલ ખરીદે છે, ત્યારે તે એકાએક 'મુત્સદ્દીગીરીનું ઉચ્ચ સ્તરનું વ્યવહારુ પગલું' બની જાય છે. આ તર્ક સાંભળીને આખી દુનિયા સ્તબ્ધ છે. એવું લાગે છે કે રશિયન ઊર્જા માત્ર ત્યારે જ ક્રેમલિનના યુદ્ધતંત્રને પોષે છે જ્યારે તેનું પેમેન્ટ ભારતીય રૂપિયામાં થાય; પરંતુ જ્યારે એ જ ઊર્જા માટે વોશિંગ્ટનમાંથી લીલા રંગના અમેરિકન ડાલરો વહે છે, ત્યારે તે નાણાં પવિત્ર બની જાય છે અને તેમાંથી કોઈ યુદ્ધ ભંડોળ ઊભું થતું નથી.

પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ગોળાર્ધ વચ્ચે આર્થિક સિદ્ધાંતો આટલી હદે કેમ બદલાઈ જાય છે? નવી દિલ્હી જ્યારે પોતાના નાગરિકો માટે મોંઘવારીનો ઉકેલ શોધે છે ત્યારે તે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે ખતરો ગણાય. પરંતુ જ્યારે ટ્રમ્પ ચૂંટણી જીતવા માટે તેલના ભાવ કાબૂમાં રાખવા માગે, ત્યારે રશિયન ડીઝલનું શુદ્ધિકરણ થઈને તે 'ફ્રીડમ ફ્યુઅલ' બની જાય છે. આપણે ટ્રમ્પ વહીવટીતંત્રની નૈતિક કસરતની પ્રશંસા કરવી પડેત તેમણે સાબિત કરી દીધું કે તેમના માટે 'અમેરિકા ફર્સ્ટ'નો વાસ્તવિક અર્થ 'દંભ સર્વોપરી' છે.

આટલા પ્રચંડ વિરોધાભાસને ઢાંકવા માટે પ્રમુખ તરફથી એક નવો જ હાસ્યાસ્પદ દાવો રજૂ કરવામાં આવ્યો. તેમણે જાહેર કર્યું કે રશિયા અને યુક્રેન વચ્ચે 'ઊર્જા યુદ્ધવિરામ' પર સહમતિ સધાઈ ગઈ છે. જોકે આ દાવાનું આયુષ્ય ચોવીસ કલાક પણ ન ટકી શક્યું. બીજા જ દિવસે સવારે રશિયન ગ્લાઈડ બોમ્બ યુક્રેનના રહેણાંક વિસ્તારો અને પાવર ગ્રીડ પર ત્રાટક્યા અને યુક્રેનિયન પ્રમુખ ઝેલેન્સ્કીએ ખુલ્લેઆમ કહ્યું કે આવો કોઈ યુદ્ધવિરામ થયો જ નથી. જ્યારે અમેરિકી મીડિયાએ ટ્રમ્પને આ વિસંગતતા વિશે સવાલ પૂછ્યા, ત્યારે તેમણે અત્યંત બેદરકારીથી કહી દીધું કે 'હવે કદાચ યુક્રેને નવો પ્રમુખ શોધવાનો સમય આવી ગયો છે.' બસ, સમસ્યાનું સમાધાન થઈ ગયું. પોતાના સ્વાર્થ ખાતર પોતાના જ સાથી રાષ્ટ્રોને રઝળતા મૂકી દેવાની પશ્ચિમની આ જૂની આદત ફરી એકવાર ચરિતાર્થ થઈ. અમેરિકાની સંસદ પણ પોતાના શાસકોના આ યુ-ટર્નથી ચકરાવે ચડી ગઈ છે. બંને પક્ષોના તટસ્થ ધારાશાસ્ત્રીઓ આંગળી ચીંધી રહ્યા છે કે રશિયન તેલની આ સીધી આયાત વર્ષ ૨૦૨૨ના એ સંઘીય કાયદાનું સીધું ઉલ્લંઘન છે, જેમાં રશિયન ઊર્જા પર પૂર્ણ પ્રતિબંધ મુકાયો હતો. ઉલ્લેખનીય છે કે, નવી દિલ્હીના રાયસિના હિલ પર બેસીને ભારત આ સમગ્ર પરિદ્રશ્યને ખૂબ જ ગંભીરતાથી અને સ્મિત સાથે મૂલવી રહ્યું છે.

આ ઘટનાક્રમે ભારત અને સમગ્ર ગ્લોબલ સાઉથને એક મોટો પાઠ ભણાવ્યો છે, પશ્ચિમી પ્રતિબંધો કોઈ ન્યાય, સમાનતા કે વૈશ્વિક શાંતિના અડગ સ્તંભ નથી. તેઓ વાસ્તવમાં એક અત્યંત દંભી અને સગવડિયો વ્યવહાર છે. જ્યારે વોશિંગ્ટનમાં સત્તાની ઠંડી હવા ફૂંકાય અને ઘરેલું ચૂંટણી હારવાનો ભય પેદા થાય, ત્યારે એ પડદો હટાવીને રશિયન ડીઝલની હૂંફ લઈ લેવામાં આવે છે; અને જ્યારે બીજા કોઈ દેશ પર દબદબો જમાવવો હોય, ત્યારે એ જ બાબતને હથિયાર તરીકે આગળ ધરીને માનવતા અને કાયદાના પ્રવચનો શરૂ કરી દેવાય છે. આવા સંજોગોમાં ભારત જેવા સ્વતંત્ર રાષ્ટ્ર માટે સ્પષ્ટ સંદેશ છે કે આપણે કોઈના ખોટા નૈતિક દબાણ હેઠળ આવવાની જરૂર નથી. અમેરિકી તિજોરી ભલે ક્રેમલિનના ડીઝલ જહાજોને લાલ જાજમ પાથરીને આવકારે, ભારત પોતાના ૧૪૦ કરોડ લોકોની ઊર્જા સુરક્ષા અને આર્થિક સ્વાતંત્ર્યને સૌથી ઉપર રાખશે. જ્યારે કોઈ મહાસત્તાનું વર્તન આટલું સ્પષ્ટપણે દંભી, અસંગત અને સ્વાર્થી સાબિત થઈ ચૂક્યું હોય, ત્યારે તેની સાથે કાયદાના નિયમો પર દલીલ કરવામાં સમય બગાડવો નિરર્થક છે. વોશિંગ્ટનના આપણા મિત્રો માટે હવે ભારતીય જનતા તરફથી એક જ સંદેશ છે, તમારા નવા આયાત કરેલા, પ્રીમિયમ રશિયન ડીઝલ પર કોઈપણ અપરાધભાવ વિના વૈભવી સવારીની મજા માણો.

કાળી રાત પછી સફેદ સવાર, અને સફેદ સવાર પછી સિદ્ધિની પ્રાપ્તિ : આઠમ અને નોમનું સંગમ પર્વ : મહાગૌરીથી માઁ સિદ્ધિદાત્રી સુધીની યાત્રા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

સાતમા નોરતે આપણે માઁ કાલરાત્રિ નું ભયાનક રૂપ જોયું. કાળા વસ્ત્રો, વિખરાયેલા વાળ, અગ્નિ જેવી આંખો,ગધેડા પર સવાર એવું ઉગ્ર સ્વરૂપ. જીવનમાં જ્યારે દુઃખ, અપમાન, નિષ્ફળતા, રોગ અને દુશ્મનોની કાળી રાત આવે ત્યારે આપણને લાગે કે હવે બધું ખતમ થઈ ગયું, હવે અજવાળું ક્યારેય નહીં આવે.પણ શાસ્ત્ર કહે છે-ના, કાળી રાત એ અંત નથી, તેની પછી જ ઉજળી સવારની શરૂઆત છે. સાતમાનોરતાની કાળી રાત પછી જ આઠમા નોરતાની સફેદ સવાર આવે છે અને તે સવારનું નામ છે માઁ મહા ગૌરી. નવદુર્ગા માઁ આઠમું સ્વરૂપ એ સૌથી પવિત્ર,સૌથી શાંત અને સૌથી વધુ પાપનાશિની માનવામાં આવે છે

મહાગૌરી એટલે શું? મહા એટલે મહાન અને ગૌરી એટલે જેનું શરીર ગૌર એટલે કે અત્યંત ગોરું,ઉજળું, ચંદ્ર જેવું,શંખ જેવું હોય. કહેવાય છેકે માઁ એ કાલરાત્રિ રૂપમાં રક્ત બીજ અને શુંભ-નિશુંભ જેવા રાક્ષસોને માર્યા પછી તેમના લોહી થી તેમનું શરીર કાળું પડી ગયું હતું, તેમના વસ્ત્રો મેલા થઈ ગયા હતા. ત્યારે ભગવાન શિવે કહ્યું હે દેવી, તમે ગંગામાં સ્નાન કરીને તમારા કાળા વસ્ત્રો ત્યજી દો. માઁ એ હિમાલયની ગંગામાં સ્નાન કર્યું અને તેમનું શરીર વીજળીની જેમ,ચાંદની ની જેમ ચમકવા લાગ્યું. ત્યારથી તેઓ મહાગૌરી કહેવાયા.આઠમું નોરતું એ જ સ્નાનનો દિવસ છે.જે ભક્ત પોતાના જીવનમાંઘણા પાપ, ઘણી ભૂલો, ઘણા દુઃખ, ઘણા કલંક જોઈ ચૂક્યો હોય,જેને લાગતું હોય કે હું હવે ક્યારેય શુદ્ધ નહીં થઈ શકું,તે આ દિવસે માઁ મહાગૌરીની પૂજા કરે તો તે ગંગામાં નાહ્યા જેટલો પવિત્ર થઈ જાય છે. તેનું જીવન ફરી ઉજળું થઈ જાય છે તેના બધા કલંક ધોવાઈ જાય છે. આથી જ આઠમને પાપ-નાશિની અષ્ટમી પણ કહે છે.અને આ જ દિવસે કચ્છ-ગુજરાત માઁ માતાજીને પલ્લીનો નૈવેદ્ય ચડાવવાની મહા પરંપરા છે.પરંતુ વાત અહીં પૂરી થતી નથી. જો આઠમ શુદ્ધિ છે,તો નવમ સિદ્ધિ છે. શુદ્ધિ વગર સિદ્ધિ મળતી નથી. આથી જ અહીં આપણે આઠમની સાથે નવમા નોરતાનો મહિમા પણ સમજીશું. માઁ મહાગૌરી કોણ છે?તપ અને ધીરજની દેવી માઁ મહાગૌરીની કથા દરેક દીકરીને શીખવા જેવી છે. પાર્વતીજીએ ભગવાન શિવને પતિ તરીકે મેળવવા માટે ઘોર તપ કર્યું. નારદજીએ કહ્યું હતું કે તને શિવ જેવો પતિ મળશે, પણ તેના માટે તપ કરવું પડશે. પાર્વતીજીએ મહેલના સુખ-વૈભવ છોડી દીધા અને જંગલમાં તપ શરૂ કર્યું.

વર્ષો સુધી તેમણે માત્ર સૂકા પાંદડા અને કંદમૂળ ખાઈને તપ કર્યું,પછી પાંદડા પણ છોડી દીધા,તેથી તેમનું એક નામ અપર્ણા પણ પડ્યું. અંતે અન્ન-જળ બધું છોડી દીધું. શરીર પર ધૂળ જામી ગઈ,શરીર કાળું પડી ગયું, પણ તેમણે તપ ન છોડ્યું. તેમના તપથી બ્રહ્માજીએ વરદાન આપ્યું કે તમને શિવ જ પતિ તરીકે મળશે. ત્યારબાદ શિવે ગંગાજળથી પાર્વતીજીને સ્નાન કરાવ્યું અને તેઓ સોળ વર્ષની કન્યા જેવા ગૌર થઈ ગયા. આ કથા શીખવે છે કે જો જીવનમાં કંઈ પામવું હોય તો તપ કરવું પડે. તપ એટલે સહનશીલતા, ધીરજ, મહેનત.આજની પેઢીને તરત જ બધું જોઈએ છે,પણ માઁ કહે છે - તપ વગર ગૌરતા ન મળે.

માઁ નું સ્વરૂપ અને આધ્યાત્મિક વિજ્ઞાન માઁ મહાગૌરીના વસ્ત્રો શ્વેત છે, વાહન વૃષભ એટલે બળદ છે. ચાર હાથમાં ત્રિશૂળ,ડમરું,અભય અને વરદ મુદ્રા છે.શ્વેત રંગ શાંતિ, પવિત્રતા અને માફીનો પ્રતીક છે. જે માફ કરતા શીખે છે તેનું મન મહા ગૌરી જેવું શ્વેત થાય છે. વૃષભ એટલે ધર્મ, એટલે માં ધર્મ પર સવાર છે. યોગશાસ્ત્ર મુજબ આઠમા નોરતે અનાહત ચક્ર એટલે કે હૃદયનું ચક્ર શુદ્ધ થાય છે.જ્યાં પ્રેમ અને કરુણા છે.આથી જ આઠમને કન્યા પૂજન નો સૌથી મોટો દિવસ માનવામાં આવે છે. આઠ કુંવારી કન્યાઓને ભોજન કરાવવું એ સાક્ષાત મહા ગૌરીની પૂજા છે. નવમું નોરતું :માઁ સિદ્ધિદાત્રી -જ્યાં શુદ્ધિ સિદ્ધિમાં બદલાય છે હવે આઠમ પછી નવમા નોરતાનોમહિમા સમજો. માઁ સિદ્ધિદાત્રીએ નવદુર્ગાનું નવમું અને અંતિમ સ્વરૂપ છે.

સિદ્ધિ એટલે સફળતા, પ્રાપ્તિ, પૂર્ણતા.શાસ્ત્રમાં આઠ પ્રકારની સિદ્ધિઓ છે-અણિમા,મહિમા, ગરિમા,લઘિમા,પ્રાપ્તિ,પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ.નાના બનવાની શક્તિથી લઈને બધાને વશ કરવાની શક્તિ સુધીની બધી જ સિદ્ધિઓ આપનારી એક જ દેવી છે-માઁ સિદ્ધિદાત્રી.કહેવાય છે કે ભગવાન શિવને પણ સિદ્ધિઓ માઁ સિદ્ધિ દાત્રી પાસેથી જ મળી હતી, ત્યાર થી શિવ અર્ધનારીશ્વર બન્યા. તેમના અડધા શરીરમાં દેવી વસી ગયા. આનો અર્થ એ કે પુરુષ ક્યારેય પૂર્ણ નથી, જ્યાં સુધી તેની અંદર સ્ત્રીની શક્તિ,કરુણા નઆવે.

માઁ સિદ્ધિદાત્રી કમળ પર બિરાજ માન છે,ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને કમળ છે. તે કમળ એટલા માટે કે કમળ કાદવમાં ઉગે છે પણ કાદવ થી અલિપ્ત રહે છે.જે વ્યક્તિ સંસારમાં રહીને પણ અલિપ્ત રહેછે તેને જ સિદ્ધિ મળે છે. નવમા નોરતે સાધકનું સહસ્ત્રાર ચક્ર પૂર્ણ ખીલી જાય છે. તેને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જે વિદ્યાર્થીઓ ભણે છે, જે લોકો નોકરી માટે પ્રયત્ન કરે છે, જે સાધકો સાધના કરે છે, તેમના માટે નવમું નોરતું એ સૌથી મોટો દિવસ છે. આઠમ અને નોમનો સંબંધ અન્નથી સિદ્ધિ સુધીની યાત્રા આઠમ અને નોમ ક્યારેય અલગ નથી. આઠમ એ અન્નપૂર્ણા છે અને નોમએ સિદ્ધિદાત્રી છે.

જુઓ ક્રમ-સાતમે આપણે ડરને માર્યો, આઠમે આપણે શુદ્ધ થયા અને માઁને પલ્લી ધરાવીને કહ્યું -માઁ મારા ઘરનું અન્ન પૂરું ન થવા દેતી, અને જેવું અન્નનું સુખ મળે કે તરત જ માણસને બીજી સિદ્ધિઓ જોઈએ.તો માઁ કહે છે-નવમે આવ, હું તને બધી સિદ્ધિ આપીશ.આથી જ ઘણા ઘરોમાં આઠમની પલ્લી પછી નવમે હવન થાય છે. પલ્લી એટલે અન્નની સિદ્ધિ અને હવન એટલે આત્માની સિદ્ધિ. ૨૦૨૬ની તિથિ નિવેદ અને હવનનું સાચું મુહૂર્ત આ વર્ષે આઠમની તિથિ બે દિવસ ફેલાયેલી છે,જેનાથી ભક્તોમાં મૂંઝવણ છે. તિથિની શરૂઆત ગઈકાલે રવિવાર, ૧૮/૧૦/૨૦૨૬ સવારે ૮૨૭ વાગ્યે*તિથિની સમાપ્તિ :આજે સોમવાર, ૧૯/૧૦/૨૦૨૬ સવારે ૧૦.૫૧ વાગ્યે.માતાજીનું નિવેદ (પલ્લી) રવિવાર,૧૮મી ઓક્ટોબર ની રાત્રે પોતાની કુટુંબ-પરંપરા મુજબ નિવેદ કરી શકાય છે. કારણ કે રાત્રે આઠમની તિથિ જ હોય છે. ગુજરાતી પરિવારોમાં રાત્રે જ પલ્લી ધરાવવાની પરંપરા છે તો તે રવિવાર ની રાત્રે જ કરવું ઉત્તમ રહેશે. માતાજીનો હવન: મહાષ્ટમીની ઉદય તિથિ સોમવાર,૧૯ ઓક્ટોબરના રોજ હોવાથી,આઠમની તિથિમાં હવન કરવાની પરંપરા હોય તો સવારે ૧૦.૫૧ પહેલા હવન પૂરો કરવો.

દધીમાતા મહાલક્ષ્મીનો અવતાર છે, અને એનો જન્મ માગશર સુદ સપ્તમી એ આકાશનાં માધ્યમથી થયો હતો

ઓચિંતી આંગણામાં આવી અલબેલડી.., કે પછી મારી ઝુંપડી માં આવી અંબે માત.. ગાતાં ગાતાં આજે આસો નવરાત્રીનો નવમો અને અંતિમ દિવસ આવી ગયો. માતાજીની વિદાયનો દિવસ, દીકરી હોય કે મા વિદાય તો આકરી જ હોય! પણ અંબાની ભક્તિ આંબા એટલે કે કેરીનાં રસ જેવી મીઠી અનૂભૂતિ કરાવી ગઈ. આઠમનાં હોમ હવન પણ પૂર્ણ થઈ ગયા, અને નૈવેદ્ય પણ ઘણી જગ્યાએ થઈ ગયાં! નૈવેદ્ય ની વાત આવી છે તો, પરંપરાને નામે પણ અન્નનો બગાડ થાય નહીં એનું ખાસ ધ્યાન રાખવું, કારણ કે વિશ્વની વધતી વસ્તીને કારણે ભૂખમરો પણ વધતો જાય છે! અને હાલ કેટલાંય દેશો એનો અનુભવ કરી રહ્યાં છે. આસો નવરાત્રીનાં અંતિમ દિવસે નવદુર્ગાનાં સિદ્ધિદાત્રી સ્વરૂપની આરાધના હોય છે, માતાની નવમી શક્તિ સિધ્ધિદાત્રીનું મંદિર મધ્ય પ્રદેશનાં નાગોર જિલ્લામાં સ્થિત છે. માતાના અન્ય પ્રખ્યાત મંદિરો યુપી-વારાણસી, સતના-મધ્યપ્રદેશ અને દેવપહાડી-છત્તીસગઢમાં પણ છે. દેવી તેમના સમર્પિત ભક્તોને તમામ પ્રકારની સિધ્ધી આપે છે, તેથી તેમને સિદ્ધિદાત્રી કહે છે. આપણે આજે આવા જ એક સૌમ્ય શાંત અને સિદ્ધિ દેતા માતા મહાલક્ષ્મી એટલે કે દધી માતાની વાત કરીશું.

સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

પુરાણોમાં 51 શક્તિપીઠ અને 25 ઉપપીઠો ના વર્ણન મળે છે, એમાં એક દધીમતિ શક્તિપીઠ છે, જે કપાલ પીઠના નામે પણ જાણીતી છે. સંપૂર્ણ કામનાઓને પૂર્ણ કરવા વાળી ત્રિનેત્રી ભગવતી, જે હાથોમાં ચમકીલું ચક્ર, તલવાર, ધનુષ્ય-બાણ, અભય મુદ્રા, કમળ, અને ત્રિશુલ ધરેલી છે, જે મોતીનો હાર અને કુંડળથી યુક્ત છે, એ સિંહવાહિની દધીમાતા સદા સૌનું મંગલ કરે છે. દધી માતાનું મંદિર પુષ્કર અજમેરની ઉત્તરમાં આવેલું છે, અને નાગોર જીલ્લાની જાયલ તહસીલ મુખ્યાલયથી 10 કિલોમીટર દૂર છે.

દધીમતિ દધીચિ ઋષિની બહેન હતી,દધી માતાને મહાલક્ષ્મી માતાનો અવતાર માનવામાં આવે છે. દધી મતિનો જન્મ માગશર સુદ સપ્તમી એ આકાશના માધ્યમથી થયો હતો. એવું માનવામાં આવે છે કે, દધીમતિ માતાનું મંદિર દેવી મહાત્મ્યનું વર્ણન કરતું ભારતનું સૌથી પુરાણું મંદિર મનાય છે.

ત્રેતાયુગમાં અયોધ્યા પતિ રાજા માંધાતા એ અહીં એક સાત્વિક યજ્ઞ કર્યો હતો, એ સમયે માઘ સપ્તમી હતી, દેવી પ્રગટ થઈ જે દધીમતિના નામે જાણીતી છે. શિલાલેખ અનુસાર એનું નિર્માણ ગુપ્ત સંવત 289 માં થયું હતું જે લગભગ 400 વર્ષ પૂર્વે મંદિર શિખરનું નિર્માણ થયું હતું. દેવીની વર્તમાન મંદિરની મૂર્તિના વિષયમાં કહેવાય છે, કે જ્યારે દેવી પ્રગટ થઈ રહી હતી, ત્યારે એક ગોવાળિયો ગાય ચરાવી રહ્યો હતો, ત્યાં જમીનના ફાટવાથી એક ગર્જના થઈ, સાથે દેવીનો કપાલ ભાગ બહાર નીકળી આવ્યો, ગાયો ભાગવા લાગી ત્યારે ગોવાળિયા એ કહ્યું માતા ખબજા એના કહેવાથી જ મા ભગવતીનું કપાળ બહાર રહી ગયું એ સમયે ગાયના દૂધથી એમનો અભિષેક કરવામાં આવ્યો. આજે પણ સમગ્ર ભારતમાં દધી મતિ માતાનું એક જ મંદિર છે, જ્યાં દૂધથી અભિષેક થાય છે. શ્વેત પાષાણથી નિર્મિત શિખર વાળું આ મંદિર પૂર્વાભિમુખ છે, મંદિરમાં રામાયણની ઘટનાઓનાં ચિત્રો પણ છે, એમાં રામનું મનોહારી ચિત્ર કરવામાં આવ્યું છે. ચિત્રોમાં રામનું ચિત્ર સામાન્ય પુરુષ રૂપમાં છે. રાજસ્થાનના પ્રસિદ્ધ ઈતિહાસકાર ગૌરીશંકર ઓઝાના કહેવા અનુસાર આ મંદિર આસપાસનો પ્રદેશ પ્રાચીનકાળમાં દધીમતિ એટલે કે દાહિમા ક્ષેત્ર કહેવાતું હતું.

પૌરાણિક માન્યતા અનુસાર વિકટાસુર નામનો દૈત્ય સંસારના સમસ્ત પદાર્થોનું સારતત્વ ચોરીને, દધી સાગરમાં જઈને છુપાયો હતો, ત્યારે દેવતાઓ પ્રાર્થના પર સ્વયં આદ્યશક્તિ અવતરિત થઈ, એ દૈત્યનો વધ કરી અને બધા પદાર્થો ફરી પાછા થયા, દધી સાગરને મથવાને કારણે દેવીનું નામ દધીમતિ પડ્યું, અન્ય સંસ્કૃતિઓ અનુસાર કપાલ પીઠ કહેવાતી માતાનું મંદિર સ્વયં ભૂગર્ભમાંથી પ્રગટ થયું છે. જગતના પ્રાણીઓને અભય પ્રદાન કરવા માટે તથા વિકટાસુરનો વધ કરવા માટે યોગમાયા મહાલક્ષ્મી મહર્ષિ અથર્વાના ઘરમાં ભગવતી નારાયણી દધીમતિ માતાના રૂપમાં પ્રગટ થઈ હતી.અષ્ટમીએ સંધ્યાકાળે વિકટાસુરનો વધ કર્યો, આ જ કારણથી આ તિથિ જયાશ્રી ના નામે વિખ્યાત છે, દધી સાગરનું મંથન કરવાને કારણે બ્રહ્માજીએ એનું નામ જ દધીમતિ રાખ્યું, તથા મહર્ષિ પુત્રપ્રાપ્તિ વરદાન આપ્યું. ભગવતી દધીમતિ ને પોતાના ભાઈ દધીચિના વંશની રક્ષા કરતા, એમને કુળદેવી થવાનો આશીર્વાદ આપ્યો, વિશ્વ કલ્યાણ એવમ ધર્મની રક્ષા હેતુ દૈત્યરાજ વૃત્રાસુરના વધ માટે પોતાની અસ્થીઓ દેવતાઓને પ્રદાન કરી દીધી, ત્યારે દધિચીની ગર્ભવતી પત્ની સતી થવા માટે તત્પર થઇ, ત્યારે દેવતાઓએ સ્મરણ કરાવ્યું કે તમારા ગર્ભમાં ઋષિનું તેજ છે, જે રુદ્ર અવતાર છે. પહેલા એને જન્મ આપો, આ પર ઋષિપત્ની એ પોતાનો ગર્ભ કાઢી, ને આશ્રમમાં ઋષિ દ્વારા સ્થાપિત વૃક્ષને સોંપ્યો, અને ભગવતી દધીમતિને પ્રાર્થના કરી કે તમે અમારી કુળદેવી છો, આ બાળકની રક્ષા કરજો. કુળદેવીના સાનિધ્યમાં વૃક્ષની નીચે પળવાને કારણે મહર્ષિ દધીચિના પુત્રનું નામ પીપલાદ પડ્યું. આમ માતા દધીમતિની એટલે કે મહાલક્ષ્મી સૌમ્ય સ્વરૂપની સ્વામીની, અને ભક્તોને સિદ્ધિ પ્રદાન કરનારી દેવી છે. ઐશ્વર્ય ઘણી પ્રકારના હોઈ શકે, પરંતુ સિદ્ધિ દરેક સાથે જોડાયેલી હોતી નથી. રૂપિયા પૈસાનું ઐશ્વર્ય ગમે તે વ્યક્તિ પ્રાપ્ત કરી શકે, પરંતુ સિદ્ધિ તો ઈશ્વરીય વરદાન હોવાથી, તે માતાની આરાધનાથી જ પ્રાપ્ત થાય છે. આસો નવરાત્રીની પૂર્ણાહુતિનો આજે દિવસ છે. લોકમાનસની ભક્તિની પરાકાષ્ઠાએ આજે જ્યારે માતાની વિદાય થશે, ત્યારે દરેકના હૃદય ગદગદ થશે, લોકોની લાગણીનું પણ એવું જ છે, નવ દિવસથી સતત તેનો સંગાથ કરીને ચાલનારો જે એમ વિચારે છે, કે આવતીકાલે હવે શું કરીશું! પરંતુ બધું જ યથાવત થઈ જાય છે. પરંતુ એક સવાલ મનની અંદર આજે થાય છે, કે શક્તિ ઉપાસનાના નવ દિવસ આપી અને દસમે દિવસે રાવણનો વધ શું કામ? સવાલ સાવ સીધો સાદો છે, અને ન સમજાય એવો પણ નથી. નવ દિવસ શક્તિની સાથે સાથે વિકારોને માતાએ હણી લીધા હોય છે, પરંતુ અહમ નામનો એક વિકાર, હજી પણ યથાવત દેખાય છે, અને તેના વધ માટે શક્તિની ઉપાસના પૂર્ણ થાય, ત્યારે તેને દશેરા અથવા વિજયાદશમી નામ આપવામાં આવ્યું છે.

રાજ્યપાલની અધ્યક્ષતામાં ધી કાલુપુર કોમર્શિયલ કો- ઓપરેટિવ બેંક લિ દ્વારા આયોજિત આનંદ અર્પણનો (JOY OF GIVING) કાર્યક્રમ યોજાયો

નાણાકીય સીમાઓથી ઉપર ઉઠીને કાલુપુર બેંકે માનવસેવાનું અદ્ભુત પુણ્યકાર્ય કર્યું છે: વિદ્યા, ધન અને બળનો સદઉપયોગ લોકકલ્યાણ માટે થવો જોઈએ

સાચી માનવતા એ છે જે પોતાની સાથે અન્યની પણ ચિંતા કરે: કાલુપુર બેંકનું લોકકલ્યાણકારી કાર્ય સમગ્ર સમાજ માટે અનુકરણીય પ્રેરણાસ્ત્રોત

અમદાવાદ, તા.18

કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેંક દ્વારા આયોજિત માનવસેવા અને પરોપકારના ઉત્કૃષ્ટ ભાવ સાથે 'આનંદ અર્પણ' (JOY OF GIVING)ના કાર્યક્રમનું ભવ્ય આયોજન પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું.

આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ખરી માનવતા એ છે કે જે વ્યક્તિ પોતાની સાથે સાથે અન્ય લોકોની પણ ચિંતા કરે અને જરૂરિયાતમંદોના જીવનમાં ખુશીઓ લાવવાનો પ્રયાસ કરે.

રાજ્યપાલે બેંકના ચેરમેન શ્રી મિનેશભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમના આ માનવતાવાદી અભિગમની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, બેંકો સામાન્ય રીતે આર્થિક પ્રવૃત્તિઓ અને નાણાકીય લેણદેણ સુધી સીમિત રહેતી હોય છે, પરંતુ કાલુપુર બેંકે પોતાના દૈનિક કાર્યોની સાથે ઘર-ઘર જઈને લોકો પાસે રહેલી બિનઉપયોગી કે વધારાની વસ્તુઓ જેવા કે કપડાં, વાસણો અને બાળકોના રમકડાં એકત્ર કરી જરૂરિયાતમંદો સુધી પહોંચાડવાનું જે અદ્ભુત પુણ્યકાર્ય કર્યું છે, તે સમગ્ર સમાજ માટે એક અનુકરણીય પ્રેરણાસ્ત્રોત છે.

ભારતીય સંસ્કૃતિના મૂળ વિચારોની ભાવનાને રેખાંકિત કરતા રાજ્યપાલે જણાવ્યું હતું કે, સ્વામી દયાનંદ જેવા મહાપુરુષોના વિચારો અનુસાર દરેક મનુષ્યે માત્ર પોતાની જ નહીં, પરંતુ સમગ્ર સમાજની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ. જે વ્યક્તિ પોતાના માટે જે ઈચ્છે છે, તે જ ભાવ અન્ય લોકો માટે પણ રાખે છે, તે જ સાચો ધાર્મિક અને સંસ્કારી માનવી છે.

રાજ્યપાલ શ્રી દેવવ્રતજીએ ભારપૂર્વક જણાવ્યું કે, ઈશ્વર એવા લોકોના હૃદયમાં વસે છે, જેઓ બીજાની આત્માને પોતાની આત્મા સમાન સમજીને દુ:ખી અને વંચિત લોકોની સેવા કરે છે. જીવનમાં

વિદ્યા, ધન અને બળનો સદઉપયોગ સત્કાર્યો અને લોકકલ્યાણ માટે થવો જોઈએ, જેથી આપણો સમાજ વધુ સંવેદનશીલ અને સમૃદ્ધ બને.

સદ વિચાર પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી પી.કે લહેરીએ જણાવ્યું હતું કે હરિભાઈ પંચાલ દ્વારા ૨૬ વર્ષની ઉંમરે ૧૯૬૫માં સ્થપાયેલ 'સદવિચાર પરિવાર' સેવા, સંવેદના અને સમર્પણનો ત્રિવેણી સંગમ છે,જેમણે રક્તદાન, કેદીઓનું હૃદયપરિવર્તન, જેલમાં રાખડી અને અનેક સાહિત્યિક-સામાજિક ક્ષેત્રોમાં મૌલિક પ્રવૃત્તિઓનો પાયો નાખ્યો હતો, જેને આજે યુવા ટ્રસ્ટીઓની ટીમ આગળ ધપાવી રહી છે.

કાલુપુર બેંકનો આભાર માનતાં તેમણે ઉમેર્યું કે, બેંક કર્મચારીઓના અથાક પરિશ્રમથી એકત્રિત થયેલા ૨૭,૦૦૦થી વધુ બોક્સ કપડાં, અનાજ, રમકડાં અને શૈક્ષણિક સામગ્રી બેંક અને સદવિચાર પરિવારના સભ્યોએ ખભેખભો મિલાવીને જરૂરીયાતમંદ સુધી સમયસર પહોંચાડીને એક અદ્ભુત માનવસેવાનું કાર્ય પૂરું કર્યું છે.

ચેરમેન શ્રી મીનેશ પટેલે જણાવ્યું હતું કે,'કાલુપુર બેંક સ્થાપનાના પ્રારંભિક વર્ષોથી જ આરોગ્ય, શિક્ષણ અને સામાજિક ઉત્કર્ષ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપતી આવી છે. આ જ પરંપરાને આગળ ધપાવતા જોય ઓફ ગિવિંગ' અભિયાન હેઠળ કર્મચારીઓ, તેમના પરિવારજનો અને ગ્રાહકોના સહયોગથી અનાજ તથા ઘરવપરાશની ઉપયોગી વસ્તુઓના ૨૭,૦૦૦થી વધુ બોક્સ એકત્રિત, વર્ગીકૃત અને પેક કરવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યુ હતું કે,દિવાળીના પાવન પર્વે જરૂરિયાતમંદ પરિવારોના ચહેરા પર સ્મિત લાવવાના શુભ આશયથી આ રાહત સામગ્રી સદવિચાર પરિવારને અર્પણ કરવામાં આવી છે, જે યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવશે. આ તકે તેમણે સમાજ સેવાના આ મહાયજ્ઞમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપનાર તમામ કર્મચારીઓ, ગ્રાહકો અને શુભેચ્છકોનો બેંક પરિવાર હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો

પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે ધી કાલુપુર કોર્મશિયલ કો- ઓપરેટિવ બેંક લિ દ્વારા આયોજિત સેવા પરમો ધર્મ ના પ્રેરણાદાયી ઉદ્દેશ સાથે આનંદ અર્પણના (JOY OF GIVING) ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, પૂર્વ ચેરમેન કાલુપુર બેંક, બેંકના ડિરેક્ટરશ્રીઓ સહિત અનેક શ્રેષ્ઠીઓ, પદાધિકારીઓ, સદ્વિચાર પરિવારના સેવાભાવી કાર્યકર્તાઓ, બેંકના અધિકારીઓ, કર્મયોગીઓ ઉપસ્થિત રહીને માનવસેવાના આ સંકલ્પમાં સહભાગી બન્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શારદીય નવરાત્રિ પર્વમાં આદ્ય શક્તિ માં અંબાજી ના દર્શન અર્ચન કર્યા

ગુજરાત સતત વિકાસ અને સમૃદ્ધિના શિખરો સર કરે તેવી પ્રાર્થના સાથે મુખ્યમંત્રીએ જગતજનની માઁ જગદંબા ના ચરણોમાં શીશ ઝુકાવ્યું

અમદાવાદ, તા.18

શારદીય નવરાત્રિના આઠમા નોરતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે પહોંચીને જગતજનની માઁ અંબેના ચરણોમાં ભાવપૂર્વક શીશ ઝુકાવ્યું હતું. મહા અષ્ટમીના પવિત્ર અને ફળદાયી અવસરે મુખ્યમંત્રીશ્રીએ સુપ્રસિદ્ધ ૫૧ શક્તિપીઠ પૈકીના મુખ્ય એવા અંબાજી મંદિરમાં વિધિવત પૂજા-અર્ચના અને દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે જગતજનની માઁ જગદંબાની વિશેષ પૂજા અને આરતી મુખ્યમંત્રીશ્રીએ સંપન્ન કરી હતી.

આ અવસરે તેમણે સૌની સુખાકારી, નિરામય સ્વાસ્થ્ય અને સર્વાંગી પ્રગતિ માટે માઁ અંબેના ચરણોમાં ભાવપૂર્વક પ્રાર્થના કરી હતી.

ગુજરાત સતત વિકાસના નવા આયામો સર કરે, રાજ્યમાં શાંતિ, સમરસતા અને સમૃદ્ધિ કાયમ રહે તથા વિકાસ ની યાત્રાને માઁ આદ્યશક્તિના આશીર્વાદ સદાય મળતા રહે તેવી મંગલકામના મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

દર્શન-પૂજન બાદ મુખ્યમંત્રીશ્રીએ નવરાત્રિ પર્વ દરમિયાન દૂર-દૂરથી અંબાજી ધામ દર્શને આવતા માઈભક્તો માટે કરવામાં આવેલી સુવિધાઓ, સુરક્ષા અને દર્શન વ્યવસ્થા અંગે જિલ્લા વહીવટી તંત્ર પાસેથી જાણકારી મેળવી હતી.

આ પ્રસંગે સ્થાનિક જનપ્રતિનિધિઓ, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા તેમજ દેવસ્થાન ટ્રસ્ટના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંદિર પરિસરમાં ઉપસ્થિત વિશાળ શ્રદ્ધાળુ સમુદાયે જય અંબેના જયઘોષ સાથે મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું.

સુરતમાં દિવાળી ટાણે જ ટેક્સટાઇલ માર્કેટમાં સન્નાટો: કાચા માલનો ભાવ 50% ઉછળતા લૂમ્સના પૈડાં એક મહિનો થંભશે

સુરત, તા.18

સુરતનો વિશ્વવિખ્યાત ટેક્સટાઈલ ઉદ્યોગ દિવાળીના તહેવારો ટાણે જ ગંભીર આર્થિક સંકટ અને ભયંકર મંદીના વમળમાં ફસાયો છે, જ્યાં યાર્ન સહિતના કાચા માલમાં થયેલા 50%ના ભાવવધારા સામે તૈયાર કાપડના ભાવ ન મળતાં લૂમ્સ સંચાલકો માટે એકમો ચાલુ રાખવા અશક્ય બન્યા છે. માર્કેટમાં સર્જાયેલી ભારે મની ક્રાઈસિસ અને બેંક લોનના હપ્તાના ભારણ વચ્ચે આ વર્ષે 15થી 30 દિવસનું લાંબુ વેકેશન પાડવાની નોબત આવતાં 75 હજારથી વધુ કારીગરોની રોજીરોટી પર સીધું સંકટ તોળાઈ રહ્યું છે.

બમરોલી વિવર્સ એસોસિએશન સાથે જોડાયેલા અગ્રણી વિષ્ણુ પટેલે ઉદ્યોગની વર્તમાન સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા સતત વધારાના કારણે યાર્ન અને અન્ય પેટ્રોકેમિકલ રો-મટિરિયલના ભાવો ભડકે બળી રહ્યા છે. આટલો મોટો ભાવવધારો અગાઉ ક્યારેય જોવા મળ્યો નથી, જેના કારણે સામાન્ય લૂમ્સ સંચાલકો માટે ઉત્પાદન ચાલુ રાખવું અસંભવ બની ગયું છે.

ઉત્પાદન ખર્ચમાં જંગી વધારો થયો હોવા છતાં તેની સામે માર્કેટમાં તૈયાર કાપડના વેચાણ ભાવમાં કોઈ સુધારો થયો નથી. વેપારીઓ અને ટ્રેડર્સ ઊંચા ભાવે કાપડ ખરીદવા તૈયાર નથી, જેને પરિણામે આખા માર્કેટમાં ભારે સેલિંગ પ્રેશર ઊભું થયું છે. પડતર કિંમત કરતાં નીચા ભાવે માલ વેચવો પડે એવી નોબત આવી છે અથવા તો ગોડાઉનોમાં માલનો ભરાવો થઈ રહ્યો છે. આ પરિસ્થિતિને કારણે સમગ્ર વિવિંગ સેક્ટરમાં રોકડની ભારે ખેંચ એટલે કે ગંભીર મની ક્રાઈસિસ સર્જાઈ છે, જેને સંભાળવી ઉદ્યોગપતિઓ માટે મુશ્કેલ બની ગઈ છે.

સુરતના વિવિંગ સેક્ટર સાથે ઓછામાં ઓછા 75,000 કારીગરો સીધી રીતે સંકળાયેલા છે, જેમના પરિવારનું ગુજરાન આ લૂમ્સના પૈડાં પર નિર્ભર છે. કારખાના 15થી 30 દિવસ બંધ રહેવાના કારણે આ તમામ કારીગરોની રોજગારી પર સીધી માઠી અસર થવાની છે. સ્થાનિક વિવિંગ યુનિટમાં કામ કરતા કારીગર વિજયે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, તેની રોજની આવક મીટર દીઠ મળતા મહેનતાણા પર નિર્ભર રહે છે. દિવાળી પર હિસાબ પતી ગયા પછી જો મહિનો કારખાના બંધ રહેશે તો પરિવારનું પેટ ભરવું મુશ્કેલ થઈ જશે તેમજ વતન જઈને પરત આવવા જેટલા પૈસા પણ બચશે નહીં.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં માત્ર 9 કલાકમાં 2 બ્રેઈનડેડ દર્દીઓનું અંગદાન

રાજ્ય સરકાર અને સિવિલ હોસ્પિટલના સનિષ્ઠ પ્રયાસોથી અંગદાન ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ

સિવિલ હોસ્પિટલમાં ૨૫૮ અંગદાતાઓ થકી ૧૧૧૬ અંગો-પેશીઓનું દાન, ૧૦૦૦થી વધુ લોકોને મળ્યું નવજીવન

અમદાવાદ, તા.18

ગુજરાત સરકારની પ્રજાકલ્યાણકારી આરોગ્ય નીતિ અને અમદાવાદ સિવિલ હોસ્પિટલની તબીબી ટીમની ત્વરિત કામગીરી તથા સંવેદનશીલ અભિગમના પરિણામે અંગદાનના ક્ષેત્રમાં એક નવું ઉત્કૃષ્ટ ઉદાહરણ સ્થાપિત થયું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં માત્ર ૯ કલાકના ટૂંકા ગાળામાં જ બે બ્રેઈનડેડ દર્દીઓના પરિવારો દ્વારા લેવાયેલા માનવતાભર્યા નિર્ણયથી ૮ અંગો અને પેશીઓનું સફળતાપૂર્વક દાન પ્રાપ્ત થયું છે. આ સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ અંગદાતાઓની સંખ્યા ૨૫૮ પર પહોંચી છે.

તાજેતરમાં થયેલા ૨૫૭મા અંગદાનમાં સિવિલ હોસ્પિટલના આઈસીયુમાં સારવાર હેઠળ રહેલા ૫૩ વર્ષીય પુરુષને ૧૬ ઓક્ટોબરના રોજ સાંજે તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. મોહિત ચંપાવતે પરિવારજનોને આ કપરી

ઘડીમાં અંગદાનનું મહત્ત્વ સમજાવતાં, પરિવારે સંવેદનશીલતા દર્શાવી ગુપ્તદાન સ્વરૂપે દાન આપવાની સંમતિ આપી હતી. આ દાન થકી ૨ કિડની, ૧ લીવર, ૧ હૃદય અને સ્કિન પ્રાપ્ત થયાં હતાં.

ત્યારબાદ ૨૫૮મા અંગદાનમાં ઓઢવ રિંગ રોડ પર દાસ્તાન સર્કલ નજીક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા અને એલ્યુમિનિયમ તથા કાચ ફિટિંગનું કામ કરતા ૪૫ વર્ષીય શ્રીરામ કોરીને સારવાર દરમિયાન ૧૭ ઓક્ટોબરના રોજ વહેલી સવારે ૧૨:૧૫ વાગ્યે બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. તબીબી ટીમના ડૉ. ભાવેશ પ્રજાપતિના કાઉન્સેલિંગ બાદ તેમનાં પત્ની કલાવતીબેને ભારે હૃદયે પતિના અંગદાનની સંમતિ આપી ઉત્કૃષ્ટ માનવતા દાખવી હતી. આ કિસ્સામાં ૧ લીવર અને ૨ કિડની એમ કુલ ૩ અગત્યના અંગો મળ્યાં હતાં.

રાજ્ય સરકારના સુદ્ઢ આરોગ્ય માળખા અને સિવિલ હોસ્પિટલની સક્ષમ વ્યવસ્થા અંગે માહિતી આપતાં તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, "સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ ૨૫૮ અંગદાતાઓ પાસેથી ૮૫૬ અંગોનું દાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત ૨૦૮ ચક્ષુ અને ૫૨ ચામડી મળી કુલ ૨૬૦ પેશીઓનું દાન મળ્યું છે. આ રીતે કુલ ૧૧૧૬ અંગો અને પેશીઓનું દાન મળ્યું છે, જેમાં ૪૭૬ કિડની, ૨૩૨ લીવર, ૮૨ હૃદય, ૩૪ ફેફસાં, ૨૪ પેનક્રિયાઝ, ૨ નાના આંતરડા, ૬ હાથ, ૨૦૮ આંખો તેમજ ૫૨ સ્કિનનો સમાવેશ થાય છે." મળેલાં અંગો અને પેશીઓનો શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરતાં, બંને અંગદાનમાંથી પ્રાપ્ત ૨ લીવર અને ૪ કિડની સિવિલ મેડિસિટી કેમ્પસ સ્થિત કિડની હોસ્પિટલમાં પ્રત્યારોપણ માટે મોકલવામાં આવ્યાં છે. જ્યારે દાનમાં મળેલું હૃદય મેડિસિટી કેમ્પસની યુ. એન. મહેતા હોસ્પિટલમાં જરૂરી દર્દીના હૃદય પ્રત્યારોપણ માટે વપરાશે. ચામડી સિવિલ હોસ્પિટલની રોટરી સ્કિન બેંક દ્વારા સ્વીકારવામાં આવી છે, જે દાઝેલા દર્દીઓની સારવારમાં આશીર્વાદરૂપ બનશે. સરકાર અને સિવિલ હોસ્પિટલ તંત્ર વતી ડૉ. રાકેશ જોશીએ સમાજને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, "અંગદાન એ મૃત્યુ પછી પણ માનવતાને જીવંત રાખવાનો સંકલ્પ છે.

ઈન્સ્ટાગ્રામથી પ્રેમસંબંધ બાદ લગ્ન માટે જીદ: પરિવારને આપઘાતની ધમકી આપી યુવતી યુવકને મળતી

વડોદરા, તા.18

વડોદરા શહેરમાં નવરાત્રિના દિવસોમાં સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલા એક પ્રેમસંબંધને લઈને વિવાદ સર્જાયો હતો. યુવકે યુવતીના ઘરે જઈને ઝઘડો કરતા અને યુવતી ડિપ્રેશનમાં આવી જતા પરિવારજનોએ '181 અભયમ મહિલા હેલ્પલાઈન'ની મદદ લીધી હતી. અભયમની ટીમે સમયસૂચકતા વાપરીને યુવતીનું અસરકારક કાઉન્સિલિંગ કરી મામલો થાળે પાડ્યો હતો.

વડોદરાની એક યુવતી બે વર્ષ પૂર્વે ઈન્સ્ટાગ્રામના માધ્યમથી એક યુવકના સંપર્કમાં આવી હતી, જે બાદમાં પ્રેમસંબંધમાં પરિણમ્યો હતો. યુવતી છેલ્લા એક વર્ષથી આ યુવક સાથે લગ્ન કરવા માટે જીદ કરતી હતી અને ઘરના સભ્યોની મરજી વિરુદ્ધ રાત્રે મળવા નીકળી જતી હતી. પરિવાર દ્વારા ઠપકો આપવામાં આવતાં યુવતીએ અવારનવાર આત્મહત્યા કરવાની ધમકીઓ પણ આપી હતી.

યુવતીના પરિવારે સામા પક્ષના ઘરે વાતચીત કરતા યુવક બેરોજગાર હોવાનું અને આર્થિક સ્થિતિ સારી ન હોવાનું જણાવી લગ્ન બાબતે તૈયાર ન હતા. દરમિયાન નવરાત્રિમાં ગરબા રમીને પરત ફરેલા પરિવાર સમક્ષ યુવક સીધો યુવતીના ઘરે પહોંચી ગયો હતો અને ભારે હોબાળો મચાવી અપશબ્દો બોલ્યા હતા. આ ઘટના બાદ યુવતીએ યુવક સાથે સંબંધ તોડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ડિપ્રેશનમાં આવી ગઈ હતી અને પરિવાર સાથે વાત કરવાનું પણ બંધ કરી દીધું હતું.

પરિવારજનોની ચિંતા વધી જતાં તેમણે તાત્કાલિક અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. કોલ મળતાની સાથે જ અભયમની રેસ્ક્યૂ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને યુવતીનું કાઉન્સિલિંગ કર્યું હતું. ટીમે યુવતીને સમજાવ્યું કે, જિંદગીમાં આવેશ કે ઉતાવળમાં આવીને આત્મહત્યા જેવાં અંતિમ પગલાં ભરવાં ક્યારેય યોગ્ય નથી. લગ્નસંબંધ હંમેશાં બંને પરિવારોની સહમતિ અને વડીલોના આશીર્વાદથી સ્થિર થાય છે, માત્ર જબરદસ્તીથી સંબંધો ટકાવી શકાતા નથી. હાલ યુવક કોઈ નોકરી કે રોજગાર ધરાવતો ન હોય અને તેનો પરિવાર પણ સહમત ન હોય, ત્યારે વાસ્તવિકતા સ્વીકારવી ખૂબ જ જરૂરી છે. અભયમ ટીમના માર્ગદર્શનથી યુવતીને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો અને તે પોતાના માતા-પિતાની વાત માનવા માટે સહમત થઈ ગઈ હતી.

સૌરાષ્ટ્રના પેરિસના છેલ્લા દીવા પ્રજા વાત્સલ્ય મોરબીના રાજ માતા સ્વ. વિજયરાજ કુંવરબા

રાજમહેલમાં રહીને પણ પ્રજાના હૃદયમાં વસનાર માઁ - 97 વર્ષની સેવા યાત્રાનો અંત

રાજા તો ઘણા થયા, પણ માઁ જેવા રાજા કોઈક જ થાય મોરબીને લોકો પ્રેમથી સૌરાષ્ટ્રનું પેરિસ કહે છે. આ ઉપમા અમથી નથી મળી. પહોળા રસ્તા, નમૂનેદાર બજાર, ઝૂલતો પુલ, મણિમંદિર, નવા દરબારગઢની ઘડિયાળ,લખધીરજી એન્જિનિયરિંગ કોલેજ - આ બધું બનાવ્યું મોરબીના જાડેજા રાજવીઓએ. મહારાજા લખધીરજીએ મોરબીને આધુનિક બનાવ્યું.પણ મકાન બનાવવું સહેલું છે, માણસ બનાવવું અઘરું છે. મોરબીના ઈતિહાસમાં એક નામ એવું છે જેને પ્રજાએ ક્યારેય મહારાણી તરીકે નહીં, પણ માં તરીકે જોયું. તે નામ છે રાજમાતા મહારાણી વિજયરાજ કુંવરબા સાહેબ. જેમનું ૯૭ વર્ષની જૈફ વયે તારીખ ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ મુંબઈ ખાતે દુ:ખદ અવસાન થયું, અને આખું મોરબી રડી પડ્યું.સમાચાર વાયુવેગે ફેલાયા અને આખા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું. મુંબઈથી તેમનો પાર્થિવ દેહ ચાર્ટર પ્લેન મારફતે રાજકોટ થઈને મોરબીના નવા પેલેસમાં લાવવામાં આવ્યો,જ્યાં ગઈકાલે રવિવાર સવારે ૭.૩૦ થી ૧૦ વાગ્યા સુધી અંતિમ દર્શન રાખવામાં આવ્યા અને રાજવી પરંપરા મુજબ અંતિમ સંસ્કાર થયા.

આઝાદીના ૭૮ વર્ષ પછી પણ કોઈ રાજમાતાના નિધન પર આખું શહેર શોકમાં ડૂબી જાય, દુકાનો બંધ થઈ જાય, રાજકીય પક્ષોના ભેદ ભૂલાઈ જાય, લોકોની આંખો ભીની થઈ જાય,તે જ તેમના પ્રજા વાત્સલ્યની સૌથી મોટી સાબિતી છે. આજના નેતાઓ ખુરશી માટે લડે છે, ત્યારે આ રાણી ૭૮ વર્ષ સત્તા વગર પણ પ્રજાના દિલ પર રાજ કરતા રહ્યા.

કોણ હતા રાજમાતા વિજયરાજ કુંવરબા? એક સદીની સાક્ષી

વિજયરાજ કુંવરબા એ મોરબીના છેલ્લા શાસક મહારાજા મહેન્દ્રસિંહ જી જાડેજાના ધર્મપત્ની હતા. મહેન્દ્રસિંહજી એ મોરબીના મહારાજા લખધીરજીના પુત્ર હતા. ૧૯૪૮ માં મોરબી રાજ્ય ભારત સંઘમાં ભળી ગયું, રાજપાટ ગયું, સત્તા ગઈ, તોપોની સલામી ગઈ, પણ પ્રજાનો પ્રેમ ન ગયો.

૧૯૨૯ માં જન્મેલા વિજયરાજ કુંવરબાએ લગભગ એક સદી જોઈ. તેમણે બ્રિટિશ રાજ જોયું, બીજું વિશ્વયુદ્ધ જોયું, આઝાદીની ચળવળ જોઈ,૧૯૪૭ ની આઝાદી જોઈ, રજવાડાનું વિલીનીકરણ જોયું,૧૯૭૯ની મચ્છુ ડેમ હોનારત જોઈ જેમાં હજારો લોકો વહી ગયા, અને ૨૦૨૨ ની ઝૂલતા પુલની દુર્ઘટના પણ જોઈ. દરેક દુ:ખમાં તેઓ મોરબીની સાથે ઉભા રહ્યા.

તેઓ ક્યારેય મુંબઈના મોટા બંગલામાં કાયમ ન રહ્યા. તેમનું મન તો મોરબીમાં જ હતું. દરબારગઢના નવા પેલેસમાં તેમનો એક ઓરડો હંમેશા તૈયાર રહેતો. કોઈ પણ ગરીબ માણસ સવારે આવીને કહે કે મારે બા ને મળવું છે, તો ક્યારેય ના નહોતી. લોકો આજે પણ કહે છે - રાજમાતા ક્યારેય કોઈને ખાલી હાથે પાછા મોકલતા નહીં. કોઈ ગરીબ દીકરીના લગ્ન હોય, કોઈ વિદ્યાર્થીને ફી ભરવી હોય, કોઈ બીમારને દવા જોઈતી હોય, તો દરબારના દરવાજા હંમેશા ખુલ્લા હતા.

પ્રજા વાત્સલ્યના ચાર પ્રસંગો જે મોરબી ક્યારેય નહીં ભૂલે

૧૯૭૯ની મચ્છુ હોનારત - જ્યારે રાજમાતા રડ્યા હતા:૧૧

ઓગસ્ટ ૧૯૭૯ એ મોરબીના ઈતિહાસનો સૌથી કાળો દિવસ. મચ્છુ-૨ ડેમ તૂટ્યો અને આખું મોરબી પાણીમાં ડૂબી ગયું. હજારો લોકો મરી ગયા. સરકારી તંત્ર ખોરવાઈ ગયું હતું. ત્યારે મહારાજા મહેન્દ્રસિંહજી અને મહારાણી વિજયરાજ કુંવરબાએ પોતાના મહેલના દરવાજા ખોલી નાખ્યા. પેલેસમાં રસોડા શરૂ થયા, અસરગ્રસ્તોને આશરો આપ્યો. રાજમાતા પોતે જાતે રસોડામાં જઈને લોકોને જમાડતા હતા, એ દ્રશ્ય આજે પણ વડીલો યાદ કરે છે.

૨૦૨૨ નો ઝૂલતો પુલ અકસ્માત - છેલ્લી મોટી સંવેદના:*

૩૦મી ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ જ્યારે મોરબીનો ઐતિહાસિક ઝૂલતો પુલ તૂટ્યો અને ૧૩૫ નિર્દોષ લોકો, જેમાં ઘણા બાળકો હતા, તેમના જીવ ગયા, ત્યારે આખો દેશ સ્તબ્ધ થઈ ગયો હતો. ત્યારે સૌથી પહેલો સંવેદનાનો સંદેશો રાજમાતા વિજયરાજ કુંવરબાના કાર્યાલયમાં થી આવ્યો હતો. તેમણે કહ્યું હતું - 'આ દુર્ઘટના અત્યંત પીડાદાયક છે, અમે તમારા જ છીએ.' અને તરત જ તેમના પરિવારે મૃતકોના પરિવારોને ૧-૧ લાખની સહાય જાહેર કરી. તેમની દીકરી મીરાબા સાહેબ તરત જ મુંબઈથી મોરબી દોડી આવ્યા હતા અને દરેક ઘરે જઈને આશ્વાસન આપ્યું હતું. તે સમયે સરકાર હતી, તંત્ર હતું, પણ પ્રજાએ રાજમાતા સામે જોઈને જ હિંમત મેળવી હતી.

શિક્ષણ અને દીકરીઓ માટેનો પ્રેમ:મોરબી આજે સિરામિક કેપિટલ છે, પણ તેનો પાયો શિક્ષણ છે. લખધીરજી મહારાજે શાળાઓ બનાવી અને વિજયરાજ કુંવરબાએ તે શાળાઓમાં દીકરીઓને ભણાવવાનું કામ કર્યું. તેઓ હંમેશા કહેતા - દીકરી ભણશે તો બે કુળ તારશે. તેમણે ઘણી ગરીબ દીકરીઓના ભણતરનો ખર્ચો ઉપાડ્યો હતો, ક્યારેય નામ આપ્યા વગર.

રાજકારણથી દૂર, સેવાની નજીક:

રાજવી પરિવારની વરિષ્ઠ સભ્ય તરીકે તેઓ ક્યારેય રાજકારણમાં ન આવ્યા, ક્યારેય ચૂંટણી ન લડ્યા, કોઈ પક્ષનો ખેસ ન પહેર્યો. તેમણે કહ્યું હતું - અમારો પક્ષ એટલે મોરબીની પ્રજા. આ જ કારણથી ભાજપ હોય કે કોંગ્રેસ, બધા જ પક્ષોના નેતાઓ તેમને સમાન આદર આપતા હતા.

એક યુગનો અંત અને વડાપ્રધાનની શ્રદ્ધાંજલિ ૯૭ વર્ષની યાત્રા એટલે લગભગ એક સદીની યાત્રા. આ યાત્રામાં તેમણે વૈભવ પણ જોયો અને વિયોગ પણ જોયો.પતિ મહેન્દ્ર સિંહજીના અવસાન પછી પણ તેમણે પરિવારને એક રાખ્યો.

તેમના અવસાન પર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગુજરાતીમાં શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે તેમને માત્ર રાજવંશી તરીકે નહીં, પણ એક સેવાભાવી વ્યક્તિ તરીકે યાદ કરવા જોઈએ જેમણે સમાજ માટે ઉમદા કાર્ય કર્યું.

મોરબી ગૌરવ સમાચાર અને મોરબી ન્યુઝ જેવા સ્થાનિક સમાચારપત્રોએ લખ્યું - 'મોરબીને સૌરાષ્ટ્રનું પેરિસ બનાવનાર રાજવી પરિવારમાં નિધન થતા સમગ્ર મોરબીની પ્રજાની આંખો ભીની જોવા મળી રહી છે. પ્રજા વત્સલ રાજવી પરિવાર પ્રત્યે આઝાદીના આટલા વર્ષો બાદ પણ મોરબી વાસીઓમાં સમાન આદરભાવ જોવા મળી રહ્યો છે.'

મહારાણી વગરનો દરબાર*આજે જ્યારે રાજાશાહી ક્યાંય નથી, કાયદામાં રાજા-રાણીનો કોઈ અર્થ નથી, ત્યારે પણ મોરબીની પ્રજા તેમને રાજમાતા કેમ કહેતી હતી? કારણ કે રાજા તે નથી જે રાજ કરે, રાજા તે છે જે પ્રજાને પોતાના બાળક જેવી સાચવે. અંગ્રેજીમાં કહેવત છે કિંગ રૂલ્સ બાય પાવર,કિવિન રૂલ્સ બાય હાર્ટ -વિજયરાજ કુંવરબા તેવા જ પ્રજા વાત્સલ્ય રાણી હતા. તેમણે ક્યારેય કોઈને હુકમ ન કર્યો, હંમેશા વિનંતી કરી. તેમણે ક્યારેય કોઈને તું કહ્યું નહીં, હંમેશા તમે કહ્યું.મોરબીનો ઝૂલતો પુલ ફરી બનશે, નવા કારખાના બનશે, નવા રસ્તા બનશે, પણ પ્રજાની આ માઁ જેવી રાણી ફરી નહીં મળે. તેમના જવાથી મોરબીના દરબારગઢની એક દીવાલ ખાલી નથી થઈ,પણ આખા મોરબી નું એક છત્ર ખાલી થયું છે.

રાજમાતા ભલે ગયા,પણ તેમનો પ્રજા વાત્સલ્યનો દીવો હંમેશા બળતો રહેશે.રાજમાતા મહારાણી વિજયરાજ કુંવરબાને કોટી કોટી વંદન. ઓમ શાંતિ. જય મોરબી.

ડેબ્યૂ ટેસ્ટમાં જ 16 વિકેટો ઝડપી, 38 વર્ષે પણ ભારતના સ્ટાર સ્પિનરનો વર્લ્ડ રેકોર્ડ ન તૂટ્યો

નવી દિલ્હી, તા.18

ક્રિકેટ ઈતિહાસમાં કેટલાક પ્રદર્શન એવા હોય છે, જેને સમય પણ ઝાંખા નથી પાડી શકતો. નરેન્દ્ર હિરવાણીનું ટેસ્ટ ડેબ્યૂ આવું જ એક કારનામું છે. 18 ઓક્ટોબર 1968ના રોજ જન્મેલા આ પૂર્વ ભારતીય લેગ સ્પિનરે માત્ર 19 વર્ષની ઉંમરે વેસ્ટ ઈન્ડિઝ સામેની પોતાની પ્રથમ ટેસ્ટ મેચમાં 16 વિકેટ ખેરવીને આખી દુનિયાને ચોંકાવી દીધી હતી. જોકે, ઐતિહાસિક શરૂઆત છતાં હિરવાણી નું ઈન્ટરનેશનલ કરિયર અપેક્ષા પ્રમાણે લાંબું અને એટલું સફળ ન રહ્યું.

નરેન્દ્ર હિરવાણીએ જાન્યુઆરી 1988માં મદ્રાસ (હવે ચેન્નઈ)માં વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. ચશ્મા પહેરનારા આ લેગ સ્પિનરે પ્રથમ ઈનિંગમાં 61 રન આપીને 8 વિકેટ ઝડપી હતી. બીજી ઈનિંગમાં પણ તેની ફિરકીનો જાદુ ચાલુ રહ્યો અને તેણે 75 રન આપીને 8 બેટ્સમેનોને પવેલિયન મોકલી દીધા. આ પ્રકારે હિરવાણી એ આખી મેચમાં 136 રન આપીને 16 વિકેટ ઝડપી અને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી. બીજી ઈનિંગમાં વિકેટકીપર કિરણ મોરેએ તેના બોલ પર પાંચ બેટ્સમેનોને સ્ટમ્પ આઉટ કર્યા હતા. કોઈ ટેસ્ટ ઈનિંગમાં એક બોલરના બોલ પર પાંચ બેટ્સમેનોનું સ્ટમ્પ આઉટ થવું પણ એક અસાધારણ સિદ્ધિ છે. હિરવાણી ના આ પ્રદર્શનથી તે રાતોરાત ચર્ચામાં આવી ગયો.

ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કરતી વખતે સૌથી વધુ વિકેટ લેવાના મામલામાં નરેન્દ્ર હિરવાણી આજે પણ પ્રથમ સ્થાન પર છે. ઓસ્ટ્રેલિયાના બોબ મેસી આ યાદીમાં બીજા નંબરે છે. તેણે 1972માં લોર્ડ્સ ટેસ્ટમાં ઈંગ્લેન્ડ સામે 137 રન આપીને 16 વિકેટ મેળવી હતી. જ્યારે ઈંગ્લેન્ડના ફ્રેડરિક માર્ટિન ત્રીજા સ્થાને છે, જેમણે 1890માં ઓવલમાં ઓસ્ટ્રેલિયા સામે 102 રન આપીને 12 વિકેટ ઝડપી હતી.

નરેન્દ્ર હિરવાણીની સિદ્ધિ એટલા માટે પણ ખાસ છે, કારણ કે તેણે પોતાની પહેલી જ ટેસ્ટમાં તે સમયની મજબૂત ટીમ વેસ્ટ ઈન્ડિઝ સામે આ કારનામું કર્યું હતું. તેના પ્રદર્શનથી ભારતીય ક્રિકેટમાં એક નવી આશા જાગી, પરંતુ આગળ જઈને તે પોતાની શરૂઆતની સફળતાને સતત દોહરાવી ન શક્યો.

નરેન્દ્ર હિરવાણીના નામે ટેસ્ટ ક્રિકેટમાં એક બીજો અનોખો રેકોર્ડ નોંધાયેલો છે. 1990માં ઈંગ્લેન્ડ સામે ઓવલ ટેસ્ટમાં તેણે કોઈપણ બ્રેક વિના સતત 59 ઓવર બોલિંગ કરી હતી. આ દરમિયાન તેણે 18 મેડન ઓવર ફેંકી હતી અને 137 રન આપીને 1 વિકેટ ઝડપી હતી. સતત 59 ઓવર બોલિંગ કરવાનો આ રેકોર્ડ અત્યાર સુધી અતૂટ છે. આ સિદ્ધિ હિરવાણીની સહનશક્તિ અને લાંબા સમય સુધી બોલિંગ કરવાની ક્ષમતા દર્શાવે છે. તેના કરિયરની સૌથી ચર્ચિત સિદ્ધિઓમાં આ રેકોર્ડનું પણ ખાસ સ્થાન છે.

નરેન્દ્ર હિરવાણીએ પોતાની શરૂઆતની 4 ટેસ્ટ મેચોમાં 36 વિકેટ ઝડપી હતી. આટલી શાનદાર શરૂઆત પછી તેમની પાસે ભારતીય ટીમ માટે લાંબા સમય સુધી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની આશા રાખવામાં આવી રહી હતી. પરંતુ ભારતીય ઉપખંડની બહારની પરિસ્થિતિઓમાં તેમને સંઘર્ષ કરવો પડ્યો હતો. આગામી 9 ટેસ્ટ મેચ વિદેશી ધરતી પર રમાઈ હતી, જ્યાં તે માત્ર 21 વિકેટ જ લઈ શક્યો હતો અને તેની બોલિંગ એવરેજ 59 રહી હતી.

ભારતની સ્પિન અનુકૂળ પિચો પર નરેન્દ્ર હિરવાણીના બોલ બેટ્સમેનો માટે મોટો પડકાર હતા, પરંતુ વિદેશી પરિસ્થિતિઓમાં એવો પ્રભાવ જાળવી રાખવો મુશ્કેલ સાબિત થયો. આ દરમિયાન અનિલ કુંબલેના આગમન સાથે હિરવાણી ને ભારતીય ટીમમાં નિયમિત તકો મળવાની પણ ઓછી થઈ ગઈ.

નરેન્દ્ર હિરવાણીનું ઈન્ટરનેશનલ કરિયર 1988થી 1996 સુધી ચાલ્યું. આ દરમિયાન તેણે ભારત માટે 17 ટેસ્ટ અને 18 વન-ડે ઈન્ટરનેશનલ મેચો રમી. ટેસ્ટ ક્રિકેટમાં તેના નામે 30.10ની એવરેજથી 66 વિકેટ નોંધાયેલી છે, જ્યારે વન-ડેમાં તેણે 31.26ની એવરેજથી 23 વિકેટ ઝડપી હતી.

ઈન્ટરનેશનલ ક્રિકેટમાં મર્યાદિત તકો છતાં ઘરેલુ સ્તરે નરેન્દ્ર હિરવાણીનું પ્રદર્શન શાનદાર રહ્યું. તેણે 167 ફર્સ્ટ ક્લાસ મેચોમાં 723 વિકેટ ખેરવી, જેમાં 400થી વધુ વિકેટ મધ્યપ્રદેશ તરફથી આવી હતી. 1996-97ની સિઝનમાં બંગાળ માટે રમતા તેણે 29 વિકેટ પણ મેળવી હતી. હિરવાણીએ 2006માં પોતાના 23 વર્ષ લાંબી ફર્સ્ટ ક્લાસ કરિયરને અલવિદા કહ્યું. ત્યારબાદ 2008માં તેમને રાષ્ટ્રીય સિલેક્શન કમિટીમાં સામેલ કરવામાં આવ્યા અને તેણે ક્રિકેટ એડમિનિસ્ટ્રેશનમાં નવી ભૂમિકા ભજવી.

ક્રિતી સેનનની પર્સનાલિટી રાઈટ્સના રક્ષણ માટે દિલ્હી હાઈકોર્ટમા અરજી

દિલ્હી હાઈકોર્ટે ક્રિતીના વકીલને સુસંગત ચૂકાદાઓ અને અન્ય સંશોધિત સામગ્રી સુપરત કરવા જણાવ્યું

મુંબઈ, તા.18

ક્રિતી સેનને પોતાના પર્સનાલિટી અને પબ્લિસિટી રાઈટ્સના ગેરકાનુની દુરૂપયોગ સામે રક્ષણ મેળવવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. સિંગલ જજ પુરુષૈન્દ્ર કુમારની બેન્ચ સમક્ષ આ કેસ સુનાવણી કરવામાં આવી હતી. ન્યાયાધીશે ક્રિતીના વકીલને સુસંગત ચૂકાદાઓ તથા પર્સનાલિટી રાઈટ્સ વિશેની સંશોધિત સામગ્રીને રેકોર્ડ પર મુકવા જણાવ્યું હતું. ક્રિતીની કાનુની ટીમ દ્વારા સુપરત કરવામાં આવેલી સામગ્રીનો અભ્યાસ કરી હાઈકોર્ટ તેનો ચૂકાદો આપશે. આ કેસનું વધુ સુનાવણી ૨૯ ઓક્ટોબરે કરવામાં આવશે. સેલિબ્રિટીઓના નામ અને ઈમેજનો ગેરકાયદે વેપારી ઉપયોગ થવા ઉપરાંત હવે એઆઇ જનરેટેડ સામગ્રીનો પણ ગેરકાયદે ઓનલાઇન દુરૂપયોગ વધી રહ્યો છે ત્યારે ઘણાં ફિલ્મ સ્ટાર્સે આવી અરજી નોંધાવીને એક પ્રકારનું કાનુની રક્ષણ મેળવ્યું છે. બીગ બીથી માંડી અનિલ કપૂર સુધી ઘણાં ફિલ્મસ્ટાર્સે આવું કાનુની રક્ષણ હાઈકોર્ટમાંથી મેળવ્યું છે.

રણજી ટ્રોફી રમવા ઉતર્યો શુભમન ગિલ પરંતુ 1 રનમાં જ સ્પિનરે બોલ્ડ માર્યો

નવી દિલ્હી, તા.18

ન્યૂઝીલેન્ડ પ્રવાસ પહેલાં રણજી ટ્રોફીમાં રમવા ઉતરેલા શુભમન ગિલની શરૂઆત નિરાશાજનક રહી હતી. પંજાબ અને છત્તીસગઢ વચ્ચેની મેચની પ્રથમ ઈનિંગ્સમાં ગિલ માત્ર 1 રન બનાવીને આઉટ થયો હતો. છત્તીસગઢના ડાબોડી સ્પિનર અજય મંડલે તેને ક્લીન બોલ્ડ કર્યો હતો. ગિલ પાંચ બોલ જ રમી શક્યો હતો. ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી પહેલાં પોતાની તૈયારીઓને મજબૂત કરવા મેદાનમાં ઉતરેલા ગિલને રણજીની પ્રથમ ઈનિંગ્સમાં નિષ્ફળતા મળી હતી. પંજાબ તરફથી ચોથા ક્રમે બેટિંગ કરવા ઉતરેલો ગિલ શરૂઆતમાં સાવચેતીપૂર્વક રમતો હતો. પ્રથમ ચાર બોલ પર તેણે રક્ષણાત્મક બેટિંગ કરી હતી, પરંતુ પાંચમા બોલ પર તે ભૂલ કરી બેઠો હતો. અજય મંડલે આર્મ બોલ ફેંક્યો હતો. આ બોલ સામાન્ય સ્પિનની જેમ ટર્ન થયો નહોતો અને સીધો બેટ તથા પૅડ વચ્ચેની જગ્યામાંથી પસાર થઈને મિડલ સ્ટમ્પ સાથે અથડાયો હતો. ગિલ બોલની દિશા પારખવામાં થાપ ખાઈ ગયો હતો અને માત્ર 1 રન

બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. આ મેચમાં પંજાબની કમાન ગિલના હાથમાં નહોતી. ટીમનું નેતૃત્વ ઉદય સહારન કરી રહ્યો હતો.

ભારતીય ટીમે આગામી મહિને ન્યૂઝીલેન્ડ સામે બે ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પહોંચવા માટે આ શ્રેણી ભારત માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે. તેથી ભારતીય ખેલાડીઓ ટેસ્ટ શ્રેણી પહેલાં પૂરતી તૈયારી કરવા માગે છે. અહેવાલો અનુસાર, ગિલ સહિત કેટલાક ખેલાડીઓ ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણીની કેટલીક મેચો રમ્યા બાદ ટેસ્ટની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરશે. બીજી તરફ, કેટલાક ટેસ્ટ ખેલાડીઓ ઈન્ડિયા-એ ટીમ સાથે ન્યૂઝીલેન્ડમાં રમીને ત્યાંની પરિસ્થિતિનો અનુભવ મેળવશે. ગિલે પણ ટેસ્ટ શ્રેણી પહેલાં રણજી ટ્રોફીમાં રમવાનો નિર્ણય લીધો હતો, પરંતુ પ્રથમ ઈનિંગ્સમાં તેનું બેટિંગ પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. હવે આગામી મેચોમાં તે કેવું પ્રદર્શન કરે છે તેના પર નજર રહેશે.

30 વર્ષનો અજય મંડલ છત્તીસગઢનો અનુભવી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેના નામે 2,000થી વધુ રન અને 130થી વધુ વિકેટ નોંધાયેલી છે. અજય મંડલ છત્તીસગઢ તરફથી રણજી ટ્રોફીમાં 100 વિકેટ લેનારો પ્રથમ બોલર બન્યો હતો. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેના નામે પાંચ સદી અને પાંચ વિકેટ લેવાના અનેક પ્રદર્શન પણ નોંધાયેલાં છે. ઈન્ડિયન પ્રીમિયર લીગમાં તે દિલ્હી કેપિટલ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સની ટીમનો હિસ્સો રહી ચૂક્યો છે. ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી પહેલાં ગિલનું રણજી ટ્રોફીમાં આ પ્રદર્શન અપેક્ષા મુજબનું રહ્યું નથી. આગામી ઈનિંગ્સમાં તે બેટથી કેવો જવાબ આપે છે તે જોવાનું રહેશે. પંજાબ તરફથી ચોથા ક્રમે બેટિંગ કરવા ઉતરેલો ગિલ શરૂઆતમાં સાવચેતીપૂર્વક રમતો હતો. પ્રથમ ચાર બોલ પર તેણે રક્ષણાત્મક બેટિંગ કરી હતી, પરંતુ પાંચમા બોલ પર તે ભૂલ કરી બેઠો હતો. અજય મંડલે આર્મ બોલ ફેંક્યો હતો. આ બોલ સામાન્ય સ્પિનની જેમ ટર્ન થયો નહોતો અને સીધો બેટ તથા પૅડ વચ્ચેની જગ્યામાંથી પસાર થઈને મિડલ સ્ટમ્પ સાથે અથડાયો હતો. ગિલ બોલની દિશા પારખવામાં થાપ ખાઈ ગયો હતો અને માત્ર 1 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. આ મેચમાં પંજાબની કમાન ગિલના હાથમાં નહોતી. ટીમનું નેતૃત્વ ઉદય સહારન કરી રહ્યો હતો.

'તે મુસીબતમાં પણ મારો સાથ ન છોડ્યો, તુ ખરેખર મારી જાન છે...', દેવાદાર અભિનેતાની પત્ની માટે ઈમોશનલ પોસ્ટ

મુંબઇ, તા.18

બોલિવૂડ અભિનેતા રાજપાલ યાદવ હાલમાં ફિલ્મો કરતાં ચેક બાઉન્સ કેસને લઈને વધુ ચર્ચામાં છે. એક તરફ તેમણે સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો છે કે, 14 વર્ષ બાદ તેમને પક્ષ રજૂ કરવાની તક મળી, તો બીજી તરફ 22 કરોડના નવા દાવા સામે સવાલો ઉઠાવ્યા છે. આ દરમિયાન 55 વર્ષના રાજપાલ યાદવે સોશિયલ મીડિયા પર લાંબી પોસ્ટ લખીને પત્ની રાધાનો આભાર માન્યો છે.

પત્નીને પરિવારનો 'હીરો' ગણાવતાં 'ભૂલભૂલૈયા'ના અભિનેતાએ કહ્યું કે, તેઓ ભાગ્યશાળી છે કે તેમના જીવનમાં રાધા જેવી વ્યક્તિ આવી, જેણે મુશ્કેલમાં મુશ્કેલ સમયમાં પણ તેમનો સાથ છોડ્યો નથી.

શનિવારે રાધાનો જન્મદિવસ હતો. આ પ્રસંગે રાજપાલ યાદવે પત્ની સાથેની એક સુંદર તસવીર શેર કરીને તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. આ સાથે જ તેમણે કહ્યું કે, જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવા છતાં રાધા હંમેશાં તેમની સાથે ખડકની

જેમ અડીખમ ઊભી રહી છે.

રાજપાલ યાદવનો ચેક બાઉન્સ કેસ મેસર્સ મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે સંબંધિત છે. સુપ્રીમ કોર્ટે આ મામલો મધ્યસ્થી માટે મોકલ્યો છે. આ સાથે જ યોગ્ય શરતોને આધીન રાજપાલ યાદવને પાસપોર્ટ જાહેર કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.

રાજપાલ યાદવે ઈન્સ્ટાગ્રામ પર પત્ની માટેની પોસ્ટમાં લખ્યું કે, 'માતાપિતા, ગુરુ (દદ્દા), મારી અંદરના મનોરંજન કુમાર (MRK) અને પરમપિતા પરમેશ્વર, પરમાત્મારૂપી બ્રહ્માંડ પછી જો મારા જીવનમાં કોઈનું સૌથી મોટું ઋણ હોય, તો તે મારી પ્રિય રાધાનું છે. આ ઋણ હું હૃદયપૂર્વક અને ખુશીથી હંમેશાં માટે સ્વીકારું છું. મને એ વાતનો ગર્વ પણ છે કે તું મારા જીવનમાં આવી. જીવનની ભાગદોડના દરેક વળાંક પર અને દરેક મુશ્કેલ ઘડીમાં તે ધીરજ જાળવીને મારો સાથ ક્યારેય છોડ્યો નથી.'

રાજપાલ યાદવે આગળ લખ્યું કે, 'મારી સાથે આટલું બધું સહન કર્યા પછી પણ તે મારા બાળકોને સારી રીતે ભણાવ્યાં અને તેમને જીવનના પાઠ શીખવ્યા. આ મારું સપનું હતું, પરંતુ તેં તેને પૂરું કર્યું. આજ સુધી તે મારી પાસે કંઈ માગ્યું નથી. તેના બદલે તે મારા અને મારા પરિવારની ખુશીઓ માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું.'

પોસ્ટના અંતમાં પત્નીની પ્રશંસા કરતાં રાજપાલ યાદવે લખ્યું કે, 'સાચે જ, તું આપણા પરિવારનો એક હીરો છે. આ બધાં માટે હું જીવનભર તારો આભારી હતો, આજે પણ છું અને હંમેશાં રહીશ. મારી સ્વીટહાર્ટ, તને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ! હું તને હંમેશાં પ્રેમ કરતો રહીશ, મારી જાન રાધા!'

રાજપાલ યાદવના આ બીજા લગ્ન છે. તેમની પહેલી પત્ની કરુણાનું બાળકને જન્મ આપ્યાના થોડા સમય બાદ દુર્ભાગ્યવશ નિધન થયું હતું. પહેલી પત્નીથી તેમને જ્યોતિ નામની એક દીકરી છે. ત્યારબાદ રાજપાલ યાદવે વર્ષ 2003માં રાધા સાથે લગ્ન કર્યાં હતા. આ દંપતીને હર્ષિતા અને રેહાંશી નામની બે દીકરીઓ છે.

આ દરમિયાન ANI સાથે વાત કરતા રાજપાલ યાદવે સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, અદાલતે તેમને પક્ષ રજૂ કરવાની તક આપી છે અને તેઓ કોર્ટના આદેશોનું પાલન કરશે. અભિનેતાએ કહ્યું કે,'સૌથી પહેલાં હું માનનીય સુપ્રીમ કોર્ટનો હૃદયપૂર્વક આભાર માનવા માગું છું કે તેમણે 14 વર્ષમાં પહેલીવાર મને મારો પક્ષ રજૂ કરવાની તક આપી. સુપ્રીમ કોર્ટ જે પણ આદેશ આપશે, તેનું હું દરેક સંજોગોમાં પાલન કરીશ.'

રણબીરે પૂણેનો એપાર્ટમેન્ટ મહિને 4.63 લાખ રૂ.ના માસિક ભાડે આપ્યો

■ **ચરવડામાં આવેલા ટ્રમ્પ ટાવરમાં દસમો માળ લીવ એન્ડ લાઈસન્સ ધોરણે ત્રણ વર્ષ માટે ભાડા પેટે આપ્યો**

મુંબઇ, તા.18

રણબીર કપૂરે પૂણેના કલ્યાણીનગરમાં આવેલાં ટ્રમ્પ ટાવર એમાં આવેલો પોતાનો દસમા માળનો એપાર્ટમેન્ટ ત્રણ વર્ષ માટે લીવ એન્ડ લાઈસન્સ ધોરણે ભાડાં પર આપ્યો છે. ૬૦૯૪ ચોરસ ફૂટના આ એપાર્ટમેન્ટની સાથે ત્રણ કવર્ડ પાર્કિંગ સ્પેસીસનો પણ સમાવેશ થાય છે.

૨૦સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૯ સુધી માન્ય લીવ એન્ડ લાઈસન્સ કરાર અનુસાર પ્રથમ વર્ષ માટે માસિક ભાડું ૪.૬૩ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે તેમાં દર વર્ષે પાંચ ટકાનો વધારો થતાં બીજા વર્ષે માસિક ભાડું ૪.૮૬ લાખ રૂપિયા અને ત્રીજા વર્ષે માસિક ભાડું ૫.૧૧ લાખ રૂપિયા થશે. આ કરારમાં ૨૭.૭૮ લાખ રૂપિયાની સિક્યુરિટી ડિપોઝીટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ત્રણ વર્ષમાં રણબીર કપૂરને પોણાં બે કરોડ રૂપિયાની ભાડાંની આવક આ એપાર્ટમેન્ટમાંથી થશે.

આ એપાર્ટમેન્ટ રૂચિ ગોયલને ભાડે આપવા માટે છ ઓક્ટોબરે કરાર કરવામાં આવ્યો છે.

રણબીર કપૂરે તેના પિતા ઋષિ કપૂર સાથે આ એપાર્ટમેન્ટ ૨૦૧૫માં તેર કરોડ રૂપિયામાં ખરીદ્યો હોવાનું મનાય છે. હાલ રણબીર કપૂર તેની આગામી ફિલ્મ રામાયણના પ્રમોશનમાં વ્યસ્ત છે.

પ્રિયદર્શન નિર્દેશિત આગામી ફિલ્મમાં અક્ષયકુમાર શિકારીની ભૂમિકામાં

■ **રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં વિવિધ વન વિસ્તારોમાં ત્રણ મહિના સુધી આ ફિલ્મનું શૂટિંગ કરવામાં આવશે**

મુંબઇ, તા.18

પ્રિયદર્શન અને અક્ષય કુમારની જોડીની એક ઓર ફિલ્મ આવી રહી છે. પ્રિયદર્શનની આગામી ફિલ્મમાં અક્ષય કુમાર શિકારીની ભૂમિકામાં જોવા મળશે.

આ ફિલ્મનું નિર્માણ રમેશ તૌરાણી કરી રહ્યા છે. જો કે, પ્રિયદર્શને આ મામલે હાલ કશું કહેવાની ના પાડી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર નવેમ્બરના

છેલ્લા અઠવાડિયામાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દેવામાં આવશે. રાજસ્થાન અને મધ્યપ્રદેશના વનવિસ્તારોમાં તથા મુંબઈમાં બનાવવામાં આવનારા સેટ્સ પર ત્રણ મહિના સુધી શૂટિંગ કરવામાં આવશે.

આ ફિલ્મમાં અક્ષય કુમાર ઉપરાંત અન્નુ કપૂર અને રાજપાલ યાદવ પણ મહત્વની ભૂમિકાઓ ભજવી રહ્યા છે. હાલ ફિલ્મની હિરોઈન માટે ખોજ ચાલુ છે. ફિલ્મની પટકથા પ્રિયદર્શન અને રોહન શંકરે લખી છે. બંને જણાંએ અગાઉ ભૂતબંગલા ફિલ્મમાં સાથે કામ કર્યું છે.

3 દિવસમાં 300 કરોડની કમાણી... રજનીકાંતની 'જેલર-2' અનેક રેકોર્ડ બ્રેક કરવા તરફ અગ્રેસર

મુંબઇ, તા.18

રજનીકાંતનો અર્થ છે સુપરસ્ટાર, અને સુપરસ્ટારનો અર્થ છે રજનીકાંત. 75 વર્ષની ઉંમરે, દરેક પેઢીના આ સુપરસ્ટાર નેલસન દિલીપકુમારના ડાયરેક્શનમાં બનેલી ફિલ્મ 'જેલર-2' સાથે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહ્યા છે. રિલીઝના માત્ર ૩ દિવસમાં આ એક્શન થ્રિલર ફિલ્મે દુનિયાભરના બોક્સ ઓફિસ પર 300 કરોડ રૂપિયાથી વધારેની કમાણી કરી લીધી છે અને તે ઝડપથી 400 કરોડ રૂપિયાના આંકડાને પાર કરવા તરફ આગળ વધી રહી છે.

આ વાતમાં કોઈ શંકા નથી કે હવે 'જેલર-2' કોઈપણ તમિલ ફિલ્મ માટે અત્યાર સુધીનું સૌથી મોટું ઓપનિંગ વીકેન્ડ સાબિત થવા જઈ રહ્યું છે. આ ફિલ્મ 8 વર્ષ જૂની ફિલ્મ '2.0'ની કુલ કમાણી પાછળ છોડીને, અત્યાર સુધીની નંબર 1 તમિલ ફિલ્મ બનવાના રસ્તે ઝડપથી આગળ વધી રહી છે.

રજનીકાંતની 'જેલર-2'ની બોક્સ ઓફિસ કમાણીમાં ત્રીજા દિવસે ભારે ઉછાળો આવ્યો છે. સૈકનિલ્ક પ્રમાણે શનિવાર 17 ઓક્ટોબરે આ એક્શન ડ્રામા ફિલ્મે ભારતમાં 47.80 કરોડ રૂપિયાની નેટ કમાણી કરી. આ શુક્રવારની 37.10 કરોડ રૂપિયાની કમાણી સામે 28.8% નો વધારો છે. સિનેમાઘરોમાં રિલીઝ થયાના ત્રણ દિવસની અંદર જ ફિલ્મની વર્લ્ડવાઈડ ગ્રોસ કમાણી 317.15

કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ સાથે જ ભારતમાં તેની નેટ કમાણી 100 કરોડ રૂપિયાના આંકડાને પણ પાર કરી ગઈ છે.

શનિવારે 14,604 શોઝ દ્વારા ફિલ્મે 47.80 કરોડ રૂપિયાની કમાણી કરી. ભારતમાં તેની કુલ નેટ કમાણી હવે 144.60 કરોડ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે ઘરેલુ ગ્રોસ કલેક્શન 169.65 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. ત્રીજા દિવસે વિદેશી બજારોથી 47.50 કરોડ રૂપિયાની કમાણી થઈ, જેનાથી ત્યાંનું કુલ ગ્રોસ કલેક્શન 147.50 કરોડ રૂપિયા થઈ ગયું છે. આ આંકડાઓને મિલાવીને ફિલ્મની વર્લ્ડવાઈડ ગ્રોસ કમાણી 317.15 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

શનિવારની ઘરેલુ કમાણીમાં સૌથી મોટો હિસ્સો તમિલ વર્ઝનનો રહ્યો. તેણે 7,802 શોઝથી 34.60 કરોડ રૂપિયાની કમાણી કરી. તેલુગુ વર્ઝને 8.50 કરોડ રૂપિયા કમાયા, જ્યારે હિન્દી વર્ઝને 4.25 કરોડ રૂપિયાની કમાણી કરી, કન્નડ વર્ઝનની વાત કરીએ તો 45 લાખ રૂપિયાની કમાણી કરી. આ ચારેય વર્ઝનને મિલાવીને ભારતમાં ફિલ્મની કુલ નેટ કમાણી 47.80 કરોડ રૂપિયા રહી.

બીજી તરફ હવે સૌની નજર 'જેલર-2'ના ચોથા દિવસે એટલે કે રવિવાર પર છે. એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે તેનો બિઝનેસ પણ 100 કરોડ રૂપિયાથી ઉપર રહેવાનો છે. તેનો અર્થ એ છે કે ફિલ્મનું કુલ ઓપનિંગ વીકેન્ડ 425 કરોડ રૂપિયાથી વધારેનું હશે. આ ભારતમાં અત્યાર સુધીના સૌથી મોટા ઓપનિંગ વીકેન્ડ્સમાંથી એક છે, અને કોઈપણ તમિલ ફિલ્મ માટે અત્યાર સુધીનું સૌથી મોટું ઓપનિંગ વીકેન્ડ છે.

HDFC બેંકનો નફો 4.7% વધીને ₹19,510 કરોડ થયો: બીજા ત્રિમાસિક ગાળામાં નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ 9.7% વધી

મુંબઈ, તા.18

દેશની સૌથી મોટી ખાનગી બેંક HDFCએ આ વર્ષની જુલાઈથી સપ્ટેમ્બર સુધીની ત્રિમાસિક ગાળાનાં પરિણામો આજે 17 ઑક્ટોબરે જાહેર કર્યા છે. બેંકનો સ્ટેન્ડઅલોન નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 4.7% વધીને 19,510 કરોડ પર પહોંચી ગયો છે.

બેંકની નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (NII) વાર્ષિક ધોરણે 9.7% વધીને 34,619 કરોડ થઈ ગઈ છે. બીજી તરફ, બેંકની એસેટ ક્વૉલિટીમાં પણ સુધારો થયો છે.

CNBC TV18ના પોલમાં નેટ પ્રોફિટમાં 5% વધારા સાથે 19,567 કરોડ અને NIIમાં 10% વધારા સાથે 34,861 કરોડ રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેનો અર્થ એ છે કે બેંકનાં પરિણામો અંદાજોની ખૂબ નજીક રહ્યાં.

જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં HDFC બેંકનું નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM) કુલ એસેટ્સ પર 3.16% અને ઈન્ટરેસ્ટ-અર્નિંગ એસેટ્સ પર 3.32% રહ્યું. ત્રિમાસિક ગાળા માટે બેંકની જોગવાઈઓ અને કન્ટિજેન્સીઝ 3,570 કરોડ રહી, જ્યારે કુલ ક્રેડિટ કોસ્ટ રેશિયો 0.44% નોંધાયો. 30 સપ્ટેમ્બર 2026 સુધી બેંકનો ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ (GNPA) રેશિયો સુધરીને 1.11% થઈ ગયો. અગાઉ એટલે કે જૂન 2026ની ત્રિમાસિકમાં તે 1.17% અને એક વર્ષ પહેલાં (સપ્ટેમ્બર 2025માં) 1.24% હતો.

એગ્રીકલ્ચર સેગમેન્ટની એનપીએને બાદ કરીએ તો GNPA રેશિયો 0.87% રહ્યો, જે જૂન 2026માં 0.91% અને સપ્ટેમ્બર 2025માં 0.99% હતો. સપ્ટેમ્બર ત્રિમાસિકના અંતે નેટ NPA રેશિયો 0.37% નોંધાયો.

30 સપ્ટેમ્બર 2026 સુધી બેંકના ગ્રોસ એડવાન્સ વાર્ષિક ધોરણે 16.3% વધીને 32,19,500 કરોડ થઈ ગયા, જ્યારે એડવાન્સિસ અંડર મેનેજમેન્ટમાં 15.3%નો વધારો થયો.

રિટેલ લોન: 11.7%નો વધારો. સ્મોલ એન્ડ મિડ-માર્કેટ એન્ટરપ્રાઈઝ લોન: 23.5%ની વૃદ્ધિ. કોર્પોરેટ અને અન્ય હોલસેલ લોન: 16.4%નો વધારો.

ત્રિમાસિક દરમિયાન એવરેજ એડવાન્સિસ અન્ડર મેનેજમેન્ટ 31,87,200 કરોડ રહ્યા, જે વાર્ષિક ધોરણે 14.1% અને ત્રિમાસિક ધોરણે 4.9% વધુ છે.

કુલ ડિપોઝિટ્સ વાર્ષિક ધોરણે

18.8% વધીને સપ્ટેમ્બરના અંતે 33,27,400 કરોડ પર પહોંચ્યા. એવરેજ ડિપોઝિટ્સ 16.8% વધીને 31,66,400 કરોડ રહ્યા, જેમાં ત્રિમાસિક ધોરણે 5.1%નો વધારો જોવા મળ્યો.

કરન્ટ એકાઉન્ટ અને સેવિંગ્સ એકાઉન્ટ (CASA) ડિપોઝિટ્સ વાર્ષિક ધોરણે 10.8% વધ્યા, જે કુલ ડિપોઝિટ્સના 31.6% છે. બીજી તરફ, ટાઈમ ડિપોઝિટ્સમાં 22.8%નો વધારો થયો.

30 સપ્ટેમ્બર 2026 સુધી બેઝલ III હેઠળ HDFC બેંકનો કેપિટલ એડિક્વેસી રેશિયો 18.9% રહ્યો, જે 11.9%ની રેગ્યુલેટરી જરૂરિયાત કરતાં ઘણો વધારે છે. એક વર્ષ પહેલાં તે 20% હતો.

તેમાં ટિયર 1 કેપિટલ એડિક્વેસી રેશિયો 17.2% અને કોમન ઈક્વિટી ટિયર 1 (CET1) રેશિયો 17.1% રહ્યો.

આ ત્રિમાસિક ગાળામાં બેંકની નેટ આવક 48,450 કરોડ રહી, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં 45,900 કરોડ હતી. અન્ય આવક 13,830 કરોડ રહી, જેમાં 9,690 કરોડની ફી અને કમિશનનો સમાવેશ થાય છે. ટ્રેઝરી ટ્રેડિંગ ગેઈન્સ ઘટીને 780 કરોડ રહ્યા, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં 2,390 કરોડ હતા.

ઓપરેટિંગ ખર્ચ 17,980 કરોડથી વધીને 18,970 કરોડ થયો, જ્યારે કોસ્ટ-ટુ-ઈન્કમ રેશિયો 39.1% રહ્યો. બેંકે જણાવ્યું કે ટ્રેઝરી ટ્રેડિંગ ગેઈન્સને બાદ કરતાં તેનો નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે આશરે 12.6% વધ્યો છે.

પરિણામ જાહેર થાય તે પહેલાં શુક્રવારે HDFC બેંકનો શેર 0.28%ના વધારા સાથે 728.85 પર બંધ થયો હતો. વર્ષ 2026માં અત્યાર સુધીમાં આ શેરમાં 26.5%નો ઘટાડો થયો છે. બેંકનું માર્કેટ કેપ લગભગ 11.24 લાખ કરોડ છે.

નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ (NII): બેંક મુખ્યત્વે બે કામ કરે છે- ડિપોઝિટ સ્વીકારવી અને લોન આપવી. લોન આપવા પર બેંકને મળતા વ્યાજમાંથી થાપણદારોને ચૂકવવામાં આવતા વ્યાજને બાદ કર્યા પછી બચેલી રકમને નેટ ઈન્ટરેસ્ટ ઈન્કમ કહેવામાં આવે છે. આ બેંકની મુખ્ય આવક હોય છે.

નેટ ઈન્ટરેસ્ટ માર્જિન (NIM): આ બેંકની નાણાકીય સ્થિતિ માપવાનો એક માપદંડ છે. બેંક પોતાની કુલ વ્યાજ કમાતી સંપત્તિઓ (જેમ કે લોન) પર જેટલું વ્યાજ કમાય છે અને થાપણો પર જેટલું વ્યાજ ચૂકવે છે, તે બંને વચ્ચેના તફાવતને ટકાવારીમાં વ્યક્ત કરવામાં આવે ત્યારે તેને નેટ ઈન્ટરેસ્ટ માર્જિન કહેવામાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ અથવા સંસ્થા કોઈ બેંક પાસેથી લોન લઈને તેને પરત કરતી નથી, ત્યારે તેને બેડ લોન અથવા નોન-પરફોર્મિંગ એસેટ અથવા NPA કહેવામાં આવે છે. એટલે કે, આ લોનની વસૂલાતની શક્યતા ઘણી ઓછી હોય છે. પરિણામે બેંકના પૈસા ડૂબી જાય છે અને બેંક ખોટમાં જાય છે.

ભારતીય રિઝર્વ બેંક (RBI)ના નિયમો અનુસાર, જો કોઈ બેંક લોનનો હપ્તો 90 દિવસ એટલે કે ત્રણ મહિના સુધી ચૂકવવામાં ન આવે, તો તે લોનને NPA જાહેર કરવામાં આવે છે. અન્ય નાણાકીય સંસ્થાઓના કિસ્સામાં આ મર્યાદા 120 દિવસની હોય છે. બુક ક્લિયર કરવા માટે બેંકોને આવું કરવું પડે છે.

દર મહિને 50,000 રૂપિયાનું પેન્શન જોઈએ છે?: તો રિટાયરમેન્ટ પછી નિયમિત આવક માટે અત્યારથી જ પ્લાનિંગ કરો

નવી દિલ્હી, તા.18

શું તમે ક્યારેય વિચાર્યું છે કે જ્યારે તમારી નોકરી છૂટી જશે અથવા તમે નિવૃત્ત થશો, ત્યારે તમારા ઘરના ખર્ચા કેવી રીતે ચાલશે? નિવૃત્તિ પછી મોટાભાગના લોકોની આવક ધીમે-ધીમે ઘટતી જાય છે. પરંતુ જો તમે ઈચ્છો છો કે નોકરી પછી પણ દર મહિને એક નિશ્ચિત આવક મળતી રહે, તો તેના માટે સમયસર આયોજન કરવું જરૂરી છે. જો તમે 60 વર્ષની ઉંમરે નિવૃત્ત થવા માંગો છો અને ત્યાર પછી દર મહિને 50,000ની આવક મેળવવા ઈચ્છો છો, તો તમારે અત્યારથી જ રોકાણ શરૂ કરી દેવું જોઈએ. સારી વાત એ છે કે નાની ઉંમરે રોકાણ શરૂ કરવાથી દર મહિને ઓછા પૈસા રોકીને પણ નિવૃત્તિ માટે મોટું ફંડ તૈયાર થઈ શકે છે. જો રોકાણ પર વાર્ષિક 12% વળતર મળે, મોંઘવારી 6% રહે અને આયુષ્ય 85 વર્ષ માનવામાં આવે, તો ઉંમર પ્રમાણે રોકાણનો અંદાજ આ રીતે છે.

નિવૃત્તિ પછી દર મહિને 50,000ની નિયમિત આવક માટે 20 વર્ષની ઉંમરથી આશરે 13,114 પ્રતિ મહિને રોકાણ કરવું પડશે, જેથી 60 વર્ષની ઉંમર સુધીમાં 15.42 કરોડનું મોટું ફંડ તૈયાર થઈ શકે છે. જો રોકાણ 30 વર્ષની ઉંમરે શરૂ કરશો, તો 24,650 અને 35 વર્ષની ઉંમરે દર મહિને આશરે 34,265નું રોકાણ કરવું પડશે.

જ્યારે 40 વર્ષની ઉંમરે શરૂ કરવા પર દર મહિને 48,630 સુધીનું રોકાણ કરવું પડશે.

જોકે, આ અંદાજ દર્શાવેલા વળતર અને રોકાણ ફંડના આંકડા પર આધારિત છે. વાસ્તવિક વળતર બજાર અને રોકાણના વિકલ્પ પ્રમાણે અલગ-અલગ હોઈ શકે છે. નિષ્ણાતોની સલાહ છે કે 12% વળતર, 6% મોંઘવારી અને તમારી જોખમ લેવાની ક્ષમતા અનુસાર SIP, NPS અને PPF જેવા વિકલ્પોમાં વહેલી શરૂઆત કરીને કમ્પાઉન્ડિંગનો લાભ લેવો જોઈએ.

નિવૃત્તિ પછી જમા કરેલા પૈસામાંથી નિયમિત આવક મેળવવા માટે સિસ્ટમેટિક વિથડ્રોલ પ્લાન (SWP) એક સ્માર્ટ વિકલ્પ છે. તેમાં મ્યુચ્યુઅલ ફંડમાંથી દર મહિને અથવા ત્રિમાસિક ધોરણે નક્કી રકમ ઉપાડી શકાય છે. જોકે, ઉપાડ સાથે ફંડની કિંમત ઘટી પણ શકે છે અને વળતરની કોઈ ગેરંટી હોતી નથી. નિવૃત્તિ માટે માત્ર એક જ વિકલ્પ પર આધાર રાખવાને બદલે તમારી જરૂરિયાત અને જોખમ લેવાની ક્ષમતા અનુસાર રોકાણની રકમને SIP, NPS અને PPFમાં વહેંચવી વધુ સારું હોઈ શકે છે. SIP મ્યુચ્યુઅલ ફંડમાં દર મહિને નક્કી રકમનું રોકાણ કરવાની પદ્ધતિ છે. તેમાં વળતરની કોઈ ગેરંટી હોતી નથી.

NPS નિવૃત્તિ માટે બનાવવામાં આવેલો રોકાણ વિકલ્પ છે, જેમાં નિયમો અનુસાર જમા રકમનો ઉપયોગ કરવામાં આવે છે.

PPF લાંબા ગાળાની બચત માટે શ્રેષ્ઠ વિકલ્પ છે, જેના પર સરકાર નિશ્ચિત દરે વ્યાજ આપે છે.

નોકરી દરમિયાન EPF દ્વારા પણ બચત કરી શકાય છે. આ ઉપરાંત તમે બોન્ડને પણ પોર્ટફોલિયોના ભાગ તરીકે સામેલ કરી શકો છો.

નિયમ મુજબ, વર્તમાન માસિક ખર્ચના આશરે 300 ગણા જેટલું નિવૃત્તિ ફંડ બનાવવાનું લક્ષ્ય રાખી શકાય છે. જોકે, યોગ્ય રકમ તમારી જરૂરિયાતો અને મોંઘવારી પર નિર્ભર રહેશે. તમે ઘરખર્ચ, પરિવારની જરૂરિયાતો અને સારવાર માટે થતા ખર્ચનો અંદાજ પણ લગાવો. સાથે જ, ઈમરજન્સી ફંડ અને હેલ્થ ઈન્સ્યોરન્સની વ્યવસ્થા અલગ રાખો, જેથી અચાનક આવતા ખર્ચ માટે નિવૃત્તિની બચત ઉપાડવી ન પડે. તેથી રોકાણની યોજના બનાવતી વખતે નિવૃત્તિ પછી મળતા વળતર, ટેક્સ અને ઉપાડને પણ ધ્યાનમાં રાખો.

અંબાણી સાથે જામનગરમાં મુલાકાત કરશે અમેરિકી મંત્રી: ટેક્સાસ રિફાઈનરીમાં રિલાયન્સના રોકાણ અંગે ચર્ચા શક્ય

નવી દિલ્હી, તા.18

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો આગામી અઠવાડિયે બે દિવસની ભારત મુલાકાતે આવી રહ્યા છે. પોતાની આ મુલાકાત દરમિયાન તેઓ ગુજરાતમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના રિફાઈનરી કોમ્પ્લેક્સમાં લગભગ 9 કલાક વિતાવશે. અહીં તેઓ રિલાયન્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણી સાથે પણ મુલાકાત કરશે.

મીડિયા અહેવાલો અનુસાર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અમેરિકાના ટેક્સાસમાં આવેલી એક ઓઈલ રિફાઈનરીમાં મોટું રોકાણ કરવાની તૈયારીમાં છે. આ જ કારણસર આ મુલાકાતને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

રુબિયોના નિર્ધારિત કાર્યક્રમ મુજબ, તેઓ 20 ઓક્ટોબરે સૌથી પહેલાં મુંબઈ પહોંચશે. 21 ઓક્ટોબરે તેઓ જામનગર માટે રવાના થશે. ત્યાં તેઓ મુકેશ અંબાણી સાથે મુલાકાત કરશે અને રિફાઈનરી કોમ્પ્લેક્સની મુલાકાત લેવા ઉપરાંત 'વનતારા' વાઈલ્ડલાઈફ એન્ડ એનિમલ રિહેબિલિટેશન સેન્ટરની પણ મુલાકાત લઈ શકે છે.

ગુજરાતથી નીકળતા પહેલાં અમેરિકાના વિદેશ મંત્રીની

ભારતના અન્ય મોટા ઉદ્યોગપતિઓ સાથે પણ મુલાકાત થવાની છે. તેઓ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને ટાટા ગ્રુપના ચેરમેન એન. ચંદ્રશેખરન સાથે પણ વાતચીત કરશે. આ દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ વધારવા અંગે ચર્ચા થશે.

અમેરિકામાં આગામી નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણી યોજાવાની છે અને ત્યાં ડીઝલના ભાવ ખૂબ વધી ગયા છે. વ્યૂહાત્મક ફર્મ 'ટેનેઓ'ના દક્ષિણ એશિયા સલાહકાર અર્પિત ચતુર્વેદીના જણાવ્યા મુજબ, ટ્રમ્પ પ્રશાસન કોઈપણ રીતે બજારમાં ઈંધણનો પુરવઠો વધારવા માગે છે, જેથી ભાવ ઘટી શકે.

ગુજરાતના જામનગરમાં આવેલી રિલાયન્સની રિફાઈનરીમાંથી મોટા પાયે વિદેશોમાં પેટ્રોલ-ડીઝલની નિકાસ કરવામાં આવે છે. અર્પિત ચતુર્વેદીનું કહેવું છે કે જામનગરની આ જ નિકાસ ક્ષમતા અમેરિકા માટે ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. અમેરિકા ત્યાંથી ડીઝલ જેવા રિફાઈન્ડ પ્રોડક્ટ્સ ખરીદવાનો વિકલ્પ જોઈ રહ્યું છે.

આ જ વર્ષે માર્ચમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં છેલ્લા 50 વર્ષમાં શરૂ થયેલા પ્રથમ નવા રિફાઈનરી પ્રોજેક્ટમાં રિલાયન્સના રોકાણ બદલ આભાર માન્યો હતો. બીજી તરફ, અમેરિકા બહાર રિલાયન્સ વેનેઝુએલામાંથી કાચું તેલ ખરીદતી બીજી સૌથી મોટી કંપની પણ બની ગઈ છે.

વૉશિંગ્ટનની કન્સલ્ટિંગ ફર્મ 'DGA ઑલબ્રાઈટ સ્ટોનબ્રિજ ગ્રુપ'ના પાર્ટનર આત્મન ત્રિવેદીના અનુસાર, રૂબિયો પોતાની આ મુલાકાત દ્વારા ટેક્સાસમાં રિલાયન્સની નવી અને મોટી રિફાઈનરીની યોજનાને હાઈલાઈટ કરશે. ટેક્સાસ હાલમાં અમેરિકાની મિડટર્મ ચૂંટણીની રાજનીતિનું મુખ્ય કેન્દ્ર બન્યું છે.

રિલાયન્સ મુજબ, જામનગર રિફાઈનરી એક જ સ્થળે બનેલી દુનિયાની સૌથી મોટી અને આધુનિક રિફાઈનરી છે. અહીં દરરોજ 14 લાખ બેરલ ક્રૂડ ઓઈલને પ્રોસેસ કરવાની ક્ષમતા છે.

પોસ્ટ વિભાગના કર્મચારીઓને 60 દિવસના પગાર જેટલું બોનસ મળશે, સરકારની જાહેરાતથી હજારો કર્મચારીઓને લાભ, મહત્તમ ₹13,816 ચૂકવાશે

નવી દિલ્હી, તા.18

કેન્દ્ર સરકારે પોસ્ટ વિભાગના કર્મચારીઓ માટે નાણાકીય વર્ષ 2025-26ના પરફોર્મન્સ લિંક્ડ બોનસ (PLB)ની જાહેરાત કરી છે. પોસ્ટ વિભાગ દ્વારા 16 ઑક્ટોબર, 2026ના રોજ આ અંગેનો સત્તાવાર આદેશ બહાર પાડવામાં આવ્યો છે. આ નિર્ણય હેઠળ પાત્ર કર્મચારીઓને 60 દિવસ એટલે કે લગભગ બે મહિનાના પગાર જેટલું બોનસ આપવામાં આવશે. સરકારે બોનસની ગણતરી માટે મહત્તમ માસિક પગારની મર્યાદા 7,000 નક્કી કરી છે. આ મર્યાદાના આધારે પાત્ર કર્મચારીઓને મહત્તમ 13,816 સુધીનું બોનસ મળી શકશે. આ જાહેરાતથી પોસ્ટ વિભાગમાં ફરજ બજાવતા નિયમિત કર્મચારીઓ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં ટપાલ સેવા પૂરી પાડતા ગ્રામીણ ડાક સેવકો અને પાત્ર હંગામી કર્મચારીઓને પણ લાભ મળશે.

સરકારના આ નિર્ણયનો લાભ પોસ્ટ વિભાગના ગ્રુપ 'સી', નોન-ગેઝેટેડ ગ્રુપ 'બી' અને મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ (MTS)ના પાત્ર કર્મચારીઓને મળશે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં ટપાલ પહોંચાડવા સહિતની કામગીરી કરતા ગ્રામીણ ડાક સેવકો (GDS) ને પણ બોનસ આપવામાં આવશે. પોસ્ટ વિભાગમાં ફુલ-ટાઈમ અને પાત્ર હંગામી કેઝ્યુઅલ લેબર્સ એટલે કે દૈનિક વેતન પર કામ કરતા કર્મચારીઓ પણ નિર્ધારિત શરતોને આધીન આ યોજનાનો લાભ મેળવી શકશે. બોનસની ચુકવણી માટે કર્મચારીઓએ નિર્ધારિત પાત્રતા અને સેવા સંબંધિત નિયમોનું પાલન કરવું જરૂરી રહેશે.

બોનસની રકમ કેટલી મળશે તે અંગે કર્મચારીઓમાં સ્વાભાવિક રીતે ઉત્સુકતા છે. સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી ગણતરીની મર્યાદા મુજબ, કર્મચારીનો વાસ્તવિક પગાર 7,000થી વધારે હોય તો પણ બોનસની ગણતરી માટે મહત્તમ 7,000નો જ પગાર ધ્યાનમાં લેવામાં આવશે. 60 દિવસના બોનસ માટે આ ગણતરી કરવામાં આવતાં પાત્ર કર્મચારીઓને મહત્તમ 13,816 મળી શકે છે. જોકે, દરેક કર્મચારીને આટલી જ રકમ મળશે એવું નથી. કર્મચારીનો સરેરાશ પગાર, તેણે વર્ષ દરમિયાન કરેલી સેવા અને લાગુ પડતા નિયમોના આધારે

બોનસની અંતિમ રકમ નક્કી થશે.

બોનસની ગણતરી માટે વિભાગ દ્વારા નિર્ધારિત ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવશે. આ મુજબ સરેરાશ માસિક પગારને 60 દિવસ સાથે ગુણાકાર કરીને 30.4 વડે ભાગવામાં આવશે. અહીં 30.4 દિવસને મહિનાના સરેરાશ દિવસો તરીકે ગણવામાં આવ્યા છે. આ ફોર્મ્યુલાના આધારે કર્મચારીને મળવાપાત્ર બોનસ નક્કી થશે. જો કર્મચારીએ આખું નાણાકીય વર્ષ સેવા આપી ન હોય, તો તેની સેવા કરેલા સમયગાળાના આધારે પ્રમાણસર બોનસની ગણતરી કરવામાં આવશે. આથી વર્ષના મધ્યમાં ભરતી થયેલા અથવા વર્ષ પૂરું થાય તે પહેલાં નોકરી છોડનારા કર્મચારીઓને તેમના કામના સમયગાળાને અનુરૂપ રકમ મળશે.

નિયમિત કર્મચારીઓના બોનસની ગણતરી કરતી વખતે માત્ર મૂળ પગારને જ ધ્યાનમાં લેવામાં આવતો નથી. તેના બદલે મૂળ પગાર સાથે મોંઘવારી ભથ્થું (DA), એસબી અલાઉન્સ, ડેપ્યુટેશન અલાઉન્સ અને ટ્રેનિંગ અલાઉન્સ સહિતના નિર્ધારિત ઘટકોને જોડીને સરેરાશ પગારની ગણતરી કરવામાં આવશે. ત્યારબાદ સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી 7,000ની મહત્તમ માસિક મર્યાદા લાગુ કરવામાં આવશે. જો આ તમામ ઘટકોનો સરવાળો નિર્ધારિત મર્યાદાથી વધારે હોય, તો પણ બોનસની ગણતરી મર્યાદિત પગારના આધારે જ કરવામાં આવશે. ગ્રામીણ ડાક સેવકો માટે બોનસની ગણતરીની પદ્ધતિમાં તેમની સેવા સંબંધિત આવકને ધ્યાનમાં લેવામાં આવશે. GDS કર્મચારીઓના ટાઈમ રિલેટેડ કન્ટિન્યુઈટી અલાઉન્સ (TRCA) અને મોંઘવારી ભથ્થા (DA)ની આખા વર્ષ દરમિયાનની સરેરાશના આધારે બોનસ નક્કી કરવામાં આવશે. જો તેમની સરેરાશ માસિક આવક 7,000થી વધુ હોય, તો ગણતરી માટે 7,000ની મર્યાદા જ લાગુ પડશે. આ રીતે પાત્ર ગ્રામીણ ડાક સેવકોને પણ 60 દિવસના બોનસના નિયમ મુજબ મહત્તમ 13,816 સુધીની રકમ મળી શકે છે. ગ્રામીણ વિસ્તારોમાં ટપાલ પહોંચાડવા અને અન્ય પોસ્ટલ સેવાઓ જાળવવામાં GDS કર્મચારીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોવાથી આ જાહેરાત તેમના માટે પણ મહત્ત્વપૂર્ણ છે.

આ નિર્ણયમાં એવા કર્મચારીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેઓ નાણાકીય વર્ષ દરમિયાન નિવૃત્ત થયા હોય, રાજીનામું આપીને નોકરી છોડી હોય અથવા અન્ય વિભાગમાં બદલી પામ્યા હોય. જો કોઈ કર્મચારી 1 એપ્રિલ, 2025થી 31 માર્ચ, 2026 દરમિયાન નિવૃત્ત થયો હોય અથવા તેણે અન્ય કારણોસર પોસ્ટ વિભાગની સેવા છોડી હોય, તો તેને પણ નિયમો મુજબ બોનસનો લાભ મળી શકે છે. જોકે, આવા કર્મચારીઓને આખા વર્ષનું બોનસ આપવાને બદલે તેમણે વાસ્તવમાં જેટલા દિવસો સેવા આપી હોય તેના આધારે રકમની ગણતરી કરવામાં આવશે. એટલે કે નોકરી છોડવાના કારણે કર્મચારીનો બોનસનો હક આપમેળે સમાપ્ત થતો નથી, પરંતુ ચુકવણી સેવા કરેલા સમયગાળાના પ્રમાણમાં થશે.

5G, બ્રોડબેન્ડ અને AI પર આધારિત ભારતના આગામી ડિજિટલ દાયકાનું પ્રવેશદ્વાર એટલે જીઓ પ્લેટફોર્મનો IPO

મુંબઈ, તા.18

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ (JPL) હાલમાં ભારતની સૌથી મોટી ડિજિટલ કનેક્ટિવિટી કંપની છે અને બ્રોકરેજ રિસર્ચ અહેવાલો સૂચવે છે કે તેનો વૃદ્ધિનો આગામી તબક્કો વધુ મોટો હોઈ શકે છે. 30,213 કરોડના JPL IPO પહેલાં GEPL કેપિટલ, વેન્ચુરા સિક્યોરિટીઝ અને SMC ગ્લોબલ જેવા નિષ્ણાતોના રિપોર્ટ દર્શાવે છે કે 2G-થી 4G/5G અપગ્રેડ, હોમ બ્રોડબેન્ડ, એન્ટરપ્રાઈઝ ક્લાઉડ અને AI તથા વિદેશી ટેલિકોમ ઓપરેટરોને પોતાની ટેકનોલોજીના વેચાણ જેવા અનેક ગ્રોથ એન્જિન કંપનીની વૃદ્ધિને નવી ઊંચાઈ આપશે. જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ (JPL) નો આઈપીઓ (IPO) આગામી 21 ઓક્ટોબરથી 23 ઓક્ટોબર, 2026 દરમિયાન સબ્સ્ક્રિપ્શન માટે ખુલવા જઈ રહ્યો છે. આ IPO માટે શેરનો પ્રાઈસ બેન્ડ 1,065 થી 1,119 નક્કી કરવામાં આવ્યો છે.

જૂન 2026 સુધીમાં જિયોના કુલ ગ્રાહકોની સંખ્યા 53.33 કરોડ (533.3 મિલિયન) પર પહોંચી ગઈ છે, જેમાંથી 28.49 કરોડ (284.9 મિલિયન) 5G ગ્રાહકો છે. અહેવાલો દર્શાવે છે કે 30 જૂન

2026 સુધીમાં દેશમાં હજુ પણ 26.10 કરોડ (261.0 મિલિયન) ગ્રાહકો 2G નેટવર્કનો ઉપયોગ કરી રહ્યા છે. 799 ના સસ્તા જિયોભારત (JioBharat) ફોન અને સસ્તા પ્લાન્સ દ્વારા કંપની પાસે આ ગ્રાહકોને ઉમેરવાની મોટી તક છે. આ ઉપરાંત, ગ્રાહક દીઠ સરેરાશ કમાણી (ARPU) નાણાકીય વર્ષ 2024 માં 181.7 થી વધીને Q1FY27 માં 215.6 થઈ ગઈ છે અને માસિક ડેટા વપરાશ વધીને 43.7 GB એ પહોંચ્યો છે.

જૂન 2026 સુધીમાં જિયોફાઈબર અને જિયોએરફાઈબરના કુલ 2.86 કરોડ (28.6 મિલિયન) સબ્સ્ક્રાઈબર્સ છે (જેમાં 1.40 કરોડ જિયોએરફાઈબર યુઝર્સ સામેલ છે). ભારતમાં ફિક્સ્ડ બ્રોડબેન્ડ પહોંચ FY26 માં માત્ર 21% જેટલી ઓછી છે, જે FY31 સુધીમાં 46% સુધી પહોંચવાનો અંદાજ છે. SMC ગ્લોબલ મુજબ, 'JioAirFiber' ની મદદથી જ્યાં કેબલ કે ફાઈબર પહોંચાડવું મુશ્કેલ છે તેવા વિસ્તારોમાં પણ સરળતાથી બ્રોડબેન્ડ સેવાઓ પહોંચાડીને ગ્રાહક આધાર વધારી શકાશે.

નિષ્ણાતો જિયોને માત્ર ટેલિકોમ ઓપરેટર નહીં પરંતુ એક ટેકનોલોજી પ્લેટફોર્મ ગણાવે છે. વેન્ચુરા સિક્યોરિટીઝે આ ઈશ્યુને 'Subscribe' રેટિંગ આપ્યું છે. કંપનીએ પોતાના દમ પર 5G સ્ટેન્ડઅલોન સ્ટેક વિકસાવ્યો છે અને 4G, 5G, 6G, AI અને ડિજિટલ ટેકનોલોજીમાં 7,220 પેટન્ટ એપ્લિકેશન્સ ફાઈલ કરી છે (જેમાંથી 1,043 મંજૂર થઈ છે). કંપનીનું પોતાનું AI પ્લેટફોર્મ 'JioBrain' નેટવર્ક ઓપરેશન્સમાં તૈનાત કરવામાં આવી રહ્યું છે, જે ભવિષ્યમાં કંપનીને મોટી આવક રળી આપશે. જેમ જેમ ટેલિકોમ ક્ષેત્રનું ક્લાઉડ કમ્પ્યુટિંગ, AI અને એન્ટરપ્રાઈઝ ડિજિટલ સોલ્યુશન્સ સાથે જોડાણ (Convergence) થઈ રહ્યું છે, તેમ તેમ જિયોના આ પ્લેટફોર્મ્સ પરંપરાગત કનેક્ટિવિટીથી આગળ વધીને નવી સેવાઓના વિસ્તરણ અને કમાણી (Monetization) માટે મોટી તકો ઊભી કરી શકે છે. સમય જતાં, આ ઓટોમેશનથી કંપનીની ઓપરેટિંગ કાર્યક્ષમતા મજબૂત થશે અને ગ્રાહકોને જાળવી રાખવામાં (Retention) પણ સુધારો થશે.

જિયો પ્લેટફોર્મ્સ (JPL) પોતાની આ સ્વદેશી ટેકનોલોજી અન્ય દેશોમાં પણ વેચવાનું આયોજન કરી રહી છે. GEPL ના રિપોર્ટ અનુસાર, આંતરરાષ્ટ્રીય ટેલિકોમ ઓપરેટરો સાથેની ભાગીદારી તથા 5G કોર, ક્લાઉડ-નેટિવ RAN, OSS/BSS અને ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ ટેકનોલોજીના મોનેટાઈઝેશન દ્વારા જિયોને વિદેશી બજારમાંથી પણ વધારાની આવક મળશે. આ ઉપરાંત, જિયો પોતાના 'JioBrain' AI પ્લેટફોર્મ અને ઓટોનોમસ નેટવર્ક ક્ષમતાઓને વૈશ્વિક ટેલિકોમ ઓપરેટરો તેમજ અન્ય ઉદ્યોગો સુધી વિસ્તારે તેવી શક્યતા છે. SMC ગ્લોબલ જણાવે છે કે આ મોડેલના કારણે જિયોને વિદેશમાં મોટું ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યા વિના પણ આંતરરાષ્ટ્રીય સ્તરે બિઝનેસ વિસ્તારવાની ઉત્તમ તક મળશે. ભારતીય ટેલિકોમ અને ડિજિટલ સેવા ક્ષેત્ર વધતા ડેટા વપરાશ, ઝડપી 5G રોલઆઉટ અને ફાઈબર બ્રોડબેન્ડના વિસ્તારને કારણે વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વધી રહેલા ઉદ્યોગોમાંનું એક છે. GEPL ના ડેટા મુજબ, ભારતનો મોબાઈલ બ્રોડબેન્ડ પ્રતિ યુઝર સરેરાશ આવક (ARPU) નાણાકીય વર્ષ 2026 માં 199.5 થી વધીને નાણાકીય વર્ષ 2031 સુધીમાં 326.4 થવાનો અંદાજ છે. જિયોની સમગ્ર વ્યૂહરચના ગ્રાહકોની સંખ્યા વધારવા, ARPU સુધારવા, ડિજિટલ સેવાઓનો વ્યાપ વધારવા અને વૈશ્વિક ટેકનોલોજી સોલ્યુશન્સ દ્વારા આવકનું વૈવિધ્યકરણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે લાંબા ગાળે કંપનીની નફાકારકતાને મજબૂત બનાવશે.

ચાંદીમાં 10,000 તો સોનામાં 3,000 થી વધુનું ગાબડું

મુંબઈ, તા.18

સોના અને ચાંદીની કિંમતોમાં આ અઠવાડિયે મોટો ઘટાડો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA)ના આંકડા અનુસાર, 24 કેરેટ સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 3,004 રૂપિયા ઘટીને 1,46,426 રૂપિયા થયો છે. બીજી તરફ, ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ 10,191 રૂપિયાનો ઘટાડો થતાં કિંમત 2,10,918 રૂપિયા પર આવી પહોંચી છે. કિંમતી ધાતુઓમાં આવેલી આ નરમાઈને કારણે રોકાણકારો અને ઘરેણાં ખરીદવાનું આયોજન કરતા લોકોનું ધ્યાન બજાર તરફ ખેંચાયું છે.

આ અઠવાડિયે સોનાની અલગ-અલગ શુદ્ધતાના ભાવમાં પણ ઘટાડો થયો છે. IBJAના આંકડા પ્રમાણે, 24 કેરેટ સોનાની કિંમત અગાઉ પ્રતિ 10 ગ્રામ 1,49,430 રૂપિયા હતી, જે ઘટીને 1,46,426 રૂપિયા થઈ છે. 22 કેરેટ સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 1,36,878 રૂપિયાથી ઘટીને 1,34,126 રૂપિયા થયો છે. જ્યારે 18 કેરેટ સોનાની કિંમત 1,12,073 રૂપિયાથી ઘટીને 1,09,820 રૂપિયા થઈ છે. આ આંકડા દર્શાવે છે કે અઠવાડિયા દરમિયાન સોનાના ભાવ ઘટ્યા છે. જોકે, સ્થાનિક ઝવેરીઓ પાસે ખરીદી કરતી વખતે મેકિંગ ચાર્જ, GST અને અન્ય લાગુ પડતા

ખર્ચને કારણે અંતિમ કિંમત અલગ હોઈ શકે છે.

IBJAના આંકડા અનુસાર, 12 ઑક્ટોબર 2026ના રોજ 24 કેરેટ સોનાનો ભાવ પ્રતિ 10 ગ્રામ 1,48,425 રૂપિયાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ત્યારબાદ 15 ઑક્ટોબરના સવારના સત્રમાં ભાવ ઘટીને 1,45,564 રૂપિયા થયો હતો. ચાંદીના ભાવમાં પણ આવી જ નરમાઈ જોવા મળી હતી. 12 ઑક્ટોબરના રોજ ચાંદી પ્રતિ કિલોગ્રામ 2,20,874 રૂપિયાના સ્તરે હતી, જ્યારે 15 ઑક્ટોબરે તેનો ભાવ ઘટીને 2,07,098 થયો હતો. IBJA સામાન્ય રીતે દરરોજ સવાર અને સાંજના સત્રમાં સોના-ચાંદીના સંદર્ભ ભાવ જાહેર કરે છે. અઠવાડિયાના અંતે દર્શાવેલા ભાવ અને દિવસ દરમિયાન નોંધાયેલા ઊંચા-નીચા ભાવ અલગ હોઈ શકે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું પ્રતિ ઔંસ આશરે 4,186 ડૉલર અને ચાંદી પ્રતિ ઔંસ આશરે 57 ડૉલરના સ્તરે નોંધાઈ હતી. બજારના નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે, કાચા તેલના ભાવમાં વધારો થવાથી ડૉલરને મજબૂતી મળી રહી છે, જે સોના-ચાંદીના ભાવ પર દબાણ ઊભું કરી શકે છે. આ ઉપરાંત, મોંઘવારી વધવાની આશંકા અને વ્યાજદરમાં વધારો થવાની સંભાવનાને કારણે રોકાણકારો કિંમતી ધાતુઓમાં રોકાણ ઘટાડે તેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. પરિણામે સોના અને ચાંદીમાં વેચવાલી વધતાં ભાવ પર અસર પડી શકે છે. જોકે, સોના-ચાંદીના ભાવમાં આગળ પણ ઘટાડો ચાલુ રહેશે તેની ખાતરી નથી. ખરીદી કે રોકાણનો નિર્ણય લેતાં પહેલાં તાજા ભાવ, સ્થાનિક કર અને બજારની સ્થિતિ તપાસવી જરૂરી છે.

અમદાવાદના ઠક્કરબાપાનગરમાં હોટલમાં ઘૂસી 4 સગીર સહિત 6 શખસોએ લૂંટ ચલાવી, બે આરોપીની ધરપકડ

અમદાવાદ, તા.18

અમદાવાદના વ્યસ્ત વિસ્તાર ગણાતા ઠક્કરબાપાનગર ચાર રસ્તા પાસે આવેલા બળદેવ ચેમ્બરમાં આવેલી રાજદીપ હોટલ ખાતે ગત ૧૭મી ઓક્ટોબરે બનેલી એક સનસનાટીભરી ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર જગાવી દીધી હતી. હોટલની શાંતિ અને સુરક્ષાને જોખમમાં મૂકતા છ જેટલા શખ્સો ઘાતક હથિયારો સાથે અચાનક હોટલમાં ઘૂસી આવ્યા હતા અને આતંક મચાવ્યો હતો. આ હુમલાખોરોમાં ચાર સગીરો પણ સામેલ હતા, જેમણે કાયદાની પરવા કર્યા વગર ગુનાહિત કૃત્ય આચર્યું હતું.

મૂળ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના વતની એવા વિનોદ ડીંડોર રાજદીપ હોટલ ખાતે હિસાબ-કિતાબ સંભાળવાની જવાબદારી નિભાવે છે. ૧૭ ઓક્ટોબરના રોજ અવારનવાર હોટલમાં રોકાતો નિલેશ રાજપૂત નામનો યુવક હંમેશાંની જેમ હોટલના રૂમ નંબર ૮માં રોકાયો હતો. બપોર પછીના સમયે અંદાજે ચાર વાગ્યાના અરસામાં છ શખ્સો અચાનક હોટલ પર આવી પહોંચ્યા હતા અને રિસેપ્શન પર નિલેશ

પોતાનો મિત્ર હોવાનું જણાવી તેને મળવા માટે રૂમમાં ગયા હતા. શરૂઆતમાં બધું સામાન્ય લાગતું હતું અને તેઓએ થોડીવાર સામાન્ય વાતચીત પણ કરી હતી, પરંતુ આ મુલાકાત પાછળ કોઈ મોટો અને ખતરનાક પ્લાન ઘડાયેલો હતો.

થોડીવારની વાતચીત બાદ આ તમામ શખ્સો અચાનક પોતાના અસલી સ્વરૂપમાં આવી ગયા હતા અને હાથમાં છરી તથા ધારીયા જેવા અત્યંત ઘાતક હથિયારો સાથે ફરીથી રૂમ નંબર ૮માં ધસી ગયા હતા. રૂમમાં પ્રવેશીને આ હુમલાખોરોએ નિલેશ રાજપૂતને ડરાવવા માટે તેના ગળા પર સીધી છરી મૂકી દીધી હતી અને તેની પાસેથી પચીસ હજાર રૂપિયાની તાત્કાલિક માંગણી કરી હતી. અચાનક થયેલા આ હુમલાથી ગભરાયેલા યુવક પાસે કોઈ જ વિકલ્પ નહોતો બચ્યો. ત્યારબાદ આ શખ્સો રૂમમાંથી નીચે રિસેપ્શન કાઉન્ટર પર આવ્યા હતા અને હોટલનું સંચાલન સંભાળતા વિનોદ ડીંડોર તથા અન્ય સ્ટાફને પણ ખુલ્લેઆમ હથિયારો બતાવીને ભારે ભય અને ત્રાસનો માહોલ ઊભો કર્યો હતો. સ્ટાફના સભ્યોને પોતાના પ્રાણ જોખમમાં હોવાનું જણાતા તેમણે જીવ બચાવવા માટે આરોપીઓને પચીસ હજાર રૂપિયા આપી દીધા હતા.

રૂપિયા મળી ગયા હોવા છતાં આ લુખ્ખા તત્વોની લાલચ સંતોષાઈ નહોતી અને તેઓએ વધુ નાણાંની માગણી શરૂ કરી દીધી હતી. હોટલના સ્ટાફે વધુ નાણાં આપવાની સ્પષ્ટ મનાઈ ફરમાવતા જ આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને આડેધડ તોડફોડ શરૂ કરી દીધી હતી. તેમણે રોષે ભરાઈને હોટલનું એલઈડી ટીવી તેમજ સીસીટીવી કેમેરાનું મેમરી કાર્ડ તોડી નાખી હોટલ સંચાલકને આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું અને ત્યારબાદ ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

આ ગંભીર બનાવ અંગે હોટલ સંચાલકો દ્વારા તાત્કાલિક કૃષ્ણનગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને બનાવની જાણ કરવામાં આવી હતી. પોલીસ માટે આ એક ખુલ્લો પડકાર હતો કારણ કે આરોપીઓ હથિયારો સાથે આતંક મચાવીને નાસી છૂટ્યા હતા. કૃષ્ણનગર પોલીસ સ્ટેશનનો કાફલો ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને હોટલના સીસીટીવી ફુટેજ તથા અન્ય ટેકનિકલ પુરાવાઓના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસની સક્રિયતા અને આક્રમક તપાસના પરિણામે ગણતરીના કલાકોમાં જ આ સમગ્ર ગુનાનો પર્દાફાશ થયો હતો અને આતંક મચાવનાર તમામ છ આરોપીઓને પોલીસે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી હતી.

પોલીસ તપાસ દરમિયાન પકડાયેલા આરોપીઓમાંથી ચાર જણા સગીર વયના હોવાનું બહાર આવ્યું હતું, જેથી પોલીસે તેમની સામે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ અને કાયદાકીય જોગવાઈઓ મુજબ સગીર પ્રત્યેની પ્રક્રિયા હાથ ધરી છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે પુખ્ત વયના આરોપીઓ વિપુલ ચૌહાણ અને ધ્રુવીન પટણીની પોલીસે સધ્ધ ધરપકડ કરી લીધી છે અને તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે. પોલીસની આ ત્વરિત કામગીરીથી વિસ્તારના અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

અમદાવાદના અમરાઈવાડીમાં ગરબામાંથી પરત ફરતા યુવકની છરીના ઘા ઝીંકી હત્યા, બે શખસોએ રસ્તામાં રોકી હુમલો કર્યો

અમદાવાદ, તા.18

અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં ગુલાબનગર પાસે ગઈકાલે (17મી ઓક્ટોબર) મોડી રાત્રે ગરબા જોઈને ભાઈ સાથે પરત ફરી રહેલા 28 વર્ષીય યુવકને બે શખસોએ રસ્તામાં આંતરીને જૂની અદાવતમાં પેટ તેમજ પીઠના ભાગે છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી રહેંસી નાખ્યો હતો. લોહીલુહાણ હાલતમાં યુવકને સારવાર અર્થે એલ.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ વહેલી સવારે તેનું મોત નીપજ્યું હતું. આ મામલે અમરાઈવાડી પોલીસે મૃતકના ભાઈની ફરિયાદ પરથી તડીપાર રોહિત ઉર્ફે ગાંડો અને તેના સાગરીત મદન રાજપૂત વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

અમરાઈવાડી વિસ્તારમાં આવેલી ત્રિકમલાલ ભોગીલાલની ચાલીમાં રહેતો 28 વર્ષીય વિકેશ ગુર્જર લિફ્ટ રિપેરિંગ અને ફિટિંગનું કા મ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. નવરાત્રિ પર્વ હોવાથી શનિવારે રાત્રે વિકેશ પો તાના ભાઈ અભિષેક ગુર્જર તેમજ મિત્રો સાથે ગુલાબનગરમાં ગરબા જોવા માટે ગયો હતો. મોડી રાત્રે ગરબા પૂર્ણ થયા બાદ વિકેશ અને તેનો ભાઈ ચાલીને ઘર તરફ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન

ગુલાબનગર પાસે જ અગાઉથી ઘાત લગાવીને બેઠેલા બે શખસોએ તેને રસ્તામાં રોક્યા હતો.

આશરે બે મહિના અગાઉ મદન રાજપૂત અને વિકેશ વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી અને ઝઘડો થયો હતો. જેની અદાવત રાખીને મદન રાજપૂતે વિકેશ સાથે ફરી તકરાર શરૂ કરી હતી. બોલાચાલી ઉગ્ર બનતાં મદન રાજપૂતના ઉશ્કેરાટ અને કહેવાથી તેની સાથે આવેલા રોહિત ઉર્ફે ગાંડાએ પોતાની પાસે રહેલી તીક્ષ્ણ છરી કાઢી વિકેશના પેટ અને પાછળ પીઠના ભાગે ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. જાહેરમાં થયેલા ખૂની હુમલાને પગલે નાસભાગ મચી ગઈ હતી અને બંને હુમલાખોરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત વિકેશનું વધુ પડતું લોહી વહી જતાં હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો.

મુખ્ય હુમલાખોર રોહિત ઉર્ફે ગાંડો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે અને તેની સામે અગાઉ પ્રોહિબિશન સહિતના ગંભીર કેસો દાખલ થયેલા છે. પોલીસ દ્વારા તેની સામે તડીપારની કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, તડીપાર હુકમ છતાં તે શહેરમાં ખુલ્લેઆમ ફરતો હોવાથી ગત 7 ઑક્ટોબર 2026ના રોજ જ તેની સામે તડીપાર ભંગનો ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયાના ગણતરીના દિવસોમાં જ તેણે હત્યાની ઘટનાને અંજામ આપ્યો છે. બીજી તરફ મૃતક વિકેશ ગુર્જર સામે પણ ભૂતકાળમાં ગુના નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

અમદુપુરામાં મોડી રાત્રે બે જૂથ વચ્ચે અથડામણ, સામસામે પથ્થરમારો થતા એક ઈજાગ્રસ્ત

અમદાવાદ, તા.18

અમદાવાદના અમદુપુરા વિસ્તારમાં શનિવારે (17મી ઓક્ટોબર) મોડી રાત્રે અચાનક વાતાવરણ તંગ બની ગયું હતું. કોઈ અગમ્ય કારણોસર બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મામલો હિંસક અથડામણમાં ફેરવાઈ ગયો હતો. આ ઘટના દરમિયાન બંને પક્ષો વચ્ચે સામસામે ભારે પથ્થરમારો થતાં વિસ્તારમાં સન્નાટો અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ પથ્થરમારામાં એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, શનિવારે મોડી રાત્રે અમદુપુરા વિસ્તારમાં બે જૂથો અચાનક સામસામે આવી ગયા હતા. સામાન્ય વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કરી લેતાં બંને જૂથો દ્વારા એકબીજા પર છુટ્ટા પથ્થરોના ઘા કરવામાં આવ્યા હતા. આ પથ્થરમારામાં એક વ્યક્તિ ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટર ખાતે ખસેડવામાં આવી છે, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

આ ઘટનાની જાણ પોલીસને થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો પોલીસ કાફલો તાત્કાલિક અમદુપુરા ખાતે દોડી ગયો હતો. પોલીસે સ્થળ પર પહોંચીને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો અને શાંતિ જાળવી રાખી હતી. હાલમાં વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

શાકભાજીમાં પેસ્ટિસાઈડ્સનું ધીમું ઝેર, ગુજરાત પણ જોખમી રાજ્યોની યાદીમાં સામેલ

અમદાવાદ, તા.18

સ્વાસ્થ્ય જાળવવા માટે રોજની થાળીમાં શાકભાજી હોવું જરૂરી છે, પરંતુ એ જ શાકભાજી ઉગાડવા માટે વપરાતી જંતુનાશક દવાઓનો અવશેષો આરોગ્ય માટે ચિંતાનો વિષય બની શકે છે. જીવાતથી પાકને બચાવવા થતો દવાઓનો ઉપયોગ જો યોગ્ય માત્રામાં ન થાય, છંટકાવ અને લણણી વચ્ચેનો જરૂરી સમય ન જળવાય અથવા પ્રતિબંધિત દવાઓનો ઉપયોગ થાય તો શાકભાજી મારફતે રસાયણોના અવશેષો આપણા શરીરમાં પહોંચી શકે છે. આ મુદ્દે સામે આવેલા સરકારી આંકડાઓએ ગુજરાત સહિત દેશનાં વિવિધ રાજ્યોમાં ખાદ્ય સુરક્ષા અંગે સવાલો ઊભા કર્યા છે.

તાજેતરમાં જારી થયેલા અહેવાલ અનુસાર ગુજરાતમાં વર્ષ 2023-2026 દરમિયાન શાકભાજી અને ફળના 6035 નમૂનાની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી 170 નમૂનામાં મર્યાદા કરતાં વધારે પેસ્ટિસાઈડ્સના તત્વો મળી આવ્યા છે. દેશમાંથી કુલ 23 રાજ્યમાં 70652 સેમ્પલ્સ લેવામાં આવ્યા હતા અને તેમાંથી 3.1 ટકામાં પેસ્ટિસાઈડ્સનું પ્રમાણ વધારે હતું. આ સમયગાળામાં સૌથી વધુ સેમ્પલ્સ લેવામાં આવ્યા હોય તેમાં કર્ણાટક 9176 સાથે મોખરે, તેલંગાણા 8198 સાથે બીજા, પંજાબ 6582 સાથે ત્રીજા, ગુજરાત ચોથા જ્યારે હિમાચલ પ્રદેશ 5765 સાથે પાંચમાં સ્થાને છે.

લેવામાં આવેલા સેમ્પલ્સમાંથી સૌથી વધુ પેસ્ટિસાઈડ્સમાં તેલંગાણા 486 સાથે મોખરાનું, કર્ણાટક 334 સાથે બીજું, મહારાષ્ટ્ર 260 સાથે ત્રીજું, ગુજરાત 170 સાથે હરિયાણા 152 સાથે પાંચમું સ્થાન ધરાવે છે.

શાકભાજીમાં જંતુનાશકના અવશેષો મળવા અને તેનું પ્રમાણ નિર્ધારિત સુરક્ષિત મર્યાદા કરતાં વધી જવું એ બે અલગ બાબતો છે. તેમ છતાં, મર્યાદા કરતાં વધુ અવશેષો ધરાવતા નમૂનાઓ મળવા એ ખેતીની પદ્ધતિઓ, બજારમાં

થતા તપાસ અને ગ્રાહકોની સુરક્ષા માટે ચેતવણી સમાન છે. આથી શાકભાજી ખાવાનું બંધ કરવાની નહીં, પરંતુ ખેતરથી થાળી સુધી ખોરાક સુરક્ષિત રહે તેની ખાતરી કરવાની જરૂર છે. જંતુનાશકની અસર તેના પ્રકાર, માત્રા, શરીરમાં પ્રવેશવાના માર્ગ અને સંપર્કના સમયગાળા પર આધારિત હોય છે. કેટલાક રસાયણોનો વધુ પ્રમાણમાં સંપર્ક થાય તો તાત્કાલિક તકલીફો થઈ શકે છે. જ્યારે અમુક રસાયણોના લાંબા ગાળાના સંપર્ક અંગે આરોગ્યલક્ષી ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. પરંતુ શાકભાજીમાં અવશેષો મળી આવ્યા એટલે તે ખાવાથી જ ચોક્કસ બીમારી થશે એવું તારણ કાઢી શકાય નહીં.

જાણકારોના મતે ખેડૂતોએ પાક માટે મંજૂર દવાઓનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવો, છંટકાવ વખતે સુરક્ષાનાં સાધનો પહેરવાં અને લણણી પહેલાં દવાના લેબલ પર જણાવેલો જરૂરી સમય જાળવવો જોઈએ. બીજી તરફ, ખાદ્ય સુરક્ષા તંત્રે બજારો અને પુરવઠા વ્યવસ્થામાંથી નિયમિત નમૂનાઓ લઈ ને તપાસ કરવી અને નિર્ધારિત મર્યાદા કરતાં વધુ અવશેષો ધરાવતા નમૂનાઓ સામે નિયમ મુજબ કાર્યવાહી કરવી જરૂરી છે. ગ્રાહકોએ શાકભાજી પર અસામાન્ય ગંધ કે દેખાવ હોય તો તેનો ઉપયોગ ટાળવો જોઈએ, પરંતુ દેખાવ અને ગંધ સામાન્ય હોય એટલે શાકભાજી જંતુનાશકમુક્ત છે એવું માની લેવું નહીં.

કેટલાક જંતુનાશકોના ઊંચા પ્રમાણના સંપર્કથી ઊબકા, ઊલટી, પેટમાં દુ:ખાવો, ચક્કર, વધુ પડતો પરસેવો અને ચેતાતંત્રને લગતી તકલીફો થઈ શકે છે. ચોક્કસ રસાયણોનો વધુ પડતો અથવા લાંબા ગાળાનો સંપર્ક યકૃત, મૂત્રપિંડ અને અન્ય શારીરિક તંત્રો પર અસર કરી શકે છે. તેની ગંભીરતા રસાયણના પ્રકાર અને સંપર્કની માત્રા પર નિર્ભર છે.

બાળકો અને ગર્ભવતી મહિલાઓ માટે ખાદ્ય સુરક્ષાની ખાસ કાળજી જરૂરી છે. બાળકોના શરીરનું વજન ઓછું હોવાથી સમાન માત્રાના સંપર્કની અસર પ્રમાણમાં વધારે હોઈ શકે છે. તેથી ઘરમાં શાકભાજીની યોગ્ય સફાઈ અને ખેતીમાં જંતુનાશકોના નિયંત્રિત ઉપયોગ અંગે જાગૃતિ લાવવી જરૂરી છે.

શાકભાજીને સ્વચ્છ, વહેતા પાણીથી સારી રીતે ધોવાથી માટી, ધૂળ અને સપાટી પર રહેલા કેટલાક જંતુનાશક અવશેષો દૂર કરવામાં મદદ મળે છે. પાંદડાવાળાં શાકમાં પાંદડાં અલગ કરીને ધોવાં, નુકસાન પામેલા બહારના પાંદડાં કાઢી નાખવાં અને જ્યાં યોગ્ય હોય ત્યાં છાલ ઉતારવી ઉપયોગી બની શકે છે. જોકે, શાકભાજીની અંદર શોષાઈ ગયેલા અથવા સપાટી સાથે મજબૂત રીતે ચોંટેલા તમામ અવશેષો માત્ર ધોવાથી દૂર થતા નથી.

શાકભાજીને સારી રીતે રાંધવું બાહ્યજન્ય જીવાણુઓનું જોખમ ઘટાડવામાં મદદરૂપ છે, પરંતુ ગરમીથી દરેક પ્રકારના જંતુનાશકો નાશ પામે છે એવું નથી. મીઠું, વિનેગર કે બેકિંગ સોડાથી ધોવાથી તમામ જંતુનાશકો સંપૂર્ણપણે દૂર થઈ જાય છે એવો પણ નિશ્ચિત પુરાવો નથી. શાકભાજી ધોવા માટે સાબુ, ડિટર્જન્ટ કે ઘરગથ્થુ સફાઈનાં રસાયણોનો ઉપયોગ કરવો નહીં.

ઈસનપુરમાં બે શખસે પોલીસ બનીને યુવકને ધમકાવ્યો, 'તું ધંધે વાલી હોટેલ મે જા રહા હૈ...' કહીને કેસની ધમકી આપી પૈસા પડાવ્યા

અમદાવાદ, તા.18

અમદાવાદ ઈસનપુરમાં બે શખસે પોલીસકર્મી હોવાનું કહીને યુવકને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને 20,000 રૂપિયા પડાવ્યાનો બનાવ સામે આવ્યો છે. બાઈક અને સ્કૂટર પર આવેલા બે શખસોએ ફરિયાદીને રસ્તામાં રોકી મટનગલીના અંધારાવાળા વિસ્તારમાં લઈ જઈ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાવી રૂપિયા પડાવ્યા હતા. આ મામલે ફરિયાદીએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, નારોલમાં રહેતા અને એક કંપનીમાં નોકરી કરતા 32 વર્ષીય ફરિયાદી ધર્મેન્દ્રકુમાર યાદવ ગત 12મી ઓક્ટોબરે રાત્રે ઈસનપુર વિસ્તારમાં ચાની કીટલી પાસેથી પસાર થતા હતા. ત્યારે બાઈક અને સ્કૂટર પર આવેલા 2 શખસે તેમને રસ્તામાં રોક્યા હતા. આ બંનેએ હમ પુલીસ મેં હૈ, ગાડી પર બેઠ કહીને ફરિયાદીને ડરાવ્યા હતા અને ધમકાવીને તેમને બાઈકની પાછળ બેસાડીને મટનગલીના અંધારાવાળા વિસ્તારમાં લઈ ગયા હતા. અંધારામાં લઈ ગયા બાદ આ શખસોએ 'તુ ધંધે વાલી હોટલમાં જા રહા હૈ, પૈસે નીકાલ વરના કેસ હો જાયેગા.' તેવી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. ફરિયાદી પાસે રોકડા કે ATM કાર્ડ ના હોવાથી આરોપીઓએ પોતાના ફોનમાં સ્કેનર કાઢીને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરવા મજબૂર કર્યા હતા. ડરથી ફરિયાદીએ બળજબરીથી પોતાના મોબાઈલમાંથી સ્કેન કરીને 20,000 રૂપિયા ટ્રાન્સફર કરી આપ્યા હતા.

આધુનિક ખેતીમાં ટેક-સેવી ગુજરાત દેશના ટોચના રાજ્યોથી ઘણું દૂર! દક્ષિણ અને ઉત્તર ભારતના રાજ્યોએ બાજી મારી

અમદાવાદ, તા.18

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી 'નમો ડ્રોન દીદી યોજના' અંતર્ગત ગ્રામીણ મહિલાઓને આત્મનિર્ભર અને હાઈટેક બનાવવાની રેસમાં ગુજરાત અપેક્ષા કરતાં ઘણું પાછળ રહી ગયું છે. સત્તાવાર ડેટા અનુસાર, કૃષિ ક્ષેત્રે ડ્રોન ટેકનાલોજી અપનાવવામાં અને મહિલાઓને ડ્રોન પાઈલટની તાલીમ આપવામાં દક્ષિણ અને ઉત્તર ભારતના રાજ્યો બાજી મારી ગયા છે, જ્યારે દેશનું ગ્રોથ એન્જિન ગણાતું ગુજરાત હજુ પણ મધ્યમ સ્તરે અટવાયેલું જોવા મળી રહ્યું છે.

જાહેર થયેલા સત્તાવાર આંકડાઓ પ્રમાણે, દક્ષિણ ભારતનું કર્ણાટક 145 ડ્રોન સાથે દેશભરમાં

પ્રથમ ક્રમે છે. જ્યારે દેશનું સૌથી મોટું રાજ્ય ઉત્તર પ્રદેશ 128 ડ્રોન સાથે બીજા ક્રમે અને આંધ્ર પ્રદેશ 108 ડ્રોન સાથે ત્રીજા ક્રમે છે. નાનકડા હરિયાણાએ પણ 102 ડ્રોન ફાળવીને સદી વટાવી દીધી છે.

જાન્યુઆરી 26, સુધીમાં ગુજરાત માત્ર 58 ડ્રોન અને એટલી જ મહિલા પાઈલટોની તાલીમ સાથે ઘણું પાછળ છે. જોકે, ગોવા અને હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોની સરખામણીએ ગુજરાતની સ્થિતિ સારી છે, પરંતુ કૃષિ અને સહકારી ક્ષેત્રે હંમેશા અગ્રેસર રહેતા ગુજરાત માટે આ આંકડો ચિંતાજનક છે. ટોચના રાજ્યોની સરખામણીમાં ગુજરાત અડધાથી પણ ઓછી ક્ષમતા પર કામ કરી રહ્યું છે.

અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ સુધી ડ્રોન પહોંચાડવાની અને સપ્લાય ચેઈનની ગતિ ધીમી રહી છે. ઉપરાંત, અન્ય રાજ્યોએ ડ્રોન દ્વારા નેનો યુરિયા અને જંતુનાશકોના છંટકાવની નીતિને વધુ આક્રમક રીતે લાગુ કરી છે. જો ગુજરાત આધુનિક ખેતી અને મહિલા સશક્તિકરણના આ મહાયજ્ઞમાં મોખરાનું સ્થાન મેળવવા માંગતું હોય, તો આ યોજનાને વધુ અસરકારક અને ઝડપી બનાવવી પડશે.

સાઉદીમાં હુમલા બાદ અચાનક ફ્લાઈટો કેન્સલ કરાતા ગુજરાતના 250 ઉમરાહ યાત્રીઓ ફસાયા

અમદાવાદ, તા.18

સાઉદી અરેબિયામાં હુથી બળવાખોરોના હુમલા બાદ ઈમરજન્સી જેવી સ્થિતિ સર્જાતા શહેરા સહિત પંચમહાલ જિલ્લાના 250 ઉમરાહ યાત્રીઓ અટવાતા પરિવારજનોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે.

સાઉદી અરેબિયામાં છેલ્લા કેટલાક દિવસોથી હુથી બળવાખોરો દ્વારા કરવામાં આવેલા ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ સ્થિતિ વણસી છે. સુરક્ષાના કારણોસર એરપોર્ટ બંધ કરાતાં રિયાધ, જેદ્દાહ, દમ્મામ અને મદીના આવતી-જતી તમામ ફ્લાઈટ્સ 24 ઓક્ટોબર 2026 સુધી રદ કરવામાં આવી છે. અચાનક ઊભી થયેલી ઈમરજન્સી જેવી પરિસ્થિતિને કારણે પંચમહાલ જિલ્લાના અંદાજિત 250 જેટલા ઉમરાહ યાત્રીઓ સાઉદી અરેબિયામાં અટવાયા છે.

ગોધરા અને ગુજરાતના વિવિધ ટૂર ઓપરેટરો મારફતે મક્કા અને મદીના ઉમરાહ અર્થે ગયેલા યાત્રીઓની તા.12, 13 અને 14 દરમિયાન જેદ્દાહથી મુંબઈ પરત ફરવાની ફ્લાઈટ્સ રદ થઈ હતી. જો કે, કેટલાક યાત્રીઓ મોંઘા દરે અન્ય ફ્લાઈટ્સની ટિકિટ ખરીદીને ભારત સુરક્ષિત વાપસી કરી લીધી છે. હાલ પંચમહાલના યાત્રીઓ મક્કા અને મદીનાની હોટેલોમાં રોકાયા છે અને ભારત સ્થિત પોતાના પરિવારજનો સાથે સતત સંપર્કમાં છે. એક ટૂર સંચાલકે જણાવ્યું હતું કે તા.20ના રોજે યાત્રા પૂર્ણ થતાં અમારી પરત ફરવાની ટિકિટ કન્ફર્મ હતી.

ઊભા રહેવાની જગ્યા નહીં, ફૂડ કોર્ટમાં ખેંચાખેંચી... ગરબા મેદાનોમાં ગેરવ્યવસ્થા છતાં મોંઘાદાટ પાસનો ક્રેઝ!

અમદાવાદ, તા.18

સામે ભીડ અને અવ્યવસ્થાના દશ્યો પ્રચારની ચમકને પડકાર આપી રહ્યા છે. અમદાવાદમાં આ વર્ષની નવરાત્રિમાં ગરબાની ભવ્યતા જેટલી ચર્ચામાં રહી છે, એટલી જ ચર્ચા ગેરવ્યવસ્થાના સંખ્યાબંધ વીડિયોથી લઈને પણ થઈ છે. આ વખતે સોશિયલ મીડિયા પર માત્ર ગરબાની મોજમસ્તી જ નહીં, પરંતુ આયોજનની ખામીઓ દર્શાવતા વીડિયો પણ મોટી સંખ્યામાં વહેંચાઈ રહ્યા છે. એક જ સ્થળના ભવ્ય દશ્યોની સામે મળતા અનુભવ અંગે અસંતોષ ઊભો જોવા મળ્યો હતો.

એક તરફ લાખો રૂપિયાના પ્રચાર, ઝાકમઝોળ, વિશાળ મંચ અને મોંઘા પાસનું આકર્ષણ ઊભું કરવામાં આવ્યું, તો બીજી તરફ અનેક ગરબા ગ્રાઉન્ડમાં ભીડના સંચાલનથી માંડીને ભોજન અને વાહનવહવારની વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોએ આયોજકોના દાવા અને ખેલૈયાઓના વાસ્તવિક અનુભવ વચ્ચેનું અંતર ઉજાગર કર્યું છે. સૌથી મોંઘા ગણાતા ગરબામાં મુદ્દો માત્ર પંદર હજાર રૂપિયાના પાસવાળા કોઈ એક ગ્રાઉન્ડ પૂરતો સીમિત નથી. પરંતુ શહેરના વિવિધ ગરબા મેદાનોમાં ક્ષમતા કરતા વધુ પાસ વેચાયા હોવાના આક્ષેપો વચ્ચે ખેલૈયાઓને ઊભા રહેવા માટે પૂરતી જગ્યા ન મળતી

હોવાની ફરિયાદો સામે આવી છે. ગરબા રમવા માટે ઊંચી કિંમત ચૂકવીને પહોંચેલા લોકોને જો મેદાનમાં જ ભીડનો સામનો કરવો પડે, તો પાસ ખરીદવા પાછળ ખર્ચેલા નાણાં સામે મળતા અનુભવ અંગે અસંતોષ ઊભો જોવા મળ્યો હતો.

એસ.પી. રીંગ રોડની નજીક આવેલા સંખ્યાબંધ મેદાનોમાં સેટ કરવામાં આવેલા અનેક ગરબામાં ઉબડ ખાબડ પાર્કિંગને કારણે અસંખ્ય ખેલૈયાઓએ પોતાના વાહનોની એલાઈન્મેન્ટ સાથે પાર્કિંગની અસંખ્ય ફરિયાદો કરી છે. અમદાવાદના સફેદ પરિંદેના પંદર હજાર રૂપિયા સુધીની કિંમત ધરાવતા પાસના આયોજનમાં પણ ભોજનના કાઉન્ટર પર હાલાકીના દશ્યો સામે આવતાં લોકોમાં છેતરાયાની લાગણી ઊભી થઈ છે. જોકે, મોંઘા પાસવાળા એક ગ્રાઉન્ડની ચર્ચા કરતા વધુ મહત્વનો મુદ્દો એ છે કે અલગ અલગ સ્થળોએ ભીડ અને વ્યવસ્થાની સમસ્યાઓ અંગે એકસરખી ફરિયાદ કેમ ઊભી થઈ રહી છે.

સોશિયલ મીડિયાએ આ વખતે ગરબાના આયોજકો માટે એક નવી કસોટી ઊભી કરી છે. અગાઉ આયોજનોની સફળતા માટે ભીડ, કલાકારો, લાઈટિંગ અને મંચની ભવ્યતા ચર્ચાતી હતી. હવે ખેલૈયાઓના મોબાઈલ કેમેરા આયોજનની ખામીઓ પણ જાહેર કરી રહ્યા છે. આયોજકો માટે આ વીડિયો માત્ર ટીકા નથી, પરંતુ વ્યવસ્થાની ખામીઓ ઓળખવાની તક પણ છે.

ગરબાના નામે ઊંચી કિંમતના પાસ વેચવા સામે વાંધો નથી, પરંતુ તેની સામે સલામત અને સુવ્યવસ્થિત અનુભવ આપવાની જવાબદારી પણ એટલી જ મહત્વની છે. પાસની સંખ્યા નક્કી કરતી વખતે મેદાનની વાસ્તવિક ક્ષમતા, ફૂડ કોર્ટની સુવિધા અને વાહનવ્યવહારની વ્યવસ્થા ધ્યાનમાં લેવી અનિવાર્ય છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599